સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૪ | અંક : ૫ | જુન - ૨૦૧૭



# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક સેમિનારની ઝલક



# ઘરશાળા

**જુન - ૨૦૧૭**
**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૪**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ £ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ £ |

**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org

## અનુક્રમ

| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| ધનનું ધન | મનુભાઈ પંચોળી / ૧૨ |
| જરૂર છે : વાલીઓ ખરી ભૂમિકા ભજવે | મનસુખ સલ્લા / ૧૩ |
| બાળગીત : સપનું | મિત્તલ પટેલ / ૧૬ |
| સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર | વનિતાબહેન વાછાણી / ૧૭ |
| સિસ્ટર નિવેદિતા | ગુલાબભાઈ જાની / ૨૦ |
| અધિકારીઓનો એકાધિકાર | રણછોડ શાહ / ૨૩ |
| સી.બી.એસ.ઈ. સ્કૂલનો મોહ શા માટે ? | ડો. અશોક પટેલ / ૨૫ |
| શિક્ષણનો વિષાદયોગ : ટ્યૂશન પ્રથા | ડૉ. મીતા એચ. થાનકી / ૨૭ |
| વ્હેલો - વ્હેલો જાગું.... | કિરીટ ગોસ્વામી / ૨૮ |
| કોઈ એક સ્કૂલનું નામ બોલો તો | અનિલ જોશી / ૨૯ |
| લર્નિંગ ડિલાઈટ સોફ્ટવેર દ્વારા ભાષા શિક્ષણ | પ્રવીણ કે. મકવાણા / ૩૦ |
| અસરકારક શિક્ષણનો નવો અભિગમ - સંરચનાવાદ | સંજય કોરિયા / ૩૨ |
| વસિયતનામું — એક કેળવણીકારનું | દિપકભાઈ પટેલ / ૩૪ |
| અદ્ભૂત વાર્તા : 'રજાચીઠ્ઠી' | ડૉ. વિષ્ણુ એમ. પ્રજાપતિ / ૩૮ |
| વિદ્યાર્થી આલમ | |
| જીવન જીવવાની કળા | ચૈતાલી હિરલ શાહ / ૪૦ |
| અધિકાર | કાકા કાલેલકર / ૪૦ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |

**"ઘરશાળા" શૈક્ષણિક માસિક**
**લેખક જોગ - વાચકો જોગ**
**લેખો, માહિતી, સૂચના**
**મોકલવા માટે ઈ-મેઈલ**
**gharashala@saraswatividyamandal.org**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## અસરકારક અધ્યાપન માટે ઊર્મિતંત્રનો વિકાસ

સંખ્યાબંધ વિષયશિક્ષણના અસરકારક પાઠો કરતાં થોડા, અતિ થોડા પાઠો વિદ્યાર્થીઓની લાગણી, ઊર્મિ અને ભાવનાઓના વિકાસાર્થે અપાય એ ઈચ્છનીય ખરું !

અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા, આખરે તો શિક્ષક અને શિષ્યો વચ્ચેની પરસ્પરની લાગણી અને ભાવનાઓ વચ્ચેની આંતરક્રિયા છે. વિષયનું જ્ઞાન અને માહિતીનું અસરકારક વિતરણ કરનાર શિક્ષકની તે પ્રત્યે અને વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રીતિ ન હોય, તેમની ભાવનાઓની પિછાણ ન હોય, કે રસરુચિ પેદા થતાં ન હોય, તો તેનું સઘળું અધ્યાપન કૌશલ્ય નિષ્ફળ અને નિરર્થક નીવડ્યું સમજવું.

શિક્ષણના ઘણા ઉદ્દેશો પૈકીના થોડા પણ સિદ્ધ કરવા માટેની પૂર્વ શરત એ છે કે, અધ્યેતાની લાગણી, સંવેદના ને કલ્પનાની ઓળખ કર્યા પછી તે ભાવનાઓને યોગ્ય પ્રતિપોષણ આપી, યથોચિત વિકાસ કરવાને દરેક શિક્ષકે સક્રિયતા દાખવવી જોઈએ.

જો શિક્ષક તરીકે આપણે ઘણા બધા શૈક્ષણિક સિદ્ધાંતો, મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ અને પ્રવિધિઓ તથા અતિ રસપ્રદ અને પ્રેરક અધ્યાપન ટેક્નિકો નહિ અજમાવીએ તો વાંધો નથી, પરંતુ વિદ્યાર્થીઓનાં કોમળ ઊર્મિતંત્રની ઉપેક્ષા કરી, તેની સહજ લાગણીઓને દાબી દઈશું, તો તે ચાલી શકશે નહિ. બાળકોની ભાવનાઓને કચડી નાખવાનો લગીરે અધિકાર શિક્ષકને મળેલો નથી.

અસરકારક અધ્યાપન કરી પોતાના બાળકોને જ્ઞાન, કૌશલ્યમાં નિપુણ બનાવવાની અપેક્ષા રાખનાર અધ્યાપકે પ્રથમ તો તેમના નાજુક ઊર્મિતંત્રને સંભાળીને, નિયંત્રિત કરીને વિકસાવવાની કોશિશ કરવી ઘટે.

## સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે

# વ્હાલુડી માવડીની દશા અને દિશા

*વર્ષો પહેલા એક કવિતા ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં હતી. "શાળા તું છે અમારી વ્હાલુડી માવડી". આ વ્હાલુડી માવડી આજે લે-તી-દે-તી ના ચક્કરમાં પડી છે. કેટલાંકના મતે માવડીને બે ટંક રોટલા પૂરતું જ અપાય. તો કેટલાંકના મતે માવડી તંદુરસ્ત અને બાળકોની સંભાળ રાખી શકે તેટલું તો આપવું જ જોઈએ. સરકાર કહે છે કે વૃદ્ધાશ્રમમાં જે ખર્ચ થયો હોય તે વ્યાજબી છે. આમ માવડીના મોલ (કિંમત) રૂપિયા, આના, પાઈમાં થવા લાગ્યા છે.*

*આ ખરેખર દુઃખદ પરિસ્થિતિ છે. તંદુરસ્ત સમાજમાં નવી પેઢીના ઘડતરમાં જે સિંહફાળો આપે છે તે શાળાઓને આપણે બજારુ સંસ્થા બનાવી ભાવતાલ કરતા થયા તે ખરેખર શરમજનક છે.*

*શાળાની માલિકી અને સંચાલન એ સમાજની સામૂહિક જવાબદારી છે. વેદકાળના આશ્રમો અત્યારે શક્ય નથી પણ દુનિયામાં એવા અનેક દેશો છે જેમાં શાળાનું સંચાલન, સુચારુ રૂપે સમાજ અને સ્થાનિક સંસ્થાઓ કરે છે. શાળાના મકાન, તેની જાળવણી, મરામત, શિક્ષણવ્યવસ્થા, શૈક્ષણિક સાધનો અને અન્ય સુવિધાની વ્યવસ્થા સામૂહિક રીતે સમાજ કે સ્થાનિક સંસ્થાઓ કરે છે. આપણે ત્યાં આ વ્યવસ્થા હતી. કાળક્રમે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં રાજકારણ પ્રવેશ્યુ. આપણા રાજકિય પક્ષો માટે દુઃખ સાથે કહેવું પડે છે કે આરોગ્ય-શિક્ષણની બાબતમાં રાજકારણ રમવાની ક્યા જરૂર છે ? આ રાજકારણે જ શૈક્ષણિક વ્યવસ્થાને લુણો લગાવ્યો. પરિણામે વેપારીઓ આવ્યા અને ફાવ્યા. આજે પણ ગુજરાતમાં એવી સંસ્થાઓ છે જે શિક્ષણનું કાર્ય ખૂબ જ નિષ્ઠાથી કરે છે. કમનસીબે આ સંસ્થાઓ લઘુમતીમાં આવી ગઈ છે. આ સંસ્થાઓનો અવાજ કોઈ સાંભળતું નથી. પરિણામે આજે શાળાઓ સંસ્કાર ઘડતરની સંસ્થાને બદલે ફેક્ટરીઓ બની ગઈ જ્યાં કોસ્ટ બેનિફિટ ઍનાલિસિસ કરવું પડે અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેના ખર્ચાઓનું વિશ્લેષણ કરશે. શાળા અંગેની નાણાંકીય બાબતોનો નિર્ણય સરકારી નુમાયન્દા કરશે તે પરિસ્થિતિ જ તંદુરસ્ત જવાબદાર લોકશાહી માટે શરમજનક છે. તેમ અમારું માનવું છે.*

*સમાજ એટલે કે આપણે સૌ આપણી રીતે સ્વાયતત્તા થી શાળાઓની વ્યવસ્થા કરી શક્યા નથી પરિણામે વેપારીઓ-સત્તાધીશો શિક્ષણ વ્યવસ્થા ઉપર હાવી થયા છે જે ભાવિ પેઢીના ઘડતર માટે મોટું જોખમ છે.*

*સૌ સાચા શિક્ષણપ્રેમીઓ જાગે...*

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# કોલસાનો બગીચો કાણાવાળા પતરા

રાત્રે શ્રી હરભાઈ અને રઘુભાઈ સરસ્વતીના વિકાસની વિચારણા કરતા મોડી રાત સુધી બેઠા હશે. પ્રશાંતને સુવાડવા તેની પથારીમાં પાસે સૂતી હતી. વિચારે ચડી ગઈ.

ત્યારે અમે બંને ઘરશાળામાં કામ કરતાં હતાં. પછી જ્યારે અમદાવાદ આવીને 'સરસ્વતી વિદ્યાલય' જેવી સરસપુર લત્તાની એક જ ભાંગી-તૂટી શાળાને બંધ ન પડવા દેવી, તેને ચાલુ રાખવી અને સરસ્વતી વિદ્યાલય ચાલુ રહે એ માટે ઘરશાળા છોડીને અમારે અને સરસ્વતી વિદ્યાલય ચાલુ રહે એ માટે ઘરશાળા છોડીને અમારે સરસપુર જવું, એ વાત જ્યારે શ્રી રઘુભાઈએ શ્રી હરભાઈ સમક્ષ મૂકી ત્યારે શ્રી હરભાઈએ કહ્યું, ''છેલ્લાં પાંચ વર્ષમાં તમે જે રીતે ઘરશાળાને વિકસાવી અને જે પ્રતિષ્ઠા ભાવનગરમાં મેળવી છે, પ્રતિષ્ઠા જામી છે, પરીક્ષાનાં પરિણામોમાં પણ ઘરશાળાનું નામ પહેલું રહ્યું છે, એ બધું જોતાં મને તો લાગે છે કે આપણે બંને ભેગા મળીને આ શાળાને કેળવણીની દૃષ્ટિએ એક આદર્શ શાળા બનાવીએ. આપણા બંનેની ભેગી મહેનત સરસ પરિણામ લાવશે. તમે ભાવનગર કાયમ રહી જાઓને.'' સરસપુરમાં કામ શરૂ કરતાં પહેલાં શ્રી હરભાઈએ પોતાના મનની વાત સમજાવી હતી. એમના વિચારો શાંતિથી કહ્યા હતા. પણ શ્રી હરભાઈએ જ્યારે એ જાણ્યું કે સરસપુરમાં આવીને ગરીબ બાળકોની સંસ્થાને સંભાળવી જ છે, એવો નિર્ણય જાણ્યો તે પછી રઘુભાઈના મનની ઇચ્છા તેઓ સમજી ગયા. પણ રઘુભાઈનો આ ગરીબ બાળકો સાથે જ કામ કરવાનો નિર્ણય જાણ્યો, એ જ દિવસથી શ્રી હરભાઈએ સરસ્વતી વિદ્યાલયના વિકાસમાં રસ લેવાનું શરૂ કર્યું તે જીવનના છેલ્લા દિવસો સુધી.

રઘુભાઈ સાથે પૂરી વાત થઈ, નિર્ણય જાણી લીધો, એટલે હરભાઈ કહે, ''જેમ ઘરશાળામાં હું તમારી સાથે હતો, એમ જ હું આજથી સરસ્વતીમાં તમારી સાથે છું. તમે એકાદ વર્ષ પછી જાઓ અને હું એકાદ વર્ષ અમદાવાદ જતો-આવતો સરસ્વતી વિદ્યાલયને સંભાળતો રહીશ.''

આ હતી મનની વિશાળતા. તે સમયથી શ્રી હરભાઈ મુક્ત મનથી સરસ્વતીના કામમાં અમારી સાથે જ રહ્યા હતા. ૧૯૪૪થી ૧૯૪૫ સુધી જ્યારે અમે ભાવનગર હતા ત્યારે જ્યારે તેઓ કોઈ કામે અમદાવાદ આવતા ત્યારે તેઓ સરસ્વતીની મુલાકાત લેતાં જ. પછી તો ધીરે ધીરે સરસ્વતીમાં જ ઉતારો કરી દીધો.

વરસાદની ઋતુમાં વધારે પડતાં પાણી ભરાઈ જતાં ત્યારે વર્ગમાં વિદ્યાર્થીઓને બેસવાના બે બાંકડાઓ એકઠા કરીને સૂઈ જતા. લક્ષ્મણ પણ એમની સંભાળ રાખતો. ૧૯૪૪થી ૧૯૪૫ સુધીમાં જે બે આચાર્યો આવ્યા હતા તેમને પણ માર્ગદર્શન આપી જતા. હા રઘુભાઈના આ પ્રોજેક્ટમાં આ ઉંમરે પણ નિર્જન. સો વર્ષ જૂની મિલના કમ્પાઉન્ડમાં કઠણાઈ લાગતી ન હતી.

કોઈ કોઈ વાર લક્ષ્મણ ભાખરી-શાક બનાવી દેતો ને એ હરિજન હતો એ એમને કદી યાદ ન આવતું. એ પણ દૂધના ગ્લાસ સાથે લહેરથી ખાતા. આમ પાછલા ૧૯૪૪-૪૫નું એક વર્ષ યાદ કરતાં ક્યારે ઊંઘી ગઈ એની ખબર ન પડી. પ્રશાંત તો ક્યારનો ઊઠીને નાનાભાઈ અને રઘુભાઈની વચ્ચે જઈને સૂઈ ગયો હશે એની યે ખબર ન પડી.

બીજે દિવસે સવારમાં હરભાઈ અને રઘુભાઈ ક્યારે ઊઠ્યા હશે એની તો ખબર ન રહી, પણ શાળાના કમ્પાઉન્ડમાં ફરતાં ફરતાં વાતો કરતા હોવા જોઈએ એવું લાગ્યું. એટલે હું પણ બહાર ગઈ, રઘુભાઈ હરભાઈ સાથે

વાત કરતા હતા.

**કોલસામાં બગીચો ?**

"જુઓ હરભાઈ, આ જૂના જર્જરિત મકાનને જરા રૂપાળું કરવા માટે આ બંને વીંગને ભીંતે ક્યારાઓ બનાવીએ અને ફૂલ-ઝાડ નાખીએ ? તો રંગબેરંગી ફૂલોથી શાળા શોભશે." રઘુભાઈએ કહ્યું.

હરભાઈ કહે, "મને પણ તમારા જેવો જ વિચાર આવેલો. તમે ઘરશાળાનો બગીચો કેવો સરસ બનાવેલ ? પણ મને ખાતરી હતી કે તમે આવશો ત્યારે વાતાવરણને સુંદર બનાવવા કંઈક કરશો જ. શાળા શોભશે જ, સાથે સાથે બાળકોનાં મન પણ પ્રફૂલ્લિત થશે."

"તો જુઓ, દીવાલની ભીંતે ભીંતે કરવાનો વિચાર છે." રઘુભાઈએ વાક્ય પૂરું ન કર્યું અને લક્ષ્મણ... બૂમ પાડી. એ તો તરત જ હાજર. "જો આ દીવાલને અડોઅડ ક્યારા બનાવવાનું શરૂ કરી દઈએ. શાળા ઉઘડે એ પહેલાં જ છોડવાઓ વવાઈ જાય તો ચોંટી પણ જશે. વરસાદ આવે તે પહેલાં પાણી પીવડાવવાનું ખરું." રઘુભાઈની સૂચના સાંભળતા જ લક્ષ્મણભાઈએ તો ક્યારા ખોદવાનાં સાધનો એકઠાં કરવા માંડ્યાં.

સાંજ થતાં તો શરૂઆત પણ કરી દીધી. રઘુભાઈ પોતાના સ્વભાવ પ્રમાણે જે કામ ચાલતું હોય એમાં જોતરાઈ જ જાય. લક્ષ્મણને ક્યારાઓ કરાવવા લાગ્યા. બીજે દિવસે સવારમાં પણ લક્ષ્મણે કામ શરૂ કરી દીધેલ.

આમ તો શાળામાં રજા હતી પણ સરસ્વતીમાં ઉનાળાની રજાઓ પડી ત્યારે ધીરેન અને તેનો મિત્ર કોઈ કોઈ વાર ૮થી ૧૨ની વચ્ચે શાળામાં આંટો મારી જતા. આજે પણ તેઓ આવ્યા, થોડીવાર આમ તેમ આંટા માર્યા ને રઘુભાઈ-લક્ષ્મણ ક્યારાઓ બનાવવા હતા ત્યાં આવીને ઊભા રહ્યા. થોડી વાર તો જોયા કર્યું.

"અરે દોસ્ત, ધીરેન આવ મોહન તું પણ આવ. બંને મદદ કરોને, જરૂર મદદ કરો. આ વિદ્યાલય તો સૌનું છે. આપણા સૌનું છે. એમાં તમને મદદ કરવાનો ઉત્સાહ આવે એ તો અમને બહુ ગમશે." રઘુભાઈનો જવાબ સાંભળતા જ બંને જણા મદદ કરવા લાગ્યા. બગીચાનું કામ કરતા જોઈને અમને થયું કે બાળકો હવે શાળામાં રસ લેતાં થયાં છે... બે-ત્રણ દિવસમાં તો ક્યારાઓ ખોદાઈ ગયા. "સર..." લક્ષ્મણ આગળ બોલે એ પહેલાં જ રઘુભાઈએ તેને અટકાવ્યો, "ભઈ હવે તું મને સર... સર... કહેવાનું છોડીશ ? લક્ષ્મણ મારું નામ રઘુભાઈ છે, સર નહીં."

"સારું સર... હવેથી રઘુભાઈ કહીશ હો..." લક્ષ્મણે કહ્યું.

ધીરેન અને મોહન પણ ત્યારથી "રઘુભાઈ" કહીને બોલાવતા અને મને બેન કહીને બોલાવતા. જોતજોતામાં માટી ખાતરથી ક્યારાઓ ભરાઈ ગયા. મોગરો, ગુલાબ, પીળી અને ગુલાબી કરેણ, ગલગોટા આમ છોડવાઓ આવી ગયા. છોડવા વાવવાનું કામ રઘુભાઈએ પોતે જ કર્યું. કોઈથી કદાચ મૂળ તૂટી જાય તો ? એવી દહેશત મનમાં ખરી. ઑફિસમાં બેસાવને બદલે રઘુભાઈ બગીચામાં કામ કરે અને શ્રી હરભાઈ ખુરશી નાખીને જુએ. વચ્ચે વચ્ચે અમારી પાસે આંટો પણ મારે. મનમાં ને મનમાં હું ઈશ્વરનો આભાર માનતી હતી કે અમે અહીં શાળાના કમ્પાઉન્ડમાં જ રહેવા આવ્યાં તે જ યોગ્ય થયું છે. બે-ત્રણ દિવસ તો છોડવાઓ નમી ગયેલા ત્યારે અમે ડરી ગયાં હતાં. કદાચ છોડવાઓ મરી ગયા કે શું ? પણ પાંચમે દિવસે છોડવાઓ ટટ્ટાર થવા લાગ્યા.

"બગીચાને લીધે શાળાની શોભા જરૂર વધશે." વારંવાર આ વિચાર આવતો. સવારે ઊઠીને ચા પીતાં પહેલાં જ રઘુભાઈ તો દરેક છોડવાની ખબર કાઢવા જઈ આવે. 'કમોસમનું એકાદ ઝાપટું વરસી જાય તો ?' લક્ષ્મણથી બોલી જવાયું. પણ એમાં આપણું શું ચાલે ? આપણે પાણી પીવડાવવાનું જ. ઑફિસનું કામ ચાલતું અને બીજા અનેક કામો જે પહેલાં નહોતા થયાં એ પત્રકોનાં કામો ચાલતાં હતાં. ત્યાં એકાએક જાણે લક્ષ્મણના મનની ઇચ્છા ફળી, જૂનમાં વરસાદ આવે એ પહેલાં જ વાદળો

વરસી ગયાં. વળી સાંજના બે કલાક તો વરસાદ જોરમાં વરસી ગયો.

"લક્ષ્મણ, બગીચાનું કામકાજ લગભગ પૂરું થયું અને હવે આપણે વર્ગોની સાફસફાઈનું કામ ધીરે ધીરે શરૂ કરવું જોઈએ." રઘુભાઈએ ઑફિસનું કામ કરતાં કરતાં જ સૂચના આપી. બીજે દિવસે સવારે ઑફિસનું કામ શરૂ થયું અને લક્ષ્મણે વર્ગોની સાફસફાઈ શરૂ કરી. શાળા ખૂલતાં પહેલાં બે વખત સફાઈ કરવી પડશે. લક્ષ્મણ ૧૦ મિનિટમાં જ પાછો આવ્યો. "રઘુભાઈ સાહેબ! બગીચાને પાણી મળ્યું પણ આપણા ઓરડાઓની અંદરની હાલત તો જુઓ." ઑફિસનું કામ છોડી અમે વર્ગોમાં ગયા. વર્ગોમાં પાણી લાંબો સમય પડે તો છબછબિયાં પણ થાય. પાણી-પાણી દરેક વર્ગમાં પાણી. પણ આમ કંઈ પરિસ્થિતિથી હારી જવાય? ચોમાસું તો દર વર્ષે આવવાનું જ છે. "રસ્તો કાઢવો પડશે હોં સાહેબ?" લક્ષ્મણે કહ્યું.

"લક્ષ્મણ" વળી રઘુભાઈએ તેને બોલાવ્યો. "આપની પાછળ જ છું." રઘુભાઈ જેવા શાળામાં રાઉન્ડ લેવા નીકળે કે તરત જ લક્ષ્મણ એમની સાથે જ હોય.

**કાણાંવાળા છાપરાંઓ**

"તું કોઈ કલાઈવાળાને ઓળખે છે, લક્ષ્મણ?" એમણે પૂછ્યું, "કલાઈવાળાનું શું કામ પડ્યું?"

"અરે જો તો ખરો લક્ષ્મણ હમણાં રઘુભાઈના મગજમાંથી કંઈક એવો વિચાર બહાર આવશે કે તું ખુશ થઈ જઈશ." હરભાઈની વાતથી ત્યાં ઊભેલા સૌ ખડખડાટ હસી પડ્યા.

"આ છાપરાનાં કાણા એને દેખાડીએ." તેઓએ વાતની સ્પષ્ટતા કરી. બીજે દિવસે લક્ષ્મણ કલાઈવાળાને તેડી આવ્યો. "જુઓ સાહેબ, કલાઈવાળાભાઈ."

"સાહેબ મારું નામ સલીમ છે."

"હા સલીમભાઈ! આ સામેના ઓરડાઓ છે ને? એ બધા બાળકોને ભણવા બેસાડવાના વર્ગો છે."

"હવે એના ઉપરનાં છાપરાઓમાં કાણા પડ્યાં છે. આ છોકરાંઓ ભણતાં હોય અને વરસાદ આવે ત્યારે આ કાણાઓમાંથી પાણી આવે ને?" રઘુભાઈએ પૂછ્યું.

"હાસ્તો સાહેબ - પાણી તો પડે જ." સલીમભાઈએ કહ્યું.

"છોકરાઓ પલળે તેમની ચોપડીઓ પલળે ખરું ને? પછી માંદા પડે."

"તો પછી તમે ઉપર જઈને કાણાઓ જુઓ. આ બધાં કાણામાં કલાઈ પૂરી તે પૂરી દેવાનાં છે. પતરાં મજબૂત બનાવવાનાં છે. જોઈ લ્યો કામ કરવાની ઇચ્છા હોય તો કાણા ગણી લેજો. બે વીંગ છે. તમને ઠીક લાગે તે પ્રમાણે પૈસા લેજો."

સલીમભાઈનું મોઢું તો ક્યારનું ય હસું હસું થતું હતું પણ હવે હસી પડ્યા.

"ખરો વિચાર કર્યો હો સાહેબ" સલીમભાઈએ કહ્યું. "પણ સલીમભાઈ જેટલું સારું કામ કરશો એટલા આ ગરીબ બાળકોના આશીર્વાદ તમને મળશે. અલ્હાની દુઆ, સમજ્યાને?"

રઘુભાઈની વાત સાંભળીને કહે, "ખરા છો સાહેબ, પણ તમે કલાઈના પૈસા આપજો ને મજૂરી જે ઠીક લાગે તેટલી."

બધું નક્કી કરીને તેઓ ગયા. બીજે દિવસે કલાઈ લઈને સલીમભાઈ ઉપર ચડ્યા તે ઠેઠ સાંજે ઊતર્યાં. આમ ત્રણથી ચાર દિવસમાં છાપરાંઓનાં બધા કાણા કલાઈથી સંધાઈ ગયાં. "સાહેબ કામ પૂરું" રઘુભાઈ છાપરા પર ચડ્યા અને કામ જોઈ લીધું. સંતોષ થયો. કાણાના હિસાબ પ્રમાણે પૈસા અને જેટલા દિવસ થયા તેની મજૂરી આપી. સલીમભાઈ, "ચા પીને જાઓ." લક્ષ્મણ ચાના કપ લઈને ઊભો જ હતો. ચા-નાસ્તો થયાં અને સૌ છૂટાં પડ્યાં.

આમ કલાઈએ અમારાં બાળકોને ભીના થતા બચાવી લીધા.

"લ્યો રઘુભાઈ, આ તમારું પહેલું ઉનાળાનું વેકેશન છે - એમાં બે પ્રોજેક્ટ તો લગભગ થઈ ગયા - બગીચો

અને છાપરામાં કલાઈ.'' હરભાઈએ શાબાશી આપી.

''હરભાઈ સાહેબ'' યુવાન શિક્ષક મનુભાઈ બોલી પડ્યા. ''હરભાઈ સાહેબ, આ થેલો જોયો. રજા પડવાના દિવસે ''જ્ઞાનગંગા''ની વાત પ્રાર્થનામાં રઘુભાઈએ કરેલી. મારા મિત્રે આટલાં બધાં પુસ્તકો રજામાં બાળકો વાંચે તે માટે ભેટ આપ્યાં છે. રઘુભાઈ સાહેબે બાળકોને ખૂબ વાંચવાની સલાહ આપી છે.

**નાનકડું મીની પુસ્તકાલય**

અમે ચા-નાસ્તો કરીને છેલ્લે ઉનાળાની રજાઓમાં છૂટાં પડ્યાં ત્યારે અમને સૌને પણ એજ વિનંતી કરેલી. ''બાળકોને અજ્ઞાન જીવનમાંથી બહાર કાઢીને નવા જમાનાનો પરિચય કરાવવો એ એક શિક્ષણનો અગત્યનો ભાગ છે. વાંચન, વિજ્ઞાન, ભાષા, સામાજિક સેવાઓ, ઈતિહાસ વગેરેનું વિશાળ વાંચન ઉપયોગી બનશે.' રઘુભાઈની આ વાત મારા મનમાં બરાબર વસી ગઈ છે અને મારાથી થયા એટલાં પુસ્તકો હું મેળવ્યા કરીશ. ટૂંકમાં મનુભાઈએ પોતાના મનની બધી જ વાત શ્રી હરભાઈને કરી તેથી ખાવા-પીવાની ટેવો, કપડાં ચોખ્ખાં રાખવાની વગેરે કેટલીક એવી ટેવો છે જે ખર્ચા વિના બદલી શકાય છે.

મનુભાઈના ખભે હાથ મૂકી શ્રી હરભાઈએ તેમને અભિનંદન આપ્યા : ''મનુભાઈ સારા કામમાં તમે સમજણપૂર્વકનો રસ લ્યો છો મનથી તેમાં ભળી ગયા હોવાથી પરિણામ સરસ આવશે.''

''જુઓ મનુભાઈ, પેલો મોટો રૂમ છે ને, છેલ્લો, તેમાં પુસ્તકો ગોઠવો. ધીરેન-મોહન બંને તમને મદદ કરશે.'' રઘુભાઈએ કહ્યું.

ત્રણેય બાંકડાઓને સરસ રીતે ગોઠવીને પુસ્તકો ગોઠવ્યાં. રઘુભાઈએ ઑફિસમાંથી તાત્કાલિક એક કબાટ પુસ્તકો મૂકવા આપ્યું.

''રઘુભાઈ, હું અઠવાડિયામાં ત્રણ-ચાર વાર બે કલાક આવીશ.'' મનુભાઈના અવાજમાં ભાવના હતી. ''તો તો વળી સોનામાં સુગંધ ભળી. વળી વધુ પુસ્તકો આપનારાઓ પણ નીકળશે.''

આમ રજાઓમાં અમારું મીની પુસ્તકાલય શરૂ થયું.

જે છોકરાઓ એનો સમજપૂર્વક ઉપયોગ કરતા તેમના મોંના હાવભાવ-ચાલમાં બધામાં ફરક પડતો હતો. એ જોઈને અમારા મનમાં ઊંડા સંતોષનો અનુભવ થતો. આ ''રજાની લાઈબ્રેરી''ની અસર શાળામાં દેખાતી હતી. પણ રજાઓ પૂરી થાય એ પહેલાં અમને ઘણાં પુસ્તકો ભેટ મળી ગયાં. આ પ્રવૃત્તિ પણ અમે સરસ્વતીના મકાનમાં રહેવા આવ્યાં હતાં તેનું જ પરિણામ હતું.

શ્રી હરભાઈને આવ્યાને ઠીક ઠીક સમય થઈ ગયો એટલે હવે ભાવનગર પાછા જવા ઉપડ્યા. ભાવનગરમાં પણ મિટિંગો, બીજી બહેનો-ભાઈઓ, મારા બા સૌ એમની રાહ જોતાં હતાં જ.

''નાનાભાઈ (અમે ભાઈ-બહેનો હરભાઈને નાનાભાઈ કહેતા) થોડું રહી જાઓને.'' મેં વિનંતી કરી.

તેઓ અમને છોડીને જતાં રહે એ તો મને જરાય ન ગમતું. પાછું મેં કહ્યું, ''ઉતાવળ શું છે ?''

''બેન, ૧૦ દિવસ પછી પાછું નીકળવું જ પડે એમ છે. તારા બાનો ચિંતાખોર સ્વભાવ તું જાણે જ છે ને. મુંબઈની મિટિંગો તો સરકારી હોવાથી મારી વાતો ગળે ઉતારવા જેવી જ છે. વળી આ છાપરામાં કલાઈ, બગીચો, પુસ્તકાલય આ બધા સમાચાર પણ આપવા પડશે ને ?'' હરભાઈએ કહ્યું.

''કાંઈ નહીં હવે આવો ત્યારે બાને લેતા આવજો.'' રઘુભાઈની વિનંતીથી મને સંતોષ થયો. નાનાભાઈની ટ્રેન ઊપડી ગઈ.

કમ્પાઉન્ડમાં અમે ગયાં ત્યારે ધીરેન-મોહન અમારી રાહ જોતા હતા. રૂમની ચાવી લીધી અને બીજા વિદ્યાર્થીઓને લઈને કામ શરૂ કર્યું. નાનકડું પુસ્તકાલય સૌને ગમવા લાગ્યું. મનુભાઈ પણ હાજર થઈ ગયા.

પછી અમારું વળી પાછું ઑફિસનું કામ તો ઢગલો હતું. જૂના રેકોર્ડ મળતા નહતા. જે મળ્યા એને વ્યવસ્થિત

કરી ફાઈલ કરીને સાચવ્યા.

ઉનાળાની રજાઓ પૂરી થવાને હવે માંડ-૮-૧૦ દિવસ રહ્યા હતા. ઉપરના વર્ગના વિદ્યાર્થીઓનું ધ્યાન વધારે રાખવું પડે એમ હતું. અમારા હાથમાં જ્યારે શાળા આવી ત્યારે મકાનની હાલત કરુણાજનક હતી. ટૂંકમાં કહું તો એના કરતાં ઘોડાના તબેલાઓ બહેતર હોય છે. સંખ્યાની વાતો પણ એવી જ. રજિસ્ટર પરની સંખ્યા અને વાસ્તવિક હાજરીમાં મોટો ફેર. ૧૫૦ બાળકો રજિસ્ટરમાં પણ રિસેસ પછી તો માંડ ૫૦ બાળકો હોય. છેલ્લા સમયમાં તો કદાચ ૧૫-૨૦ બાળકો હોય, આ વાત ઉપર ખૂબ જ ધ્યાન આપવું પડે એમ હતું.

સદ્ભાગ્યે ૧૦મીના વર્ગમાં આ વખત પ્રવેશ લેનાર વધ્યા હતા એટલે અમારી ઓરડીની પાસેનો વર્ગ મોટો હતો તેથી અમે વિચાર્યું તે ૧૦મીના વર્ગને રૂમ આપવો. વળી એ વર્ગ ઉપર થોડું ધ્યાન પણ રહે. નવા એડમિશનવાળા બાળકોને બેસાડવા માટે થોડો મોટો રૂમ હતો તે જોવા ગયાં.

**અંધારિયો રૂમ**

અમારી ઓરડીની સાથેનો રૂમ હતો એમાં આ વધારે સંખ્યાવાળા વર્ગને બેસાડવો એવું અમે વિચાર્યું. એ વર્ગને આગળ બારી હતી. પણ સામેની દીવાલમાં બારી ન હોવાથી રૂમમાં અંધારું વધારે રહેતું હતું. બ્લેકબોર્ડ ઉપર શિક્ષક જે કાંઈ લખે એ વાંચી શકાતું ન હતું. “હવે શું કરવું ?”

અમે વિચારમાં પડી ગયા. કંઈક રસ્તો તો કાઢવો જ પડશેને ? રઘુભાઈ એકલા એકલા બોલતા હતા અને વિચાર કરતા હતા.

રઘુભાઈ, હું લક્ષ્મણ ત્રણેય રૂમમાં જ હતાં. ઑફિસમાં કામ કરતા ભાઈ પણ આવ્યા. ચુનીલાલ પટેલ પોતાની ઑફિસે જતાં જતાં અમને “હલ્લો” કરવા આવતા. એમને અમે અમારી મૂંઝવણની વાત કરી. “લ્યો સાંજે આવું ને ત્યારે કંઈક રસ્તો કાઢીશું.” પણ રઘુભાઈને તો હમણાં જ રસ્તો કાઢવો હતો. આખરે એમને એક વિચાર આવી ગયો.

“આ સામેની દીવાલમાં એક બારી મૂકી હોય તો ?” રઘુભાઈએ કહ્યું.

“તો મ્યુનિસિપાલિટીની મંજૂરી મેળવવી પડે ને ?” પાછો એવો વિચાર આવ્યો. પણ એવી મંજૂરી મેળવતા તો દિવસો નીકળી જાય. એ કેમ પોષાય ? ૮-૧૦ દિવસમાં તો અહીં વર્ગ બેસાડવાનો છે. આ રૂમમાં અંધારું થવાનું શરૂ થાય એ પહેલાં આપણે દીવાલ બારી જેટલી તોડી નાંખીએ તો ?” તેમણે પૂછ્યું.

“મને તમારો વિચાર ગમી ગયો છે. આ જૂના મકાનને કોણે ક્યારે જોયું
હશે ? આપણે બારી બનાવી કાઢીએ અને ઉપર ચૂનો પણ લગાવી દઈએ” મારી વાત એમને ગમી ગઈ.

“લક્ષ્મણ, સરસપુરના કોઈ કડિયાને તું ઓળખે છે ? જો મળે તો જોઈ આવ.” “હમણાં આવ્યો સર.” કહી લક્ષ્મણ ગયો. એક કડિયાને બોલાવી લાવ્યો. તેને લક્ષ્મણ થોડું ઓળખતો હતો.

અમે જે રૂમમાં દીવાલ તોડી બારી મૂકવાનો વિચાર કર્યો હતો ત્યાં લઈ ગયા અને બધું સમજાવ્યું. પણ કામ આપણે સાંજે શરૂ કરીને બીજે દિવસે ૧૦ વાગ્યા પહેલા પૂરું કરવું છે જેથી મજૂરીનો પ્રશ્ન ઊભો ન થાય. કડિયાભાઈ સમજી ગયા.

“સાહેબ, મારી પાસે એક જૂની બારી છે. મોટી છે. એ તમને જરૂર ફીટ કરી દઉં. તમે દીવાલ તો તોડાવી રાખો. હું સવારમાં વહેલો ૬ વાગ્યામાં આવીશ. બનશે તો ૬થી યે વહેલો પહોંચવાનો પ્રયત્ન કરીશ.” એમ કહીને પછી તેણે પેલી બારીનાં માપનાં નિશાન કરી આપ્યાં. “આપની પાસે નવી બારીનો ભાવ બહુ નહીં લઉં.”

સાંજ થવા આવી. હવે લોકોની અવર-જવર ઓછી થઈ. જમીને કોશ, પાવડો, તગારું લઈને એ રૂમમાં ગયો. હું રૂમમાં પહોંચું એ પહેલાં તો રઘુભાઈએ ધીરે ધીરે કોશથી

બે ચાર ઈંટો કાઢી નાખવાનો પ્રયત્ન શરૂ કરી દીધો. હું ગઈ, પહેલી બે-ચાર ઈંટો તોડવાનું કામ અઘરું હતું. ધીરેધીરે કોશ મારવાની હતી. હા...શ... આખરે ચાર-પાંચ ઈંટો ઉખેડી કાઢી. હવે બીજી ઈંટો તોડવી સહેલી પડશે. મેં રઘુભાઈને કહ્યું. એમણે કહ્યું, " આ સો વર્ષ જૂની મિલની ભીંતો તો જુઓ ! કેટલી પહોળી છે ? "ખરેખર દીવાલ પહોળી હતી." થોડા સમય પછી રઘુભાઈના હાથમાંથી કોશ મેં લીધી. "ચાલો હવે મને થોડું કામ કરવા દો." મેં ધીરે ધીરે એક એક ઈંટ પાડવા માંડી. કડિયાએ કરી આપેલી નિશાની સુધી પહોંચવાનું હતું. મને તો દીવાલ તોડવાના કામમાં મજા પડી ગઈ.

"મહાત્મા ગાંધી યુવાન છોકરાં-છોકરીઓને જમીન ખોદવાનું કામ સોંપતા ત્યારે ત્રિકમ વાપરવો પડતો. પણ સમય ઘણો થઈ ગયો."

દોઢેક કલાક કામ થયું ત્યાં લક્ષ્મણ આવ્યો. "બેન, હવે મને તો તોડવા દો. મારા હાથ થાક્યા હતા એટલે પછી કોશ એને આપી દીધી. હાશ, અજવાળું થશે તો વિદ્યાર્થીઓને ભણવાની મજા પડશે. મારા મનમાં વારંવાર આ વિચાર આવતો. કાણું જેમ જેમ મોટું થતું ગયું તેમ તેમ અમારો ઉત્સાહ વધતો જતો હતો. લક્ષ્મણે બે-પાંચ કોશ ઉત્સાહમાં ને ઉત્સાહમાં એટલા જોરથી મારી કે તેના હાથ ઉપર વાગી ગયું. લોહી નીકળવા માંડ્યું. રઘુભાઈ એને પાટો બાંધવા ઑફિસમાં લઈ ગયા. અને ફરી કોશને હાથમાં લીધી. ૮-૧૦ ઈંટો પાછી નીકળી. ત્યાં તો રઘુભાઈ આવી ગયા.

આમ વારાફરતી વારાફરતી અમારી મહેનત ચાલુ રહી, અને બંનેને રીસેસ પાડવાની જરૂર લાગી. 'લક્ષ્મણ તું જમીને પાછો આવ પણ બેસજે. કામ કરવાની જરૂર નથી.' તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને બોલ્યો, "જ્યારે કામ કરવાની જરૂર છે ત્યારે જ મેં વગાડ્યું."

"અરે દોસ્ત, એમાં ચિંતા શું ? આપણને યાદ રહેશે કે દીવાલ તોડતાં લક્ષ્મણને વાગેલ." પછી એ હસી પડ્યો. થાક ઓછો થાય એટલે પાછા ઊઠીને કામ શરૂ. સમયની મર્યાદા (દિવસ પડે તે પહેલાં) હોવાથી થાકનો ઝાઝો વિચાર કરવાનું બનતું જ નહીં.

કડિયાની નિશાની પાસે અમે આવવા લાગ્યા. હવે તો રાતના ત્રણ વાગી ગયા હતા. અમે વિચાર કર્યો કે વાંકીચૂંકી દીવાલને કડિયો પોતાની હથોડીથી જરૂર ઠીક કરી લેશે. લગભગ ૪થી ૬ બે કલાક ઊંઘી જઈએ એમ વિચારીને એ જ ઓરડામાં પથારી કરીને લંબાવ્યું. ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ભરઊંઘમાં હતાં અને અમે અવાજ સાંભળ્યો.

"સાહેબ, હું કડિયો." તે તો પેલી જૂની બારી લઈને ઊભો હતો. હજુ તો ૬ વાગ્યા ન હતા પણ એ આવી ગયો. અમે તરત જ ઊભાં થઈ ગયાં અને રાજી પણ થઈ ગયાં.

પથારી ઉપાડીને હું અંદર ગઈ. લક્ષ્મણ પણ તરત જ ઊભો થઈ ગયો : "હું હવે કડિયા પાસે રહું છું તમે જાઓ." લક્ષ્મણે કહ્યું.

"ચાલો ત્યારે જશીબહેન. હવે આપણાં સૌ માટે ચા બનાવો, કડિયાભાઈ વહેલા આવ્યા છે ને ?" રઘુભાઈએ મને ચા બનાવવા કહ્યું. "કડક બનાવજો."

ઘરમાં જઈને સ્ટવ સળગાવવા લાગી તો... તો ? શું થયું ? મારા હાથને કેમ દુ:ખે છે ? મેં હાથમાં જોયું તો હાથ દુ:ખતા ન હતા. હથેળી અને આંગળા ઉપર ફોલ્લે ફોલ્લા થયા હતા. સ્ટવને પંપ કરી શકાતું ન હતું. બીજા હાથમાં જોયું તો એ જ હાલત. ત્યાંથી ચામડી પણ ઊખડી ગઈ હતી. સ્ટવ સળગાવી દેવા માટે મેં ધીમેથી લક્ષ્મણને બોલાવ્યો. મેં એને ચૂપચાપ ચા બનાવવા કહ્યું અને મારો હાથ અને આંગળીઓ બતાવ્યાં.

"ઓ બાપ રે, બેનનાં આગળાં અને હથેળીમાં ફોલ્લે ફોલ્લા છે, એમનાથી જોરથી બોલાઈ ગયું. "રઘુભાઈ બેનના હાથ તો જુઓ." જોરથી ન બોલવા મેં એને નિશાનીથી સમજાવ્યો. પણ એનો અવાજ સાંભળીને

રઘુભાઈ રસોડામાં આવ્યા એટલે શું છુપાવવું ? હસતાં હસતાં મેં એમને બંને હાથ બતાવ્યાં, ‘‘ચિંતા ન કરો, ચામડી ઉપર કોશ ઘસાણી હોય ને ?’’ રઘુભાઈએ સામેથી જ પોતાના બંને હાથ ચત્તા કર્યા. એમના પણ બંને હાથમાં ફોલ્લાઓ એટલા જ હતા જેટલા મારા હાથમાં, અમે બંને પેટ પકડીને ખૂબ હસ્યા. હસવું માંડ માંડ બંધ થયું ત્યાં સુધી હસ્યા કર્યું. લક્ષ્મણને પણ હવે તો હસવું આવવા માંડ્યું.

‘‘આપણે ત્રણેયે હાથમાં ઘરેણાં પહેર્યાં નહીં ?’’ મેં લક્ષ્મણને વધારે હસાવ્યો.

મેં કહ્યું, ‘‘લક્ષ્મણ’’

‘‘સરસ્વતી ઝિન્દાબાદ’’

‘‘હા બેન, ઝિન્દાબાદ’’

રઘુભાઈ કહે, ‘‘હીપ હીપ હુરે... કામ સફળ’’

આમ બારી બની ગઈ એનો આનંદ અમે સ્ટવ પાસે ઊભા ઊભા માણતા હતા. લક્ષ્મણ કડિયા માટે ચા લઈ ગયો. કડિયાએ વચન પાળ્યું. ૧૦ વાગતા બારી પૂરી થઈ.

‘‘કડિયાભાઈ, અમારી સ્કૂલ ઝિન્દાબાદ બોલ ભાઈ.’’ આમ પછી તો એ લાઈનમાં બધાં રૂમમાં બારીઓ થઈ.

બારી થઈ ગઈ. વર્ગમાં અજવાળું થઈ ગયું.

અમે બારીને અને અજવાળાને જોતાં જોતાં ક્યાંય સુધી ઊભાં રહ્યાં.

---

## ધનનું ધન

**મનુભાઈ પંચોળી**

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રોકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્‌ભૂત શોધો માણસે કરી છે. પણ છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે, તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્ર વિસ્તરશે, ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

એટલે બાલશિક્ષણનું કામ એ ધાર્મિક કામ છે, ને બાલશિક્ષકો શાંતિ-સૈનિકો છે. આવું કામ કરનારા શિક્ષકો ભાર આદરને પાત્ર છ. કારણ ક સમાજના સ્વાસ્થ્ય ને સુખ માટ તેઓ પાયાનું કામ કરી રહ્યા છે.

આપણાં ધન, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે જો આપણે બાલમંદિરો તરફ જોતાં, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ, તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણ કે ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે, અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

કેળવણીનું ધ્યેય આમ તો સનાતન છે : વિદ્યાર્થીને માણસ બનાવવો. રૂસોએ સુયોગ્ય રીતે જ કહ્યું છે કે, ‘‘મારો વિદ્યાર્થી લશ્કરમાં, દેવળમાં કે ન્યાયાલયમાં જશે, તે મને બહુ સ્પર્શતું નથી; પહેલાં તે માણસ થશે.’’ આનો અર્થ સ્પષ્ટ છે કે જે સારો માણસ નથી તે સારો સિપાહી, સારો ધર્મગુરુ કે સારો ન્યાયાધીશ ન થઈ શકે.

પણ આખરે તો આ સારપ કોઈ ને કોઈ રીત અમુક સમય કે સ્થળમાં મૂર્તિમંત થવાની હોય છે. કેળવણીના સિદ્ધાંતો સાચા હોય તોપણ તેને કાર્યરત તો યુગની માંગ પ્રમાણે જ કરાય. તેમ ન થાય તો ઉત્તમમાં ઉત્તમ વિચાર નિષ્પ્રાણ કે ભ્રામક કાર્યક્રમોમાં પડ્યો રહે. સનાતન સત્યે યુગધર્મમાં પરિવર્તિત થવું જ જોઈએ.

ગઈ સદીનાં કેટલાંય દૃઢ મનોબળવાળાં, સહજ તપ કરવાવાળાં સ્ત્રી-પુરુષોનાં હૃદયસ્પર્શી શબ્દચિત્રો શ્રી મુકુન્દરાય પારાશર્યે આપ્યાં છે. એ વાંચતાં ઘણી વાર હું ગદ્‌ગદ્ થયો છું. પણ હરક વાચને મને થયું છે કે, આવાં ધાર્મિક સ્ત્રી-પુરુષો હોવા છતાં આ દેશ ગુલામ કેમ બન્યો ? અહીં અસ્પૃશ્યતા શા માટે ? અહીં સતીનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સ્ત્રીઓને તુચ્છ ગણવાનો ચીલો કેમ ? શા માટે આ ધાર્મિક પુરુષો કે સ્ત્રીઓનું ધ્યાન એ બાજુ ન ગયું ?

અને ગાંધીએ એ જ તપ અને ધર્મવૃત્તિનું આચરણ કર્યા છતાંયે, એ જ ગુલામી અને દૂષણો સામે શા કારણે બળવો કરતાં શીખવ્યું ? તેનું સાદું કારણ ધર્મના સનાતન અને નૂતન યુગાનુકૂળ સ્વરૂપ વિશે તેમની સ્પષ્ટ સમજ હતી, તે લાગે છે.

# જરૂર છે : વાલીઓ ખરી ભૂમિકા ભજવે

**મનસુખ સલ્લા**

સેટેલાઈટ, અમદાવાદ.

સરકાર આજે શિક્ષણ સુધારણા અંગેની ઘણી જાહેરાતો કરે છે, પરંતુ તેનો પરિઘ પરીક્ષા, અભ્યાસક્રમ અને વહીવટ સુધી મર્યાદિત હોય છે. કંઈક અસામાન્ય બને ત્યારે આશ્વાસનરૂપે કેટલુંક કહેવાય છે, દેખાવ માનવઘડતરનું અસરકારક અને સૌને સ્પર્શતું માધ્યમ છે એ રૂપે જોવાતું નથી. શિક્ષણને વહીવટરૂપે જોવાય તો સપાટી ઉપરનું અતિ અલ્પ કામ જ થાય. એટલે મૂળે તો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. રાષ્ટ્ર માટે જરૂરી એવા અનેક સ્થૂળ કાર્યક્રમોનું પરિણામ થોડા વખતમાં સામે આવે છે. તે બતાવી - ગણાવી શકાય છે. પરંતુ શિક્ષણનું પરિણામ બાર-પંદર કે વીસ વર્ષે આવે છે. લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય પણ તેમાં ટોચ પરના પાંચ-દસ હજારની નોંધ લેવાય છે. તેમની સફળતાને આધારે ગુણવત્તાનો સંતોષ લેવાય છે. પરંતુ લાખો વિદ્યાર્થીઓમાં જે અપાર શક્યતા હતી તે વણવિકસિત રહી એ રાષ્ટ્રીય ખોટ તરફ વહીવટકર્તા કે વાલીઓનું ધ્યાન જતું નથી.

એક કાળે વહીવટકર્તાઓ શિક્ષણમાં પ્રયોગ કરનાર, નિષ્ઠાવાન શિક્ષણ વિદોની સલાહ લેતાં, તેમનાં સૂચનોને ગંભીરતાથી લેતા. આજે એ સંબંધ તૂટી ગયો છે. મોટાભાગના નિર્ણયો અધિકારીઓ જ લે છે. તેઓ સર્વજ્ઞતાના બોજથી પીડાતા હોય છે. દેખાવ પૂરતા થોડી શાળાઓના સંચાલકોને શિક્ષણવિદ ગણીને સલાહ માટે બોલાવે છે. પરંતુ આવા સંચાલકો સ્વહિતથી બધ્ધ હોય છે. તેમને તમામ બાળકોના સર્વાંગી વિકાસની ચિંતા ભાગ્યે જ હોય છે. એટલે બહારથી બધી પ્રક્રિયા સચવાય છે. પરંતુ આખી પ્રક્રિયાને લૂણો લાગતો જાય છે. તે પરખાતું નથી. શિક્ષકો પોતાને ભાગે આવતો વિષય ભણાવવો, એ અંગે વર્ગખંડમાં બોલી આવવું એટલી મર્યાદિત ફરજ સ્વીકારીને ચાલે છે.

આ સ્થિતિમાં સૌથી વધુ બીચારાં વાલીઓ છે. વાલીઓને પોતાના સંતાનના ભવિષ્યની ચિંતા છે અને શું કરવું જોઈએ એ અંગે એકાકી હોવાની મજબૂરી અનુભવે છે. એકથી દસ ધોરણ સુધી તો વાલીઓ પ્રમાણમાં નિરાંતમાં હોય છે, પરંતુ અગિયાર-બાર ધોરણ સંતાન કરતાં વાલીઓની વધુ કસોટી કરનારાં હોય છે. તેઓ ત્રણ પ્રકારની મર્યાદાઓથી ઘેરાયેલાં હોય છે.

(૧) પોતાના નિર્વાહ માટે કામગીરી કરવી. પતિ-પત્ની બંને કામ કરતાં હોય તો બંનેની અપેક્ષાઓના વિસ્ફોટ અને વ્યક્તિત્વનો અહંકાર પ્રેરિત ખ્યાલ તેમના સંબંધોમાં તાણ ઊભી કરે છે. (૨) શાળાઓ ખાસ કાંઈ કરતી નથી માટે વાલીઓ ટ્યૂશન ક્લાસ તરફ વળે છે. એવી આશામાં કે ટ્યૂશન ક્લાસ માર્કસ માટે જરૂરી બધું શીખવી દેશે. એટલે વ્યક્તિત્વ ઘડતર કરનારી સારી શાળા છોડીને જેમાં હાજર રહેવું ન પડે એવી નામની શાળામાં બાળકને દાખલ કરે છે. (૩) સંતાનની ક્ષમતા, રુચિ, શારીરિક, માનસિક ભાવાત્મક સ્થિતિ અંગે વાલીઓએ ૧ થી ૧૦ ધોરણ સુધીમાં ભાગ્યે જ રસ લીધો હોય છે, પછી મૂંઝવણ શરૂ થાય છે. ૧૧-૧૨ ધોરણમાં માર્ક્સ લાવવાનું દબાણ હોય છે એટલે સંતાન કહે તે બધું કરવા વાલીઓ લાચાર હોય છે. પહોંચી ન શકે તેવાં ખર્ચા કરવા, સંતાનની પસંદગી ખોટી હોય તો પણ સંમત થવું અને સંતાનને આગ્રહપૂર્વક કશું ન કહેવું એવું વલણ વાલીઓ ધારણ કરે છે. કારણ કે એક છૂપો અવ્યક્ત ભય હોય છે કે રખેને સંતાન પછી આત્મહત્યા કરે તો !

આ સ્થિતિ નાનાં-મોટાં શહેરો અને હવે ગામડાં સુધી છે. સંસ્કારમાં બેઠેલા વહીવટી બાબતો સુધી સીમિત રહે છે. મોટાભાગની શાળાઓ વાલીઓ સાથે ખાસ સંબંધ

રાખતી નથી. ચારિત્ર ઘડતરને પોતાનું અનિવાર્ય કાર્ય ગણતી હોય તેવી શાળાઓ બહુ ઓછી છે.

આ સઘળું રોગના નિદાનરૂપ છે. એનો ઉપાય શોધવો જ રહ્યો. આ તો પતનનો ઢાળવાળો રસ્તો છે. આ જ ઢબે આગળ વધ્યાં તો આપણું શિક્ષણ પોતાનો અર્થ ગુમાવી બેસશે. આમાં પરિવર્તનનું વાહક એવું સબળ, સક્ષમ અસરકારક પરિબળ વાલીઓ છે. જો કે આજે વાલીઓને પોતાને પણ પોતાના આ સ્વરૂપ અંગે ખ્યાલ નથી. તેઓ તો ફી, પુસ્તકો, કપડાં, સાધનો, સગવડ પૂરાં પાડવા સુધી જ પોતાની કામગીરી ગણે છે. ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ પ્રમાણમાં સારી હતી ત્યાં સુધી આ ખ્યાલ જાણે ચાલ્યો, હવે નહિ જ ચાલે. આજે વાલીઓ શાળાની ફી માટે એકઠાં થાય છે, વિરોધ કરે છે, પરંતુ શિક્ષણની ગુણવત્તા માટે એકઠાં થતાં નથી. એનો એમને વિચારેય આવતો નથી.

લોકશાહી રાજ્યરચનાનો પાયાનો સિદ્ધાંત એ છે કે એ તમને કહે છે, દુઃખે છે, અણગમતું છે, અયોગ્ય છે તો બોલો, જણાવો. મૂંગા રહેશો તો માની લેવામાં આવશે કે જે છે તે બરાબર છે. જો વાલીઓ બોલતા થાય, માગણી કરતાં થાય, પોતાની વાજબી અપેક્ષાઓને ઉચિત રીતે પ્રગટ કરતાં થાય તો પરિસ્થિતિ બદલાય જ કારણ કે તેઓ કરોડોની સંખ્યામાં છે, તંત્રમાં એકાદ પ્રતિભાશાળી કે પ્રભાવશાળી માણસ આવીને બધું બદલી નાખશે એ ખ્યાલ હવે છોડવો પડશે. વિનોબાએ કહ્યું છે તેમ નાયકત્વનો નહિ, ગણસેવકત્વનો યુગ બેઠો છે. સામાન્ય માણસો જ સંગઠિત બનીને પરિવર્તનના વાહક બશે. એ માટે દરેક વખતે મોરચો કાઢવાની, નારા પોકરવાની જરૂર નથી. પોતાની વાત તર્કબદ્ધ રીતે, વ્યાપક હિતની રીતે રજૂ કરવાની અને પોતાને ભાગે આવતી જવાબદારી સ્વીકારવાની વૃત્તિ હશે તો પરિવર્તન શક્ય છે. જવાબદારી બીજા કોઈકની છે, મારી કશી નથી, એ મનોવૃત્તિમાંથી વાલીઓએ મુક્ત થવું પડશે.

વાલીઓની નિસ્બત, સક્રિયતા અને જવાબદારીના સ્વીકારમાંથી જ શિક્ષણમાં મૂળભૂત પરિવર્તન થશે. બાકીનાં પરિબળો (હિસ્સેદારો) નબળાં પડ્યાં છે ત્યારે વાલીઓએ જ નિર્ણાયક ભાગ ભજવવો જરૂરી છે. તેઓ દરેક ગામ-શહેરમાં છે, સીધા સંબંધિત છે. આ નિર્ણાયકતાને મુદ્દારૂપે ટૂંકમાં આમ મૂકી શકાય :

(૧) વાલીઓએ સંતાનના ઘડતર માટે પહેલાં ધોરણથી જ સક્રિય રહેવું જોઈએ. દસ ધોરણ સુધી ઉપેક્ષા સેવીએ અને ૧૧-૧૨ ધોરણમાં માર્કસ માટે તૂટી મરીએ એ દૃષ્ટિકોણ જ અધૂરો અને નુકસાનકારક છે. પોતાનાં સંતાનને સાચા સ્વરૂપમાં ઓળખવાનું તે સાવ નાનાં હોય ત્યારથી શરૂ કરવું જોઈએ. સંતાનની ક્ષમતાને તેમજ મર્યાદાને ઓળખવી જોઈએ. સંતાનને માત્ર માર્ક્સ લાવનાર મશીનને બદલે સતત વિકસતું અસ્તિત્વ ગણવું જોઈએ. આ માટે ચાર બાબતો અનિવાર્ય છે : (૧) સંતાન સાથે સતત સંવાદ કરો. સંતાનને સમય આપો. તમે સગવડ પૂરી પાડનાર એ.ટી.એમ. બની ન જાઓ. (૨) ઉત્તમ માર્ક્સ લાવવા સાથે સંતાન ઉત્તમ મનુષ્ય બને એ અંગે પ્રથમથી જાગૃત બનો. નહિ તો ઘરડાઘરમાં જવાની કે સંતાનની ઉપેક્ષા સહીને નાછૂટકે ઘરમાં રહેવાની પરિસ્થિતિ સ્વીકારવી પડશે. (૩) તમે કમાણીમાં જ રચ્યાપચ્યા રહેશો અને સંતાનને માત્ર ઉપદેશ આપ્યા કરશો તો તમારા શબ્દો બોદા બની જશે. બાળકો નાનાં હોય છે, પરંતુ સમજતાં ઘણું હોય છે. માતા-પિતાની મર્યાદા જલ્દી પારખતાં હોય છે. વાલીઓએ સંતાન માટે નમૂનારૂપ બનવું જરૂરી છે. (૪) પતિ-પત્ની વચ્ચે અભિપ્રાયભેદ હોય, મન ઊંચાં થયાં હોય તોય કદી પણ બાળકની હાજરીમાં ઝગડો ન કરો, પોતાને સાચા સાબિત કરવાની હોડમાં ન ઊતરો.

(૨) જીવનમાં અમુક જ કામગીરી (જેમાં કમાણી વધારે હોય છે તે) ને મહત્વની ન ગણો. બધાં વિદ્યાર્થીઓ આઈ.આઈ.ટી, મેડિકલ, એન્જિનિયરિંગ, એમ.બી.એ. માટેની ક્ષમતા ધરાવતા નથી હોતા. તો એમાં એમને પરાણે ન ધકેલો. તેઓ બીજા ક્ષેત્રોમાં ઉત્તમ પરિણામ બતાવશે.

સંતાનની રુચિ અને આવડતને તપાસો. કોઈ પણ કાર્ય શ્રેષ્ઠ રીતે કરવું એ આગ્રહ હશે તો સંતાન જે કોઈ કાર્યક્ષેત્ર પસંદ કરશે તેમાં શ્રેષ્ઠ સાબિત થશે. બાળકો વધુ માર્કસ મેળવવા જાતે સક્રિય થાય તો એ તેની સંકલ્પશક્તિ છે. પરંતુ વાલીઓ વધુ માર્કસ માટે દબાણ કરે છે ત્યારે બાળકના વિકાસમાં ઘણું નુકશાનકારક સાબિત થાય છે.

(૩) જાહેરાતો, પડોશીઓ, સગાંઓ કે થોડા સફળ માણસોનાં દૃષ્ટાંતો જોઈને સંતાનો વિશેનાં સ્વપ્નાં ન બાંધો. તમારું બાળક અનન્ય છે, અદ્વિતીય છે. તેની ખૂબીને, ઉત્તમતાને પ્રગટ થવામાં સહાયરૂપ થાઓ. ક્ષેત્ર ગમે તે હોય. બાળકની અન્ય સાથે સરખામણી કરીને તેને અન્યાય કરવાનું બંધ કરો. માછલી ઝાડ પર ચડી શકે તો જ એ શ્રેષ્ઠ એવું નથી હોતું.

(૪) દરેક બાળકની ગ્રહણ કરવાની અને વિકાસની ગતિ તેની પોતાની હોય છે. તેમાં અન્ય બાળક (ભાઈ કે બહેન પણ નહિ) સાથે સરખામણી ઘાતક છે. દરેક બાળકની પોતાની ગતિ હોય છે. કેટલાકની પ્રારંભે ગતિ ધીમી હોય પણ આગળ જતાં ખૂબ ગતિશીલ બની શકે છે. આ સ્વીકારો અને તેને ધ્યાનમાં રાખીને બાળકને ક્યાં કઈ મદદની જરૂર છે તે વિચારો, જરૂર હોય તો આ માટે નિષ્ણાતોની મદદ લો.

(૫) બાળકોને વાતવાતમાં હતાશ થઈ જાય, ભાંગી પડે એવા માયકાંગલાં ન બનાવો. બાળકનાં બધાં કામ કરી આપીને પરોપજીવી ન બનાવો. જિંદગીમાં ફૂલો છે તો કાંટાઓ પણ છે એની એને ખબર પડવા દો. તેની કક્ષા અનુસાર કઠણ જિંદગીની ટેવ પાડો. અતિ સલામતી, અતિ સંભાળ બાળકના વિકાસમાં અવરોધક બને છે. બાળક પોતાનાં અમુક કામ જાતે કરતું થાય તેવું નાનપણમાં જ યોજવું જોઈએ. દફતર યોગ્ય જગ્યાએ મૂકવું, ઊઠીને પથારી કે ચાદર વાળી લેવી, વસ્તુઓ યોગ્ય જગ્યાએ મૂકવી, મહેમાનનું સ્વાગત વગેરે કામો સહજ હોવાં જોઈએ. સુઘડતા માટે આગ્રહ રાખવો જોઈએ. ભાઈ-બહેન વચ્ચે ભેદ ન કરો. બહેન રસોડાનું પ્લેટફોર્મ સાફ કરે તો ભાઈ ડાઈનિંગ ટેબલ સાફ કરે તેવું ગોઠવવું જોઈએ. કોઈ કામ નાનું કે મોટું નથી એવું વલણ બંધાવામાં મદદરૂપ થવું જોઈએ.

(૬) માણસને ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં ભાંગી પડતો અટકાવે છે, ટટ્ટાર રાખે છે તેનો આત્મવિશ્વાસ. આત્મવિશ્વાસ જ મનુષ્યને પોતાની વિચારણામાં દૃઢ રાખે છે, ન કલ્પેલાં કાર્યો કરવાનું બળ આપે છે. બાળકનો આત્મવિશ્વાસ અખંડ રહે, વધતો રહે એ તો માબાપ જ કરી શકશે. આત્મવિશ્વાસના વિકાસ માટે વિધેયક વલણ ખૂબ મદદરૂપ થાય છે. આવાં વલણો વાણી દ્વારા કેળવાય તેથી વધુ માબાપના જીવનમાંથી કેળવાતાં હોય છે. તો બાળક એક બે ટકા ઓછાં આવતાં પંખે લટકીને આત્મહત્યા નહિ કરે.

(૭) શાળામાં યોજાતા વાલીમિલનમાં વાલીઓએ અવશ્ય જવું જોઈએ. શાળા સંચાલન સમિતિમાં પણ રસ લેવો જોઈએ. વાલીમિલન શાળાની ભૂલો બતાવવા માટે નથી, પણ ગુણવત્તા વધારવાના ઉત્તમ સૂચનો મેળવવા માટે છે. માત્ર ફી વધારા વખતે એકઠા થવાં કરતાં બાળકને સમજવા શાળામાં જવું એ હજારગણું વધારે મહત્ત્વનું છે. બાળકમાં અમુક કારણે ગ્રંથિ બંધાઈ ગઈ હોય તો એ સમજવું જરૂરી છે. એમાં શાળાનું માર્ગદર્શન લો, સાથે જ તમે પોતે વાંચો, વિચારો, સમજો એ આવશ્યક છે.

(૮) સારા માટેની બધી ઈચ્છા પછી પણ શાળાની કેટલીક મર્યાદા હોય છે. કારણ કે અત્યારે શાળા અંગેના તમામ નિર્ણયોની સત્તા સરકાર અને તંત્ર પાસે છે. શિક્ષણનું રાષ્ટ્રીયકરણ નહીં, સરકારીકરણ થઈ ગયું છે. ઉપાય છે, તમારા પરિચયના વાલીઓનું જૂથ ઊભું કરો. વોટ્સઅપ જૂથ પણ ઊભું કરી શકાય. જે બદલાવથી શાળા, શિક્ષક, વિદ્યાર્થી અને વાલી-બધાંનું હિત સારું થવાનું હોય તેવાં જ સૂચનનાં પોસ્ટકાર્ડ લખીને દર પંદર દિવસે શિક્ષણમંત્રીશ્રીને મોકલો. કોઈનીય ટીકા કરવાને બદલે શું હોવું જરૂરી છે,

કેવા ફેરફાર જરૂરી છે તેની તાર્કિક પણ ટૂંકી રજૂઆત કરતાં આવા દસ હજાર પોસ્ટકાર્ડ શિક્ષણમંત્રીશ્રીના ટેબલ ઉપર દર પંદર દિવસે પહોંચશે તો તેઓ વિચારવા તૈયાર થશે. ફેરફાર થશે. કારણ કે હજારો લોકોને કોઈ તંત્ર નારાજ કરી શકતું નથી.

(૯) બાળકનો વિકાસ એટલે માત્ર વધુ માર્ક્સ એટલું જ નથી. બાળકના શરીરનો, મનનો અને હૃદયનો — એમ ત્રણેનો વિકાસ થવો જોઈએ. બાળક કોઈ પણ કાર્ય કરવા માટે સક્ષમ હોવો જોઈએ. એ માટે તેનું શરીર બરાબર બંધાવું જોઈએ. તો ખોરાક અને રમત અંગે વાલીઓનાં મનમાં સ્પષ્ટતા હોવી જોઈએ. બાળકના હૃદયના વિકાસ માટે તેની સંવેદનશીલતા વિકસવી જોઈએ. પશુ, પક્ષી, વનસ્પતિ, પ્રકૃતિનાં બધાં તત્ત્વો માટેનો પ્રેમ બાળકમાં પેદા થાય તેવું પોષણ આપવું જોઈએ. વસ્તુનો બગાડ ન થાય, ભોજનમાં કશું છાંડવું નહિ, દરેક વસ્તુ કરકસરથી અને કાર્યક્ષમતાથી કરવી એ સમગ્ર પર્યાવરણને મદદ છે. આ બધું બાળકને નાનપણથી શીખવવું જોઈએ. એ સંસ્કારરૂપે સ્થિર થવું જોઈએ. એમાંથી હૃદયનો વિકાસ થશે. પોતાનાથી પાછળ રહેલા કે સહન કરનારા માટે તેના હૃદયમાં લાગણી જાગશે.

બુદ્ધિ વિકાસ એટલે માત્ર સ્મૃતિનો વિકાસ નહિ. તર્કશક્તિ, અવલોકનશક્તિ, પ્રયોગતત્પરતા, બે વસ્તુ, કાર્ય કે સ્થિતિ વચ્ચેના સંબંધને સમજવો, નજીકનું કે નાનું જોઈને વિશાળ ફલક પરનાને પારખવાની શક્તિ, પોતાના કોઈ પણ પગલાંની પોતાના ઉપર, સમાજ ઉપર અને સમષ્ટિ ઉપર અસર થાય છે તેમાંથી જન્મતો જવાબદારીનો ભાવ આ અને આવી બાબતો સમજવી એ બૌદ્ધિક વિકાસ છે. આ વિશાળ દેશના વિરાટ પ્રશ્નો ઉકેલવા માટે સુક્ષ્મ બુદ્ધિ અને વ્યાપક હૃદયની જરૂર છે. એ માટે વાલીઓએ ઘરને શાળા બનાવવું પડશે. વાલીઓએ સમજવું પડશે કે સંતાનનો સર્વાંગી વિકાસ એટલે શું ? એ માટે વાલીઓએ જાગૃત થવું પડશે, જાતે આચરણ કરવું પડશે, એ માટે સંગઠિત થવું પડશે.

વાલીઓ આ કરશે તો તેઓ બીચારા મટીને બળવાન બનશે, ચિંતાતુરને બદલે તૃપ્ત બનશે, તાણને બદલે પ્રસન્નતાનો અનુભવ કરશે. સૌથી વધુ તો પૃથ્વી ઉપર જેના અવતરણમાં પોતે નિમિત્ત બન્યા છે તે બાળકને ઉત્તમ મનુષ્યરૂપે સમાજને ચરણે ધરવાની સાર્થકતા અનુભવી શકશે.

## બાળગીત : સપનું

**મિત્તલ પટેલ "પરિભાષા"**

પ્રાંતવેલ વર્ગ પ્રાથમિક શાળા, જૂથ-ગાબટ,
તા. બાયડ, જિ. અરવલ્લી (સાબરકાંઠા).

*વાદળી અડીને મને ઊડી ઊડી જાય રે*
*કેમ રે છોડાવું મને લઈ લઈ જાય રે...*

*ખુલ્લા આકાશે તારા સંગ રમવા ?*
*પંખીઓના ટોળામાં પંખી થઈ ઊડવા.*

*પરીઓ આવીને મને પાંખો આપી જાય રે*
*તરતી જલપરીઓના દેશ લઈ જાય રે...*

*મોરલાની સાથે ટહૂકવા કાજે*
*ખિસકોલી સાથે દોડવાને કાજે*

*સપનું આવીને મને હસાવી જાય રે*
*ચાંદામામાની વાર્તા કહી મલકાય જાય રે...*

*જાદુગર એક મને જાદુ શીખવાડે*
*બાળક મટાડી મને તારો બનાવે*

*તારલાના મિત્રો સાથે કૂદાકૂદ થાય રે*
*સપનામાં ભાઈ મને તો મોજ પડી જાય રે...*

# સરસ્વતી વિદ્યામંડળ
# શૈક્ષણિક શિબિર : અહેવાલ

**વનિતાબહેન જી. વાછાણી**

જે. એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

સરસ્વતી વિદ્યામંડળની પ્રણાલિકા પ્રમાણે આ વર્ષે શાળાઓનાં શિક્ષકોની શૈક્ષણિક સેમિનાર તા. ૨૮-૨૯-૩૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમદાવાદથી ૪૦ કિ.મી. દૂર સાદરામાં મહાદેવભાઈ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો. આવી શિબિરો યોજવા પાછળનો હેતુ શાળાઓના કર્મયોગીઓનું વ્યક્તિત્વ વિકસે રોજિંદા શૈક્ષણિક કાર્યોમાં સતત નવા અભિગમો કેળવાય તે માટેનો હોય છે.

સેમિનારમાં મુખ્ય સાતેક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૨૮ના રોજ પ્રથમ દિવસે શિબિર શુભારંભ કાર્યક્રમ મહેમાન ગુજરાતના શિક્ષણ જગત સાથે જોડાયેલા કેળવણીકારો શ્રી મનસુખભાઈ સલ્લા અને સુખદેવભાઈ પટેલ હતા. આવકાર અને પરિચય સંસ્થાના મંત્રી શ્રી જ્યોતીન્દ્ર ભાઈ દવેએ આપ્યો હતો. **શિબિરની પ્રથમ બેઠકના વક્તા હતા મનસુખભાઈ સલ્લા અને વિષય હતો "ચાલો આપણા વ્યવસાયને ઉજાળીએ"** બીજા વ્યવસાય કરતા શિક્ષકનો વ્યવસાય અલગ જ છે તેમણે ચૈતન્ય સભર બાળકો સાથે કામ કરવાનું છે. શિક્ષકોની સંખ્યા મહત્વની નથી સાચા અને સારા શિક્ષકોનું કામ મહત્ત્વનું છે. કેળવણીનું કામ ખૂબ જ શાંત ક્રાંતિનું છે. વિષય શીખવવાનું કામ માત્ર માધ્યમ છે. શિક્ષકનું ખરું કામ વિદ્યાર્થી પોતાને, સમાજને અને સમષ્ટિને ઓળખતો થાય એ રીતે તેને જાગૃત કરવાનો છે. વિદ્યાર્થીની સંકલ્પ શક્તિમાં, આત્મવિશ્વાસમાં, સંવેદનશીલતામાં વધારો થાય તે વ્યાપક અને વૈશ્વિક રીતે વિચારે એ કેળવણીનો હેતુ છે. આ બધા જ મુદ્દાઓની ઉદાહરણ સાથે ખૂબજ હળવી શૈલીમાં રજૂઆત કરી હતી.

**બીજી બેઠક શ્રી સુખદેવભાઈ પટેલ : વિષય હતો. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ પૂરક પ્રવૃત્તિઓના સંદર્ભમાં** તેમણે કચ્છના રણમાં રહેતા અગરીયા અને તેના બાળકોની પ્રાસંગિક વાતો, કેળવાતા નબળા વિદ્યાર્થી, ધોરણ-૧૦ નાપાસ થયેલા હોય અથવા તો પ્રાથમિક શિક્ષણ જ લીધું હોય તેવા બાળકોને ધો.૧૦ પાસ કરાવવા કરેલા પ્રયોગો, આજની શિક્ષણ વ્યવસ્થામાં બાળકના સર્વાંગી વિકાસને સ્થાન છે ? વિદ્યાર્થીઓને શું ભણાવવું ? કેવી રીતે ભણાવવું અને શા માટે ભણાવવું. વિદ્યાર્થીઓ માટે ઈત્તર-પ્રવૃત્તિ મુખ્ય પ્રવૃત્તિ કેમ ના બને ? શિક્ષણ અને કેળવણીની ભિન્નતા ભણતર અને ગણતર વચ્ચેનો ભેદ અને બંને જરૂરી, વિદ્યાર્થીઓમાં સારા નાગરિક તરીકેના ગુણોનો વિકાસ થાય તે માટેની તેને ઉત્તમ તક આપવી જોઈએ. તેમણે કરેલા પ્રયોગોની વાતનો ઉલ્લેખ કરીને વિષયને સમજાવવાનો ખૂબ જ સરસ પ્રયત્ન કર્યો હતો.

બપોરના ભોજન અને વિરામ બાદ ત્રીજી બેઠકનો વિષય હતો "મારો એક વિદ્યાર્થી". પહેલા વક્તા હતા શ્રી ભારતીબહેન આચાર્ય બાળક પ્રેમ અને ભાવનાનું ભૂખ્યું છે. ક્યારેક બાળક અસામાન્ય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. પરિણામે તેના માનસ પર એની ઘેરી અસર થાય છે. તેવા બાળકને માનસિક વિપરીત પરિસ્થિતિમાંથી બહાર લાવવાનો પ્રયત્ન શિક્ષકો દ્વારા કેવી રીતે થાય તે એક વિદ્યાર્થીના ઉદાહરણ દ્વારા કહ્યું હતું. બીજા વક્તા હતા શ્રી રમીલાબહેન પટેલ તેમણે ટૂંકી વાર્તા અને શાળાના એક વિદ્યાર્થીના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીને શાળામાં આવવાનું મન થાય એ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્રીજા વક્તા ચેતનાબહેન રાવલ શિક્ષકો વિદ્યાર્થીને પોતાનો કઈ રીતે બનાવી શકે તે એક વિદ્યાર્થિનીના ઉદાહરણ દ્વારા સમજાવ્યું. ચોથા વક્તા જયશ્રીબહેન ભાવસાર સંયમ, ધીરજ સાથે નાના બાળકો પાસે કઈ રીતે કામ લઈ શકાય

તે ખૂબજ સરળ ભાષામાં પોતાના એક વિદ્યાર્થીના થયેલા અનુભવનો પ્રસંગ શ્રોતાને સાંભળવું ગમે તે રીતે રોચક શૈલીમાં રજૂ કર્યો હતો.

ચોથી બેઠકમાં પન્નાલાલ પટેલ લિખિત "માનવીની ભવાઈ"નો પુસ્તક પરિચય શ્રી નિશાબહેન ત્રિવેદીએ આપ્યો હતો. આ નવલકથામાં લેખકની સર્વ શક્તિ ઉત્તમ રીતે પ્રગટ થઈ છે. કુદરતનો પડકાર ઝીલતા ગ્રામ સમાજના જીવન સંઘર્ષની આ કરુણભવ્ય કથા છે. સ્થળ કાળના વિશાળ ફલક પર રચાયેલી આ કથા કાળપ્રધાનતા દાખવે છે. દુષ્કાળના સમયમાં પોતાની વહાલી ધરતીને છોડી જતા ખેડૂતો, ભૂખ સંતોષવા સારું ઢોરને કાચા ને કાચા કરડી ખાનારા માણસોનું હૃદયદ્રાવક ચિત્ર, પાત્રચરિત્ર ચિત્રણ અને પન્નાલાલ પટેલની ઉત્તમ સર્જકની વિશેષતા રજૂ કરી હતી. શ્રી તૃપ્તિબહેન ત્રિવેદીએ "હયાતીના છેલ્લા હસ્તાક્ષર" સુરેશ દલાલ સંપાદિત કાવ્યસાદનો પુસ્તક પરિચય આપ્યો હતો. આસ્વાદ એટલે કાવ્યનો મધ્યવર્તી વિચાર નહીં, આસ્વાદ એટલે સહૃદયની ચેતનામાં એ કાવ્ય ફરી પાછું સજીવન થયું છે, આ અજવાળાની લ્હાણીનો આધાર માત્ર કૃતિ પર નહીં પણ સહૃદયતાની ભાવયિત્રી પ્રતિભા પર પણ છે. તે સમજાવીને તેમણે કેટલાક કાવ્યોના ભાવવાહી પઠન દ્વારા બધાને કાવ્યોનો આસ્વાદ કરાવ્યો હતો.

બીજા દિવસની પ્રથમ બેઠકમાં વિષય હતો "શિક્ષણમાં કમ્પ્યૂટર" પ્રથમ વક્તા હતા શ્રી ડૉ. વિમલભાઈ પંડ્યા નવગુજરાત કૉલેજના ડાયરેક્ટર કમ્પ્યૂટર સેન્ટર. શિક્ષણ એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા શિક્ષણમાં ગુરુકુળ પ્રણાલીથી ઑનલાઈન વેબબેજ પ્રણાલી, ઈ-બુક અને ઈ લર્નિંગ શિક્ષણ, સોશિયલ મીડિયા દ્વારા થતું શિક્ષણ. ટ્વીટર, વીકીપીડિયા, યુટ્યુબ, બ્લોગ્સ નેટ વર્કિંગ, શિક્ષણમાં થતો ફેસબુકનો ઉપયોગ. એડવર્ટાઈઝ વેબસાઈટ વગેરેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને કઈ રીતે શિક્ષણ આપી શકાય તે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. અંતમાં ઈન્ટરનેટના ચેલેન્જીસ પર પ્રકાશ પાડ્યો હતો.

બીજા વક્તા શ્રી રાજેન્દ્રભાઈ દવે રીટ. ડે. ડાયરેક્ટર અંતરીક્ષ કેન્દ્ર અમદાવાદ. તેઓશ્રીએ કમ્પ્યૂટરમાં શિક્ષણ શા માટે ? ટૅકનૉલૉજી વિહંગાઅવલોકન, સંદેશા-વ્યવહાર, ઈન્ટરનેટ, કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, શિક્ષણમાં કમ્પ્યૂટર એક પક્ષી કે દ્વીપક્ષી (સિમ્યુલેશન) આભાસી વાસ્તવિકતા, આભાસી પ્રવાસ, કમ્પ્યૂટર દ્વારા સહભાગી શિક્ષણ, ઑનલાઈન શિક્ષણ, કમ્પ્યૂટર દ્વારા શિક્ષણમાં થતા ગેરલાભ વગેરે મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરી હતી. આજ મુદ્દા પર ત્રીજા વક્તા હતા સંજયભાઈ ઉપાધ્યાય. તેમણે આપણે ત્યાં ધો. ૧ થી ૧૨ના કમ્પ્યૂટરના અભ્યાસક્રમની જાણકારી આપી હતી. ધોરણ ૧ થી ૮નો અભ્યાસક્રમ આપણી જ સંસ્થામાં તૈયાર કરવામાં આવે છે. જે વિદ્યાર્થીનો કમ્પ્યૂટર બેજ ડેવલપ થાય એવો હોય છે.

બીજા દિવસની ત્રીજી બેઠકનો વિષય હતો "શાળાકીય શિસ્ત" વક્તા હતા જે. એન. બાલિકાના આચાર્ય શ્રી હેતલબહેન શાસ્ત્રી. બાળક ઘરથી માંડીને શાળા, જાહેર સ્થળો, પાર્લામેન્ટ વગેરે જગ્યાએથી અશિસ્તનું આચરણ શીખે છે. બાળકમાં સ્વયંશિસ્ત, કાયદાકીય શિસ્ત, આત્મશિસ્ત, કઈ રીતે કેળવાય શિસ્તનું પાલન સમાજ શાળાને સોંપેલ છે અને બધી જ કળાની જેમ શિસ્તનું પાલન કરાવવું એ એક કળા છે. માનવતાવાદી અભિગમ દ્વારા વિદ્યાર્થીઓનું ગૌરવ જળવાય, તેનું મૂલ્ય ઓછું ના થાય તેવું વર્તન કરી બાળકને આંતરિક શિસ્ત જાળવવાની ભેટ આપો. અશિસ્ત માટેના જવાબદાર કારણો જેવા કે ક્લાસરૂમ મૅનેજમૅન્ટમાં કેટલીક ખામી, કરાર દ્વારા કનવિઝ કરવા, શિક્ષકોના પ્રકાર ઈંટોની બનેલી દીવાલ જેવા, માછલી જેવા અને કરોડરજ્જુ સમાન જે ધીરજ અને સતત પ્રોત્સાહન આપી મનોવૈજ્ઞાનિક રીતે બાળકમાં આત્મશિસ્ત કેળવે છે દરેક મુદ્દાની ખૂબજ ઊંડાણપૂર્વક વાત

તેણે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કરી હતી.

ચોથી બેઠકનો વિષય હતો "જીવનમાં સંગીત" પ્રથમ વક્તા હતા શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે. જીવનમાં સંગીત શા માટે જરૂરી, પ્રાચીન સંગીત, જ્યારથી પ્રાણીસૃષ્ટિની ઉત્પતિ થઈ ત્યારથી સંગીતની ઉત્પતિ, જંગલ, વહેતું ઝરણું, પક્ષીઓનો અવાજ, શ્વાસના આરોહ અવરોહમાં સંગીત, વેદોમાં સામવેદ સંગીતનો પહેલો વેદ, ઋગ્વેદમાં વાદ્યોની છણાવટ, વેદકાળમાં ઉપર ભાવવાહી ભાષામાં રજૂઆત કરી હતી. બીજા વક્તા શ્રી હરિદાસભાઈ ગાંધર્વ જેમણે મધ્યકાલીન સંગીત પર પ્રકાશ પાડ્યો હતો. "સા, રે, ગ, મ, પ, ધ, ની, શા" ની ઉત્પતિ ૧૪ થી ૧૮ મી સદી સુધીના સંગીતકારો જેવા કે ભરતમુનિ, સારંગદેવ, મીરા, પંડિત અહોબલ, નારદમુનિ, જયદેવ વગેરે સંગીતકારોની ઊંડી સમજ આપી હતી.

ત્રીજા વકતા શ્રી ભરતભાઈ ઉપાધ્યાય, અર્વાચીન સંગીત, લોકસંગીત, બાળકના જન્મથી માંડીને સરસ મજાના ગવાતા હાલરડા, બાલમંદિરના ગીતો, લગ્નગીતો, વાનપ્રસ્થાશ્રમ અને વૃદ્ધાશ્રમના ગીતો, સાથે અર્વાચીન સંગીત કેવું લોકો સાથે જોડાયેલું છે. તેની સમજ આપી હતી ચોક્કસ રાગ સાથેના ગુજરાતી ગીતો અને હિન્દી ફિલ્મગીતો સંભળાવી શ્રોતાઓને રાગના રસ સાથે રંજન અને મંજન કરાવ્યું હતું.

ત્રીજો દિવસ સૌરવે આગલા દિવસની રાત્રીએ જોએલી "જાગૃતિ" ફિલ્મની જૂથ ચર્ચા રાખવામાં આવેલી જેમાં મુખ્ય વક્તા હતા શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, શ્રી મૃણાલબહેન ઓઝા અને શ્રી વિકાસભાઈ, "જાગૃતિ" ફિલ્મ શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી સાથે કઈ રીતે જોડાયેલી છે. સંવેદનશીલ અને ફરજ સાથે જોડાયેલ શિક્ષક અસામાન્ય વિદ્યાર્થીને સારો વિદ્યાર્થી અને નાગરિક કઈ રીતે બનાવી શકે વર્ષો જૂની ફિલ્મ આજે પણ એટલી જ શિક્ષણ જગત સાથે જોડાયેલી છે જે ફિલ્મનું કથાવસ્તુ અને દરેક પાત્રો લઈને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

અંતમાં શિક્ષકો દ્વારા કેટલાક સૂચનો શ્રી કલ્પેશભાઈ જે દરેક વક્તવ્યને અંતે ૧૫ મિનિટનો સમય શ્રોતાઓને બોલવા માટે આપવો જોઈએ. જેથી તે પોતાના વિચારો તે વિષય પર જણાવી શકે. શ્રી વિષ્ણુભાઈ શિક્ષકોની સમસ્યા એક વિષય આવતી શિબિરમાં રાખવો.

શિબિર સમાપનમાં શ્રી સજુભા ઝાલાએ કહ્યું હતું કે કોઈપણ જાતના આર્થિક વળતરની અપેક્ષા વગર ત્રણ દિવસની શિબિરમાં ફક્ત એક જ અપેક્ષા હોય છે કે શિક્ષકમાં તેનું શિક્ષકત્વ જાગે. શિક્ષકને નાનામાં નાની સવલત મળે તેવા પ્રયત્નો મંડળના હોય છે. કારણ કે એ સરસ્વતી વિદ્યામંડળની પરંપરા છે. અંતમાં બૃહદસભામાં નિવૃત્ત શિક્ષક મિત્રોને શુભેચ્છા કાર્યક્રમ પણ શિબિરનો એક ભાગ હતો.

આમ ત્રણ દિવસનો શૈક્ષણિક સેમિનાર સફળ અને પ્રેરણાદાયી રહ્યો હતો.

## સિસ્ટર નિવેદિતા

ગરીબ ભારત વધુ ગરીબ બન્યું.

દાર્જિલિંગ પાસે હિમાલયની ગોદમાં આવેલ સમાધિ પરના આ શબ્દો કેટલી બધી અસર કરી જાય છે :

'અહીં સિસ્ટર નિવેદિતા સૂતાં છે, જેમણે તેમનું સર્વસ્વ ભારતને અર્પણ કર્યું છે.'

શિક્ષણના કાર્ય માટે એમણે લીધેલો ભેખ એ હંમેશા આપણા માટે પ્રેરણાદાયી બની રહે તેવો છે. એવાં મહાન નારીના કાર્યને સાચી અંજલિ તેમણે પ્રબોધેલા માર્ગે કાર્ય કરીને જ આપી શકાય. આથી ૧૯૬૮માં અમે તેમના પવિત્ર નામને સંકલિત કરી સિસ્ટર નિવેદિતા સ્કૂલની શરૂઆત કરી. આજે આ શૈક્ષણિક સંકુલ એક વટવૃક્ષ બની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

સિસ્ટર નિવેદિતા ૧૫૦મી જન્મજયંતિના આ વર્ષે ભારતને હૃદયથી ચાહનારા આ મહાન નારીને સમગ્ર સિસ્ટર નિવેદિતા પરિવાર તરફથી કોટિ કોટિ વંદન પાઠવીએ છીએ.

# સિસ્ટર નિવેદિતા

**ગુલાબભાઈ જાની**

સંસ્થાપક, સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ, રાજકોટ.

"બધા ધર્મોમાં શ્રેષ્ઠ અને ઉચ્ચ એવા ધર્મની જન્મભૂમિ તરીકે જ્યાં નગાધિરાજ હિમાલય ઉન્નત મસ્તકે ઊભો છે તેવા દેશ તરીકે ભારતને હું ચાહું છું. આ એવો દેશ છે કે જ્યાં ઘરો સાદાં છે, જ્યાં કૌટુંબિક સુખ એ સહજ વસ્તુ છે, જ્યાં સ્ત્રીઓ સ્વાર્થરહિત પ્રેમથી, કચવાટ વિના પોતાનાં સ્નેહીજનોની સવારથી સાંજ સુધી સેવા કરે છે."

આ શબ્દો છે ભગિની નિવેદિતાના. ભારત પ્રત્યે તેમનાં પ્રેમ અને ભક્તિ આ શબ્દોમાં વ્યક્ત થાય છે.

જન્મે આંગ્લ છતાં સંસ્કારે અને કર્મે સંપૂર્ણ રીતે ભારતીય એવાં સિસ્ટર નિવેદિતાનો જન્મ આયર્લૅન્ડમાં આવેલ ડંગાનોન કં. ટાયરોનમાં એક પાદરીને ત્યાં ૧૮૬૭ના ઑક્ટોબરની ૨૮મી તારીખે થયો હતો. તેઓના પિતાની અસરથી ધર્મ પ્રત્યે આકર્ષાયાં, પણ ખ્રિસ્તી ધર્મ તેમના આત્માની ભૂખને સંતોષી શકે તેમ ન હતો. ધર્મના સંસ્કાર સાથે કુટુંબનો, દેશ પ્રત્યેનો, સ્વાતંત્ર્ય પ્રત્યેનો પ્રેમ પણ તેમનામાં ઊતર્યો. આયર્લૅન્ડની ચળવળમાં તેમના દાદાએ અગ્રગણ્ય ભાગ લીધો હતો. એ લોહી નાનકડી માર્ગારેટમાં વહેતું હતું.

હેલિફેક્સ કૉલેજમાં શિક્ષણ પૂરું કર્યા પછી બહેનોને શિક્ષણ આપતી જુદી જુદી શાળાઓમાં શિક્ષણ આપવાનો અનુભવ મેળવ્યો અને ૧૮૯૨માં ૨૫ વર્ષની વયે વિમ્બલ્ડનમાં પોતાની શાળા શરૂ કરી. શિક્ષણ ઉપરાંત સાહિત્યનાં પણ એમનાં શોખ અને અભિરુચિને લઈ કેટલાંક મિત્રો સાથે વિમ્બલ્ડન સાહિત્યસભાની સ્થાપના કરી. ત્યાં લંડનના બુદ્ધિજીવીઓ મળતા હતા.

પરંતુ આ બધાં કાર્યોથી માર્ગારેટને સંતોષ ન હતો. તેમનો આત્મા કંઈક જુદું જ ઝંખતો હતો. અંતરનો અવાજ આવતો હતો, પણ કોઈક ઢંઢોળનારની, રાહ બતાવનારની જરૂર હતી.

એક સમર્થ વ્યક્તિએ કરેલા સંકલ્પને ચરિતાર્થ કરવા માટે કોઈવાર ભગવાન મહાકાલ બીજી સમર્થ વ્યક્તિનું નિર્માણ કરે, એવું બનતું હોય છે. ભારતની સ્ત્રીઓને કેળવણીનો પ્રકાશ આપવાનો શુભ સંકલ્પ કર્યો સ્વામી વિવેકાનંદે, પરંતુ તેને ચરિતાર્થ કરવાનું મહાકાર્ય પાર પાડ્યું સિસ્ટર નિવેદિતાએ. અંગ્રેજ પ્રજા સાથેના આપણા વિધિનિર્મિત સંપર્કનાં કેટલાક શુભ અને દૂરગામી પરિણામોની નોંધ લેવા માટે ભાવિ ઈતિહાસકાર બેસે ત્યારે તેને ભગિની નિવેદિતાએ ભારત માટે કરેલા કાર્યનો ઋણસ્વીકાર કર્યા વિના ચાલશે નહિ.

એમાં એક દિવસ તેમના મિત્ર ઈસાબેલ માર્મેસન તરફથી એક હિન્દુ સાધુને મળવા આવવા નિમંત્રણ મળ્યું. નવેમ્બર માસના એક રવિવારની ઢળતી સાંજ આવી પહોંચી. વાતાવરણ ઠંડીયુક્ત હતું. એક રૂમમાં અર્ધવર્તુળાકારમાં પંદરથી સોળ વ્યક્તિઓ બેઠી હતી. ભગવાં-વસ્ત્રધારી એક સાધુ સામે બેસી પોતાના દેશના ધર્મનાં મૂળતત્ત્વો દિવ્ય વાણીમાં સમજાવી રહ્યા હતાં. એ સાધુની આંખોની સૌમ્યતા અને તેજસ્વિતા માર્ગારેટને રાફેલના પ્રખ્યાત ચિત્ર 'સિસ્ટાઈ ચાઈલ્ડ'ની યાદ આપી રહી, તો તેમના શ્લોકોનાં ગંભીર ઉચ્ચારણો ચર્ચના ગ્રેગોરિયન સંગીતની યાદ આપતાં હતાં.

એ સાધુ હતા સ્વામી વિવેકાનંદ. અમેરિકામાં ભરાયેલ સર્વધર્મપરિષદમાં હાજરી આપી વેદાન્તનું રહસ્ય સમજાવી તેઓ આવતા હતા. સ્વામીજી કહેતા હતા કે હવે સમય આવી પહોંચ્યો છે જયારે રાષ્ટ્ર-રાષ્ટ્ર વિચારોનાં આદાનપ્રદાનની જરૂર છે. રાષ્ટ્રની ઉન્નતિનો આધાર છે આધ્યાત્મિક ઉન્નતિ પર. એ માટે કર્મ, જ્ઞાન અને ભક્તિના વિવિધ રસ્તાઓની વાત કરી. માનવસેવા એ જ સાચો ધર્મ છે. દુનિયા આજે ઝંખે છે સ્વાર્થરહિત. પ્રેમમય સેવા કરી શકે તેવી વ્યક્તિઓને.

એમની આ પ્રેરક વાણીએ માર્ગારિટનો જીવનપ્રવાહ બદલી નાખ્યો. સ્વામીજીનાં એ પરમ ભક્ત બની ગયાં. સ્વામીજી ભારતની સ્ત્રીઓના ઉદ્ધાર માટે એક યોજના તૈયાર કરી રહ્યા હતા. તેમણે જોયું કે એ કાર્ય આ માર્ગારિટ નોબલ દ્વારા થઈ શકશે. પણ સ્વામીજી કડક ગુરુ હતા. તેઓએ જોયું કે માર્ગારિટ બધું છોડી ભારત આવવા તૈયાર છે, પણ ત્યારે ભારત શું છે, ભારતના લોકો, તેમના રીતરિવાજો, સામાજિક અને આર્થિક માળખું એ બધાંનો વિસ્તૃત ખ્યાલ આપ્યો અને અનેક આકરી કસોટી કરી. ત્યારબાદ ભારત આવવાની છૂટ આપી.

જે સત્યની શોધ માટે માર્ગારિટ ઝંખતાં હતાં તે માટેનો રાહ સ્વામી વિવેકાનંદે બતાવ્યો. સ્વામીજીએ તેઓને એક પત્ર લખી જણાવ્યું કે –

''તમારામાં એક અદ્‌ભુત શક્તિનાં દર્શન કરું છું. તમારા દ્વારા એક મહાન કાર્ય થવાનું છે. ઊઠો, ઊઠો, જગત દુ:ખથી બળી રહ્યું છે ત્યારે તમે શું સૂઈ રહેશો ?''

તેઓના અંતરના અવાજને સ્વામીજીએ પકડી લીધો. અને સર્વસ્વનો ત્યાગ કરી ભારતીય નારીની, ભારતના જનસમાજની અને એ દ્વારા પીડિત માનવજાતની સેવા કાજે ૧૮૯૭ના અંતમાં માર્ગારિટ ઈંગ્લેન્ડ છોડી કલકત્તા આવી પહોંચ્યાં. ભારતની ભૂમિ માટે એ ભવ્ય દિવસ હતો. સ્વામી વિવેકાનંદ ખુદ બંદર પણ સ્વાગત કરવા હાજર હતા.

જે આશાથી અને શ્રદ્ધાથી માર્ગારિટ અહીં આવ્યાં હતાં તેનો પ્રથમ પુરાવો શારદામાંનાં દર્શનથી થયો. ભારતીય નારીત્વનો આદર્શ તેમનામાં ચરિતાર્થ થતો જોઈ શક્યાં.

૧૮૯૮ના ૨૫મી માર્ચે સ્વામી વિવેકાનંદે બ્રહ્મચર્યવ્રતની દીક્ષા આપી અને માર્ગારિટે પોતાનું સર્વસ્વ ભારતને ચરણે ધર્યું અને ત્યારથી એ નિવેદિતા તરીકે ઓળખાયાં.

સ્વામીજીએ મૂકેલા વિશ્વાસને અનુરૂપ નીવડવા માટે સિસ્ટર નિવેદિતાએ જે ભગીરથ પરિશ્રમ લીધો તેની કથા ભારે રોમાંચક છે. એ યુગના રૂઢિચુસ્ત સમાજ વચ્ચે એક પરદેશી સ્ત્રી 'કેળવણી'નું મૂલ્ય સમજાવતી ફરે, અપમાનો સહન કરે, 'શ્વેત હરિજન'ની કક્ષામાં મુકાય અને છતાં અપાર ધૈર્ય અને દઢતાથી એ પોતાનું ઈષ્ટ કાર્ય ચાલુ રાખે એ બધું નૂતન પ્રસ્થાન કરનાર સહુ કોઈ માટે પ્રેરણાનો અખૂટ ખજાનો પૂરો પાડે છે. એમણે કરેલા મહાન કાર્યના જ્વલંત સ્મારક-રૂપે કલકત્તાની 'સિસ્ટર નિવેદિતા ગર્લ્સ સ્કૂલ' આજે પણ યશસ્વી કામગીરી બજાવી રહી છે.

પરંતુ સિસ્ટર નિવેદિતા માત્ર કેળવણીકાર ન હતાં. એમની પાસે તો નવનવોન્મેષશાલિની પ્રજ્ઞાનો મહાસ્રોત હતો. કેળવણીમાં ક્રાંતિ આણવાની સાથે એમણે ક્રાંતિની કેળવણી આપવાનું ઈતિહાસકાર્ય પાર પાડ્યું છે, એ કેમ ભૂલી શકાય ? એમના રાજકીય વિચારોએ એક પ્રકારના 'ડાઈનેમાઈટ'નું કાર્ય કર્યું છે. અરવિંદ ઘોષ જેવા પ્રાજ્ઞપુરુષ વિદ્યા-પ્રદાનનું ક્ષેત્ર છોડી સ્વાતંત્ર્ય-યજ્ઞમાં પોતાની જાતને અર્પણ કરે એની પાછળ સિસ્ટર નિવેદિતાએ સર્જેલું 'ડાઈનેમાઈટ'નુંવાતાવરણ પ્રવર્તતું હતું એમાં શંકા નથી. કલકત્તામાં એમના નિવાસસ્થાને ભાતભાતના લોકો આવતા-જતાં. રાજપુરુષો, ઈતિહાસવિદો, અર્થશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ, કલાકારો, પત્રકારો, કવિઓ, સામાજિક કાર્યકરો સૌને માટે જાણે એમણે એક પ્રેરણાપરબ માંડી હતી.

ભારતીય નારીના ગૌરવને પુનઃપ્રસ્થાપિત કરવાની અને એ દ્વારા રાષ્ટ્રોદ્ધારનું કાર્યકરવાની શરૂઆત શિક્ષણ દ્વારા કરી. બાગબઝારમાં શારદામાના હસ્તે શાળાની શુભ શરૂઆત કરી, પણ કાર્ય સરળ ન હતું. અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી. થોડાક સમય માટે કાર્ય સંકેલી લેવું પડ્યું. સાધન-સંપતિ મેળવવા માટે યુરોપ અને અમેરિકા ગયાં. ત્યાં જઈ ભારત અને ભારતના તેમના શૈક્ષણિક પ્રયોગનું મહત્ત્વ સમજાવી એ માટે મદદ માગી અને એ કાર્ય સફળતાથી પૂરું કરી ૧૯૦૨માં ભારત પાછા ફર્યા અને સ્વામી વિવેકાનંદની બીજી એક અમેરિકન શિષ્યા સાથે

''સિસ્ટર નિવેદિતા ગર્લ્સ સ્કૂલ'ની શરૂઆત કરી, જે બીજમાંથી વટવૃક્ષ પાંગર્યું. તેઓની દૃઢ માન્યતા હતી કે રાષ્ટ્રનું સાચું નવનિર્માણ સ્ત્રીઓ જ કરી શકે.

જો કે તેઓ સીધી રીતે રાજકારણ સાથે સંકળાયેલાં ન હતાં છતાં ચુસ્ત રાષ્ટ્રવાદી હતાં. જ્યારે સ્વામી વિવેકાનંદે દીક્ષા આપતાં કહ્યું કે રાજકારણમાં રસ ન લેવો, ત્યારે તેમણે એ વાત સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી હતી. તેમનાં લખાણો અને વ્યાખ્યાનોમાં રાષ્ટ્ર કાજે ફના થવાની યુવક-યુવતીઓને ચાનક ચડાવવામાં આવતી હતી. તેઓ માનતાં હતાં કે ભારતીય જનસમાજની સ્થિતિ સુધારવા માટે સહુથી અગત્યની વસ્તુ છે — રાષ્ટ્રની રાજકીય પરાધીનતામાંથી મુક્તિ અને ત્યારબાદ આ તમસમાં અટવાતી પ્રજાને રામકૃષ્ણદેવ તથા સ્વામી વિવેકાનંદે દર્શાવેલ પથ પર આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે લઈ જવી.

જે રાષ્ટ્રની અને જનસમાજની તે સેવા કરવા માગતાં હતાં તેને નજદીકથી પિછાણવા માટે સમગ્ર રાષ્ટ્રનો પ્રવાસ કર્યો અને રાષ્ટ્રના ખૂણેખૂણે પરિભ્રમણ કરી જનતાને નજદીકથી જોઈ તેનાં દુઃખો જોયાં. જ્યાં-જ્યાં ગયાં ત્યાં-ત્યાં વ્યાખ્યાનો દ્વારા પ્રજાને જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો. એ વ્યાખ્યાન-પ્રવાસોમાં તેઓ ગુજરાતમાં અમદાવાદ તથા વડોદરા પણ આવ્યાં હતાં. એ દરમિયાન તેઓ ભારતના અનેક મહાન પુરુષોના પરિચયમાં પણ આવ્યાં હતાં. રમેશચંદ્ર દત્ત, ગોપાલકૃષ્ણ ગોખલે, બિપીનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ, રવિન્દ્રનાથ ટાગોર, જદુનાથ સરકાર જેવા ભારતના અનેકવિધ ક્ષેત્રના સમર્થ સેનાનીઓ સિસ્ટર નિવેદિતાથી પ્રભાવિત થયા હતા.

અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથ વિશે કહેવાયું છે : He touched nothing that he did not adorn. સિસ્ટર નિવેદિતા વિશે આવું વિધાન સહેલાઈથી કરી શકાય. કેળવણી, ઈતિહાસ, ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય, પ્રવાસનોંધ વગેરે જે-જે ક્ષેત્રમાં એમણે પ્રવેશ કર્યો છે, તેને એમણે પોતાની નિસર્ગદત્ત પ્રતિભાના પ્રકાશથી અલંકૃત કર્યું છે.

જેવું એમનું વાઙ્મય હતું તેવું જ એમનું વ્યક્તિત્વ પણ હતું. એમના બાહ્યાન્તર વ્યક્તિત્વ વચ્ચે જાણે કશો જ ભેદ ન હતો. બંનેમાંથી તેજના તણખા ઊડતા. સ્વામી વિવેકાનંદે જેમ રામકૃષ્ણનું શિષ્યત્વ સ્વીકારતાં પહેલાં ઉગ્ર મનોમંથન અનુભવ્યું હતું. તેમ સ્વામી વિવેકાનંદનાં શિષ્યા બનતાં પહેલાં સિસ્ટર નિવેદિતાએ પણ એવું જ ઉગ્ર મનોમંથન અનુભવ્યું હતું.

ભારત એમને શી રીતે ભૂલી શકે ? એમનું ખોળિયું ભલે અંગ્રેજ મહિલાનું હતું, પરંતુ એમનો આત્મા સંપૂર્ણાંશે ભારતીય હતો, એટલે એમણે પોતાનું સર્વસ્વ ભારતને ચરણે ધર્યું.

આજે પણ સ્ત્રી-કાર્યકરોને સમાજસેવાનું કાર્ય કરવામાં અનેકવિધ મુશ્કલીઓ પડે છે, તો એ જમાનામાં એક પરદેશી બહેનને માટે કાર્ય કરવું કેટલું મુશ્કેલ હશે ! છતાં તેઓએ જે રીતે કાર્ય કર્યું છે તે આજનાં બધાં સ્ત્રી-કાર્યકરો માટે પ્રેરણાજનક છે.

આજે આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહ્યાં છીએ ત્યારે પશ્ચિમમાં જન્મેલ આ વિભૂતિ ભારતને જે રીતે બિરદાવે છે, ભારતીય નારીના આદર્શને જે રીતે વંદનીય ગણે છે, ભારતના પ્રાચીન વારસા તરફ જે અહોભાવથી જુએ છે તે આપણા માટે આંખ ઉઘાડનાર બની રહેવું જોઈએ. તેઓ માનતાં હતાં કે જો ભારતનાં યુવકયુવતીઓ ભારતનો પ્રાચીન વારસો જાળવી રાખી પ્રામાણિકતાથી, નિષ્ઠાથી અને નવા ઉત્સાહથી કાર્ય કરવામાં રત થઈ જાય તો ભારતનું નવનિર્માણ મુશ્કેલ નથી.

તેઓએ પોતાનું સમગ્ર જીવન ભારતની સ્વતંત્રતા અને ભારતીય નારીના ઉદ્ધાર માટે ખર્ચી નાખ્યું. સતત કામ અને આરામ વિનાના જીવનને લઈ તેઓ તૂટી પડ્યાં. ૪૪ વર્ષની નાની વયે તેઓનો દિવ્ય આત્મા આ નશ્વર દુનિયા છોડી અનંત તેજ સાથે ભળી ગયો. તેઓના જવાથી

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# અધિકારીઓનો એકાધિકાર

**રણછોડ શાહ**

૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુ વાડી, જેતલપુર રોડ,
વડોદરા-૪૦૦૦૦૭. મો. : ૯૯૭૯૮૬૧૬૩૧

એક જમાનામાં પ્રત્યેક ગામમાં સમાજના શ્રેષ્ઠીઓનું એક વર્તુળ બનેલું રહેતું. આ આગેવાનોનું કાર્ય સમાજોત્થાનનું રહેતું. તેઓ માત્ર અને માત્ર સેવાની ભાવનાથી આ જવાબદારી નિભાવતા. સમાજમાં તેમનું સ્થાન, માન, સન્માન એક અલગ પ્રકારનું રહેતું. તેઓ પણ નીતિ, મૂલ્ય અને સદ્ભાવનાની વાતો જ કરતાં તેવું નહીં પરંતુ આચરણમાં પણ મૂકતા. ગામની પ્રત્યેક સમસ્યાનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરી કોઈપણ જાતના ભેદભાવ કે દબાણ વિના નિરાકરણ લાવતા. તેઓ સમગ્ર સમાજમાં 'આદર્શ' તરીકે ઓળખાતા. પોતાના વ્યક્તિગત સ્વાર્થને બાજુ પર રાખી સમાજોત્કર્ષ માટે જે કરવું પડે તે કરતા. ક્યારેક તો નવો ચિલો ચાતરવાનો હોય તો તેની શરૂઆત સ્વથી કરતા. ક્યાંક પોતાના કુટુંબીજનો કે મિત્રોને સહન કરવું પડે તો તે કરીને પણ ગ્રામોદ્ધારના કાર્યમાં પોતાનું સર્વસ્વ હોમી દેતા. છેલ્લા થોડાક વર્ષોથી આ બાબતો પડદા પાછળ સંતાઈ ગઈ હોય તેવું નજરે પડે છે.

વર્તમાન સમયમાં રાજકીય કે સામાજિક નેતા, પોલીસવડા કે જિલ્લાના વિવિધ વિભાગના વડાઓ જે તે ગામના શ્રેષ્ઠીઓ જ છે. સૌ તેમનાથી પરિચિત હોય છે. તેમની પાસેથી એક આદર્શપૂર્ણ નીતિમત્તાયુક્ત વ્યવહારની અપેક્ષા હોય છે. આ બાબતે જે ઉણા ઊતરે છે તે પોતાની પ્રતિષ્ઠા અને છબીને તો વ્યક્તિગત ધોરણે નુકસાન કરે જ છે પરંતુ સમગ્રપણે સમાજમાં નિરાશા અને હતાશાનું મોજું ફેલાવે છે. તેઓની અયોગ્ય વર્તણૂંક સામાજિક જીવન ઉપર અને ખાસ કરીને યુવા વર્ગમાં નફરતની આંધી ફેલાવે છે. તમામ વસ્તુ ખાડે ગઈ હોય તેવો અનુભવ થતાં આ યુવાનો દિશાશૂન્ય બની જઈ અયોગ્ય રસ્તે આગળ વધવાનો નિર્ધાર કરી બેસે છે.

થોડાક વર્ષો અગાઉ એક શાળામાં આનંદમેળાનું આયોજન થયું હતું. શાળામાં યોજાતી વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓના ભાગરૂપે આ આયોજન થયું હતું. શાળાના વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ આનંદના વાતાવરણ વચ્ચે એકબીજાની નજીક આવે તો બાળકોને સમજવામાં અનુકૂળતા રહે તે આનંદમેળાનો મુખ્ય હેતુ હોય છે. વાલીઓ જુદી જુદી વાનગીઓ બનાવી બાળકોની મદદથી વેચે છે. આનંદમેળાની વ્યવસ્થા કરવાની જવાબદારી શાળાના આચાર્ય અને શિક્ષકો નિભાવે છે. આ પ્રવૃત્તિ દરમિયાનના ખર્ચને પહોંચી વળવા માટે બે કે પાંચ રૂપિયા જેવી નજીવી રકમની ટિકિટ રાખી પ્રવેશ ફી લેવામાં આવે છે. અહીંયા કોઈ કમાણીનો હેતુ હોતો નથી. પરંતુ આ રીતે વિદ્યાર્થીઓના વિવિધ બાબતો શીખવવાની અપેક્ષા હોય છે. જેમાં નાણાંકીય વ્યવસ્થા પણ આવે. આ શાળામાં જે તે સ્થળના જિલ્લા પોલીસવડાના બાળકો પણ અભ્યાસ કરતા હતા. સૌ મુલાકાતીઓ પ્રવેશ દ્વાર પાસેથી બે રૂપિયાની ટિકિટ લઈ આનંદમેળામાં પ્રવેશતા. શાળાના આચાર્યશ્રીના મમ્મી-પપ્પા પણ આજ રીતે ટિકિટ લઈ પ્રવેશ્યા. પપ્પા પણ અગાઉ ઉચ્ચ સરકારી અધિકારી હતા જ. શિક્ષકોના કુટુંબીજનોએ પણ ટિકિટ ખરીદીને જ આનંદમેળાનો આનંદ લૂટ્યો. ત્યારબાદ જિલ્લા પોલીસવડાના પત્ની પ્રવેશદ્વાર ઉપર દાખલ થયા અને તેમને ટિકિટ ખરીદવાનું જણાવતા તેઓ અત્યંત ગુસ્સે થઈ ગયા. તેઓએ પ્રવેશદ્વાર ઉપર ઉપસ્થિત શિક્ષકોને જણાવ્યું કે તેઓ આચાર્યશ્રીને અહીંયા બોલાવે. આચાર્યશ્રી પ્રવેશદ્વાર ઉપર આવ્યા ત્યારે મેડમે અવિવેકી ભાષામાં વાત કરીને ટિકિટ ખરીદ્યા વિના પ્રવેશ મેળવ્યો. આ પ્રસંગે તેમના બાળકો પણ તેમની સાથે જ હતા. આ પ્રકારના લોકો નગરશ્રેષ્ઠીઓની જવાબદારી નિભાવી શકે ખરા ?

નજીવી કિંમતની ટિકિટ નહીં લેવા પાછળ કયો ઉદ્દેશ હોઈ શકે ? ઉપસ્થિત બાળકો, આચાર્ય અને શિક્ષકો કઈ દૃષ્ટિથી જોશે ? મેડમ પોતાના બાળકોને શું અને કયા પ્રકારનું શિક્ષણ આપવા માંગે છે ?

આવો જ એક બીજો પ્રસંગ બન્યો હતો. જિલ્લાના વડાઓના પત્ની શિક્ષિત હોય અને તેઓ કોઈ સંસ્થામાં સેવા આપવા જોડાય તો સંસ્થા ના પાડી શકે નહીં. તેઓ કર્મચારીની પસંદગીના માપદંડો સ્વીકારવા તૈયાર હોતા નથી. તેઓ પાસે જરૂરિયાત હોય તેવી ડિગ્રી ન હોય તો પણ દુરાગ્રહ રાખી સંસ્થામાં નોકરી માટે દુરાગ્રહ રાખે છે. કદાચ કોઈ સંસ્થા સ્વીકારે તો સંસ્થાના નિયમો જાળવવામાં મદદરૂપ થવાની તેમની ફરજ છે તેવું સ્વીકારવા તૈયાર હોતા નથી. તેમનો કામ ઉપર આવવા-જવાનો સમય તેમની અનુકૂળતા પ્રમાણેનો રાખવા માટે વિવિધ પ્રકારનું દબાણ કરવામાં આવે છે. સંસ્થાઓ ના છૂટકે આવી વ્યક્તિઓને તેમના જીવનસાથી જિલ્લા સ્થળે હોય ત્યાં સુધી સ્વીકારે અને જાય ત્યારે હાશકારો અનુભવે.

જાહેર પરીક્ષાઓમાં પણ તેમના સંતાનોને વિશિષ્ટ વ્યવસ્થા મળે તેવો આગ્રહ રાખે છે. તેઓ ઉત્તરવહીમાં ઉત્તર લખવા માટે મદદ માંગતા નથી. ગેરરીતિ માટે પણ આગ્રહ રાખતા નથી. પરંતુ તેઓ અથવા તેમના કુટુંબીજનો જે તે પરીક્ષાના સ્થળે જાય ત્યારે તેમના હાથ નીચે કાર્ય કરતા કર્મચારીઓ અગાઉથી સંસ્થામાં પહોંચી જાય છે. સંસ્થાના અધિકારીને માહિતી આપે છે. ક્યારેક સાહેબ જાતે અને સંતાન સહિત સૌ કુટુંબીજનો સાથે પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચે છે. અધિકારીશ્રી સંસ્થાના વડાની ઑફિસમાં જઈને વડાની ખુરશી ઉપર બેસી જાય છે. આ દૃશ્યની અત્યંત ખરાબ અસર સંસ્થાના ભાવાવરણ ઉપર પડે છે. અન્ય સૌ પરીક્ષાર્થીઓ વર્ગમાં પહોંચી જાય ત્યારબાદ આ પરીક્ષાર્થીનો જે તે વર્ગમાં પ્રવેશ થતાં સૌનું ધ્યાન તે તરફ જાય છે. વાતાવરણમાં બિનજરૂર તાણ પેદા થાય છે. ખંડનિરીક્ષકથી લઈ સૌ વિદ્યાર્થીઓ એક જુદી પરિસ્થિતિનો અનુભવ કરે છે.

આ બાળકો મોટા થાય અને તેમને આવી વિશિષ્ટ સવલતો બધી જગ્યાએ ન મળે ત્યારે મુંઝાય છે અને અકળામણ અનુભવે છે. યોગ્ય વર્તન કે દેખાવ કરવાનું તેમના માટે શક્ય બનતું નથી. સમગ્ર જિંદગી માટે તેઓ પરાવલંબી બની જાય છે. કદાચ અધિકારીશ્રીઓ તેમના નોકરીના સમય દરમિયાન તેનો અનુભવ કરી શકતા નથી. પરંતુ નિવૃત્તિ બાદ સંતાનોની હાલત બદતર થઈ જાય છે.

એક શૈક્ષણિક સંસ્થામાં વર્ગખંડના બારણાને સ્ટોપર નહોતી અને ચાર પંખામાંથી એક ચાલતો નહોતો. શૈક્ષણિક સંસ્થાઓમાં સમારકામ દરરોજ થાય તેવી વ્યવસ્થા ભાગ્યે જ હોય. સત્રના અંતે કે વેકેશન દરમિયાન આ કામ થઈ જાય. આ શૈક્ષણિક સંસ્થામાં જિલ્લાના એક ખાસ વિભાગના વડાના સંતાનો અભ્યાસ કરતા હતા. સંતાનોએ ઘેર જઈને ફરિયાદ કરતાં બીજે દિવસે સુથાર અને વાયરમેનને મોકલી આપી સંસ્થામાં રૂઆબ જમાવવાનો પ્રયત્ન થયો. આ સંતાનોમાંથી સહન કરી લેવાનો ગુણ જતો રહેશે તો મોટા થતાં કેવી પરિસ્થિતિ થશે તેની આ સાહેબને ક્યાં ખબર જ છે ? ક્યારેક આવું વર્તન રાજકીય કે સામાજિક નેતાઓનું પણ જોવા મળે છે. સરવાળે તેનું નુકશાન તેમને જ થાય છે તેવું તેમને સમજાય તો પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે.

સાચા અર્થમાં તો જિલ્લાના વડાઓ, વિવિધ ક્ષેત્રના અગ્રગણ્ય લોકો અને અધિકારી - પદાધિકારીઓ સમાજના શ્રેષ્ઠીઓ છે. તેમનું જીવન અને કાર્ય તો અન્યો માટે પ્રેરણાદાયી અને ઉદાહરણીય હોવું જોઈએ. તેઓ સમાજ માટે આદર્શ (Role Model) હોવા જોઈએ. તેઓની વર્તણૂંકમાં તટસ્થતા છલોછલ હોવી જ જોઈએ. તેઓ તો આગવો નિતીમત્તાનો ચીલો ચાતરનારા છે. વાડ ચીભડાં ગળે તેવી પરિસ્થિતિ શું યોગ્ય ગણાય ખરી ?

# સી.બી.એસ.ઈ. સ્કૂલનો મોહ શા માટે ?

**ડો. અશોક પટેલ**

હમણાં કેટલાક દિવસોથી ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યોમાં શાળાઓ ફી વધારો કરે છે તેની સામે સરકાર અને વાલીઓ નારાજ છે. કેટલીક જગ્યાએ નાના-મોટા આંદોલનો પણ થયા છે. આ બધી બાબતોની નોંધ વિવિધ મીડિયામાં પણ લેવાઈ છે. જેમાં સંદેશ સમાચારપત્ર ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે જે અભિનંદનને પાત્ર છે. આ બાબતના અનુસંધાનમાં જ ટી.વી.ની એક ચેનલ પર ઈન્ટરવ્યૂ આપવા જવાનું થયેલું. આ ઈન્ટરવ્યૂ દરમિયાન જ ટી.વી.ના એન્કર દ્વારા વાલીઓના પ્રતિભાવ લાઈવ મેળવવામાં આવેલા. જેમાં વાલીઓને એક પ્રશ્ન પૂછેલો કે, તમે તમારા બાળકને સી.બી.એસ.ઈ. શાળામાં જ અભ્યાસ માટે શા માટે મૂક્યો છે. ત્યારે દુઃખ સાથે કહેવું પડે કે એક પણ વાલીનો જવાબ તર્ક ભરેલો નહોતો. જવાબ એવા હતા કે, પરીક્ષામાં અભ્યાસ કરવા મોકલવા માટે, અંગ્રેજી માધ્યમને કારણે વગેરે. આવા તર્કહીન જવાબ સાંભળ્યા પછી લાગ્યું કે, "વાલીઓ સી.બી.એસ.ઈ. શાળા વિશે જાણ્યા વગર જ દેખાદેખીમાં જ પોતાના બાળકને આવી શાળામાં મૂકે છે." તો આવા વાલીઓને આ લેખ સર્મિપત.

સી.બી.એસ.ઈ. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના બે વાલીને સી.બી.એસ.ઈ.નું પૂરું નામ પૂછ્યું. બંનેમાંથી એક પણ વાલીનો જવાબ સાચો નહોતો ! જે વાલી બોર્ડનું પૂરું નામ નથી જાણતા તે વાલી તે બોર્ડના હેતુઓ અને કાર્યો તો ક્યાંથી જાણતાં જ હશે ! સી.બી.એસ.ઈ.નું પૂરું નામ છે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન. અહીં માત્ર માધ્યમિકની વાત છે, પ્રાથમિક શાળાની વાત નથી. હમણાં જ અમદાવાદ, સુરત અને રાજકોટમાં એવી ફરિયાદો સાંભળવા મળેલી કે, અમારા બાળકો ફલાણી શાળામાં પ્રાયમરીમાં અભ્યાસ કરે છે. અમને સંચાલકોએ કહ્યું હતું કે, અમારી પાસે સી.બી.એસ.ઈ.ની માન્યતા છે માટે અમે અમારાં બાળકોને જે તે શાળામાં પ્રવેશ અપાવેલો. પછી ખબર પડી કે આ શાળા પાસે પ્રાથમિકની સી.બી.એસ.ઈ.ની માન્યતા જ નથી. ત્યારે આવા વાલી નોંધ લે કે, સી.બી.એસ.ઈ. પ્રાથમિક શાળાને માન્યતા આપતું જ નથી. તેનું કાર્યક્ષેત્ર માત્ર ને માત્ર હાઈ સ્કૂલ અને હાયર સેકન્ડરી પૂરતું જ છે. સી.બી.એસ.ઈ. કોઈ પણ શાળાના પ્રાથમિક વિભાગને મંજૂરી આપી ના શકે. તેની સત્તા પણ નથી. તમે આ પણ જાણતા નથી પછી સંચાલકો પાસે પ્રાથમિક વિભાગની સી.બી.એસ.ઈ.ની માન્યતા માગો તો તે ક્યાંથી બતાવશે ? હા, સંચાલકે તમને એવું કહ્યું હોય તો તે ખોટું બોલ્યા છે, પણ સંચાલક તો ગમે તે કહે તમને તો ખબર હોવી જોઈએ ને ? ફરી નોંધ લો કે, સી.બી.એસ.ઈ. માત્ર ધો. ૯થી ૧૨ની જ માન્યતા આપે છે. એક મોબાઈલ ખરીદવા માટે નીકળતો વાલી દસ મિત્રોની સલાહ લે છે અને દસ દુકાને ફરીને પચાસ પ્રશ્નો કરીને પછી મોબાઈલ ખરીદે છે અને આ વાલી પોતાના બાળકને ગમે તે સ્કૂલમાં મૂકે છે અને પછી વાંક અન્યનો કાઢે છે. છેતરાવા માટે તમે જ પહેલ કરી હતી, જેથી છેતરનાર તો મળી જ રહેશે.

મને એ નથી સમજાતું કે, ગુજરાત બોર્ડની શાળાઓ કરતાં સી.બી.એસ.ઈ.ની શાળામાં એવો તે કયો ફાયદો છે ? હાપ નેશનલ લેવલે પ્રવેશ માટે યોજાતી પરીક્ષાઓમાં સી.બી.એસ.ઈ.ના અભ્યાસક્રમને પ્રાધાન્ય મળે છે. જેમ કે મેડિકલ કે આઈ.આઈ.ટી. વગેરે, પણ એની બેઠકો કેટલી ? ગુજરાતમાં મેડિકલની બેઠકો અત્યારે લગભગ ૪,૫૦૦ આસપાસ છે, જે છ હજાર સુધી થશે તેવી વાત છે. આઈ.આઈ.ટી.ની વાત કરીએ તો ગુજરાતમાંથી માત્ર

પચાસ-સો જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો હશે. તો આટલા માટે પોતાના બાળકને સી.બી.એસ.ઈ.ની શાળામાં પ્રવેશ લેવડાવવો તે ગાંડપણ નથી લાગતું ? શું ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ મેડિકલ કે આઈ.આઈ.ટી.માં નથી જતાં અને ધારો કે સી.બી.એસ.ઈ.ની શાળાના વિદ્યાર્થીને તે ફાયદો થતો હોય તો કેટલા વિદ્યાર્થીઓને ? જે હોશિયાર છે તે ગમે તે બોર્ડમાં હશે, તે વિદ્યાર્થી ઈચ્છે ત્યાં પ્રવેશ મેળવવાનો છે અને જે નબળો છે તે ગમે તે બોર્ડમાં હશે. તેને મેરિટમાં પ્રવેશ નથી મળવાનો. વાત રહી બોર્ડર પર આવતા વિદ્યાર્થીઓની. આવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી ? શું વાલી આવી બાબતો વિચારે છે ? અને હા, વાત રહી જેઈઈ પરીક્ષા અને એન્જિનિયરિંગની; તો એમાં તો કૉલેજોની સંખ્યા એટલી બધી છે કે આ કોલેજોને તો પૂરતા વિદ્યાર્થી મળતાં નથી. જેથી જેને એન્જિનિયરિંગમાં જવું છે તેને તો ગમે તે કૉલેજમાં પ્રવેશ સામા પગલે મળી જવાનો છે. તે માટે કયા બોર્ડમાં ભણ્યા છો તે અગત્યનું નથી.

સી.બી.એસ.ઈ.ની શાળા એવા વાલી માટે વધુ ફાયદાકારક છે કે, જે વાલી નોકરી કે ધંધાને કારણે એક રાજ્યમાંથી જાય ત્યારે તેના બાળકને સમાન પ્રકારનો અભ્યાસક્રમ ભણવા મળે. તેને કોઈ મુશ્કેલી ન પડે. જેના ઘરમાં અંગ્રેજીનું વાતાવરણ છે અને જેનું બાળક ખરેખર ખૂબ જ હોશિયાર છે અને જેમણે ભારતને ધ્યાનમાં રાખી અભ્યાસ કરાવવો છે તેમના માટે સી.બી.એસ.ઈ. બરાબર છે. બાકી દેખાદેખી કે પડોશીના કે સગાંના બાળક કરતાં પોતાનું બાળક કે પોતે વધુ ઊંચા છે તે બતાવવા માટે સી.બી.એસ.ઈ.ની શાળામાં બાળકને પ્રવેશ ના લેવડાવશો.

સી.બી.એસ.ઈ.ની શાળાઓ મોટા ભાગે મોટા ટ્રસ્ટ દ્વારા ચાલે છે. જેથી તેમને તેમના બિલ્ડિંગ મોટા, સુવિધાયુક્ત અને આકર્ષક હોય છે. જેઓ ફી પણ એટલી જ ઊંચી પણ લેતા હોય છે. તો વાલીએ એક ભ્રમણામાંથી બહાર નીકળી જવું જોઈએ કે ઊંચી ફી એટલે સારું શિક્ષણ. આ માન્યતા ભૂલ ભરેલી છે. ગુજરાતમાં એવી અનેક શાળાઓ છે કે જે ખૂબ જ નીચી ફી લઈને ખૂબ જ સારું શિક્ષણ અને મૂલ્યો પીરસે છે. અત્યારે જે શાળાઓ ઊંચી ફી લે છે તેમાં મોટા ભાગની કદાચ સો ટકા શાળાઓ સી.બી.એસ.ઈ.ની શાળાઓ છે. હકીકતમાં દરેક વાલી એમ માને છે કે, આ દુનિયાનું શ્રેષ્ઠ બાળક મારું જ છે. તેણે સારામાં સારી ભલે ગમે તેટલી ફી હોય તો પણ ત્યાં જ ભણાવું. જેમાં વાલી ખોટા છે. સારી શાળામાં શિક્ષણ અપાવવું જોઈએ, પણ સારી શાળા એટલે ઊંચી ફી લેતી હોય અને સી.બી.એસ.ઈ. હોય એ જ એ માન્યતામાંથી બહાર આવી જાવ. આપણા ગુજરાત બોર્ડની ઘણી શાળાઓ સારી છે જ. તમારું બાળક હોશિયાર હશે અને તમે વ્યક્તિગત રસ લેશો તો તે ગમે તે બોર્ડમાં હશે તેને કોઈ જ મુશ્કેલી પડવાની નથી. એક નબળી સલાહ પણ આપી શકાય કે, અત્યારે ઊંચી ફી ભરવી અને પછી સારી જગ્યાએ પ્રવેશ ના મળે એના કરતાં સામાન્ય ફી ભરો, વધારાની ફીની બચત કરો. ભવિષ્યમાં પ્રવેશ લેવાનો થાય ત્યારે બચેલા પૈસાનો ડોનેશન આપીને પણ પ્રવેશ મેળવી શકશો. અંતે, ફી સામે બાંયો ચડાવનાર વાલીને કહીએ કે તમે કદાચ સાચા હશો, પણ આવી શાળામાં તમે તમારા સંતાનને શા માટે મૂકો છો. સંચાલકો પાસે લેખિત બાંયધરી લો કે તમારું બાળક ભણશે ત્યાં સુધી આટલી જ ફી લેશે. આવી શાળાઓમાં જો વાલી પોતાના બાળકને મૂકશે નહી તો શાળા આપોઆપ ફી ઘટાડો કરશે, પણ વાલી આવું કરશે ખરા ? અંતે સી.બી.એસ.ઈ.નો મોહ છોડો, તમારા બાળકને ઓળખો, શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓની સલાહ લો, જે શાળામાં બાળકને મૂકવું છે તેનો પાછલા પાંચ વર્ષનો ઈતિહાસ જુઓ. માત્ર ભૂગોળ જોઈ આકર્ષાઈ જશો નહીં. તમારું બાળક ચોક્કસ શાળામાં ભણશે તો જ તેનો વિકાસ થશે તેવું ના માનશો. પૂરતી વિચારણા કરો. જરૂર લાગે અન્ય શાળાની પસંદગી પણ કરી શકાય.

# શિક્ષણનો વિષાદયોગ : ટ્યૂશન પ્રથા

**ડૉ. મીતા એચ. થાનકી**

પ્રોફેસર, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર.

મધ્યયુગના અંગ્રેજ કવિ વિલિયમ ચોસરે કહ્યું છે કે સો ટચના સોનાને જો કાટ લાગે, તો લોઢાનો શો વાંક ? સર્વે વ્યવસાયોમાં શિક્ષકના વ્યવસાયને સો ટચના સોના જેવો ગણવામાં આવ્યો છે. એને જ્યારે ટ્યૂશનની લાલચરૂપી કાટ લાગે ત્યારે સમાજનું નૈતિક પતન થાય છે.

ભારતમાં એક સમય એવો હતો કે જ્યારે ગુરુઓ કોઈપણ જાતના વળતરની અપેક્ષા રાખ્યા વગર સમાજના બાળકોને જ્ઞાન આપવાનું કાર્ય સ્વેચ્છાએ કરતા. રાજ રજવાડાના એ યુગમાં ગુરુઓની ગૃહસ્થી સારી રીતે ચાલે તેની જવાબદારી રાજાઓના શિરે રહેતી અને ગુરુઓનો પરિવાર પણ સંતોષપૂર્ણ જીવન જીવતો. Simple living and High thinking એ તે સમયના ગુરુઓનો જીવનમંત્ર રહેતો.

આજના યુગમાં આ ચિત્ર ૧૮૦° ડિગ્રીએ પરિવર્તન પામી ચૂક્યું છે. આશ્રમ શિક્ષણ વ્યવસ્થાનો લોપ થયો અને શાળેય શિક્ષણ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી ત્યારે શરૂઆતમાં શિક્ષકોના પગારધોરણ ખૂબ નીચા હતા તેથી ખાનગી ટ્યૂશન કરવાની છૂટ આપવામાં આવી જેણે ધીમે ધીમે 'પ્રથા'નું સ્વરૂપ પકડ્યું અને આજે તો આ ટ્યૂશન પ્રથાને પણ ભ્રષ્ટાચારના ભોરીંગે ભરડામાં લીધી છે.

શિક્ષણમાં પેઠેલી ગળાકાપ હરિફાઈ, સ્વ-નિર્ભર શિક્ષણને અપાતું અત્યંત મહત્ત્વ અને લલચાવનારી જાહેરખબરો દ્વારા વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ દ્વારા કારકિર્દી ઘડવા અપાતા વિવિધ આકર્ષણોને પરિણામે ખાનગી ટ્યૂશન ક્લાસોનું વર્ચસ્વ વધતું ચાલ્યું છે અને શાળેય શિક્ષણ તરફ દૂર્લક્ષ સેવાતું ચાલ્યું છે. આજે શાળાના શિક્ષકો જ નહીં, કૉલેજના અધ્યાપકો પણ અત્યંત ઉચ્ચ પગારધોરણ મેળવવા છતાં ખાનગી ટ્યૂશનો કરતા થઈ ગયા છે. એમાંય વળી જો તેઓ પ્રશ્નપત્ર સેટ કરનાર કે ઉત્તર વહી તપાસનાર પરીક્ષકની ભૂમિકામાં હોય તો તો ભ્રષ્ટાચારના છોડ ઉપર જાણે કે રંગબેરંગી ફૂલો ઊગે છે. પોતાનું ટ્યૂશન લેતા વિદ્યાર્થીઓની ઝોળી તેઓ માર્કસના વરસાદથી છલકાવી દે છે. પરિણામે નોન ક્વોલિફાઈડ ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, ટીચર્સ અને અન્ય વ્યવસાયકારોનું સમાજને માથે ચઢી વાગે છે. શિક્ષણક્ષેત્રે આજે વ્યાપેલા આ વ્યાપારને કોઈપણ સંજોગોમાં બંધ કરવો જરૂરી છે.

આપણી શિક્ષણ વ્યવસ્થામાં કેટલીક ગેરમાન્યતાઓ પ્રવેશી ગઈ છે. આજની શિક્ષણ પદ્ધતિ એ વિદ્યાર્થીઓના માનસમાં એવી છાપ ઊભી કરી દીધી છે કે વર્ગખંડ કરતાં ટ્યૂશન ક્લાસ વધારે સારા. પાઠ્યપુસ્તકો કરતાં માર્ગદર્શિકા, એસાઈનમેન્ટ કે પ્રશ્નસંપુટો વધારે ઉપયોગી છે. પરંતુ વિદ્યાર્થી એ બાબત નથી જોઈ શકતો કે ટ્યૂશન ક્લાસમાં તેના પોતાના હિત કરતાં શિક્ષકનું હિત વધારે છે અને માર્ગદર્શિકા કે પ્રશ્નસંપુટો એ તો ખાનગી પ્રકાશનોનો વેપાર ધંધો વધારવા માટે છે. આવી સહાયક સામગ્રીમાંથી ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. એ માટે તો પાઠ્યપુસ્તકની લીટીએ લીટીનું ધ્યાનપૂર્વકનું વાચન જ મદદરૂપ થઈ શકે છે. હા, પ્રાઈવેટ ટ્યૂશન ક્લાસ નબળાં વિદ્યાર્થીઓ માટે પૂરક અભ્યાસની ગરજ સારી શકે પરંતુ આજે તો તમામ વિદ્યાર્થીઓ ટ્યૂશનના સહારે જ પોતાની 'વિદ્યાનૈયા'ને હંકારવા તત્પર જણાય છે તેથી ટ્યૂશન પ્રથા એ પૂરક ન રહેતા શાળેય શિક્ષણનો વિકલ્પ બની રહેલી જણાય છે. શાળેય શિક્ષણ તો ઠીક પરંતુ કેટલીક આધુનક માતાઓ તો પોતાના અઢીથી ત્રણ વર્ષના બાળકને લોઅર કે. જી. માં દાખલ કરે ન કરે ત્યાં તો સાથે સાથે તેમને પણ ટ્યૂશન ક્લાસમાં જોતરી દે છે. આટલું નાનું ગુલાબના ફૂલ જેવું કૂમળું બાળક હજુ જેણે માતાનો ખોળો પણ પૂરેપૂરો છોડ્યો નથી તેને ટ્યૂશન નામના ભંડકિયામાં પૂરી દઈને માતા

આખો દિવસ તેનાથી છૂટ્યાનો આનંદ લેવા લાગે છે.

આજના મમ્મી-પપ્પાઓની ભાગદોડ ભરી જિંદગી એ પણ કદાચ ટ્યૂશન પ્રથાને વધુ પ્રોત્સાહન આપ્યું છે. ટ્યૂશન પ્રથાને વધારે પ્રમોટ કરવામાં આપણી શિક્ષણની નવી તરાહ પણ કોઈક અંશે કારણભૂત જણાય છે. ગુજરાતમાં ઈ.સ. ૧૯૭૬થી અમલી બનેલી નવી શિક્ષણ તરાહમાં અસ્તિત્વમાં આવેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી કેટલીક શાળાઓમાં વ્યાવસાયિક અભ્યાસક્રમો શરૂ કરાયા ત્યારે એવું ધારવામાં આવેલું કે ધોરણ ૧૦ ને અંતે ૫૦% જેટલા વિદ્યાર્થીઓ તો વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં જોડાશે પરંતુ એ ગણતરી ખોટી પડવા લાગી. ઈ.સ. ૧૯૮૨-૮૩ સુધીમાં દર વર્ષે ઉચ્ચતર માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતાં લગભગ ૮.૫૦ લાખ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ જ વ્યવસાયલક્ષી કે ટેકનિકલ અભ્યાસક્રમોને પસંદ કરતાં હતાં. ૮૦% વિદ્યાર્થીઓ તો આર્ટ્સ, કોમર્સ કે સાયન્સમાં સ્નાતક થવાનું જ નક્કી કરતા હતા.

આમ, વિદ્યાર્થીઓનો મોટાભાગનો પ્રવાહ વિદ્યાકીય વિષયો ધરાવતા અભ્યાસક્રમોમાં જ જોડાતા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચાલુ રાખવામાં શિક્ષણ વિભાગને નિષ્ફળતા મળવા લાગી. વળી, વિદ્યાકીય વિષયો ધરાવતા અભ્યાસક્રમોમાં પ્રાયોગિક શિક્ષણનો લગભગ અભાવ હોવાથી તે શિક્ષણ સાવ પુસ્તકિયું બની રહ્યું જેને પરિણામે ટ્યૂશન પ્રથાને વેગ મળવા લાગ્યો.

શિક્ષણની નવી નીતિ ૧૯૮૬ની 'શિક્ષણનો પડકાર'નામની પુસ્તિકામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે, ''શિક્ષણની આ સપાટીએ સૌથી વધુ અસ્વસ્થ કરી મૂકે તેવી બાબત એ છે કે ૮ થી ૧૦ અથવા તો ૧૨ વર્ષના શાળેય શિક્ષણને અંતે પણ વિદ્યાર્થીઓની ગણનાપાત્ર સંખ્યાને તેમના ભૌતિક, સાંસ્કૃતિક અથવા આર્થિક સામાજિક પર્યાવરણને સમજવાની અથવા પોતાની મેળે વિચારવાની શક્તિ પ્રાપ્ત થતી નથી. તેઓ રોજગારના બજારમાં પૂરતા વિશ્વાસ અથવા યોગ્યતા કે વ્યાવસાયિક કુશળતા સાથે દાખલ થતાં નથી.

આટલી ચર્ચાને અંતે કહી શકાય કે જો બાળકને ટ્યૂશન પ્રથામાંથી મુક્ત કરવો હોય તો શિક્ષણને પ્રાયોગિક બનાવવું પડશે. પૂ. ગાંધીજીની બુનિયાદી શિક્ષણ પદ્ધતિને વ્યાવહારિક સ્વરૂપ આપીને પ્રવર્તમાન પ્રવાહોને અનુરૂપ બનાવી શિક્ષણમાં દાખલ કરવી પડશે. કોદાળીથી કમ્પ્યૂટર સુધીની યાત્રા જ શિક્ષણને ટ્યૂશન પ્રથાથી મુક્ત કરી શકશે. તમને શું લાગે છે ??

## વ્હેલો - વ્હેલો જાગું....

**કિરીટ ગોસ્વામી**

એફ-૨૦-૬૬૬, પહેલો માળ, રણજિત નગર,
જામનગર-૩૬૧૦૦૫. મો.:૯૮૭૯૪૦૧૮૫૨

*વ્હેલો-વ્હેલો જાગું...*
*ઝટપટ થૈ તૈયાર હરખથી લેસન કરવા લાગુ !*
*હું વ્હેલો-વ્હેલો જાગું...*

*સાડા-સાતે સ્કૂલ જતાં મમ્મીને આપું પપ્પી !*
*સર્‌ર્‌ર્‌ર્ સાઈકલ પછી ભગાડું; બમ્પ બધાં જઉં ટપ્પી !*
*રસ્તે મળતા ભેરુ સાથે થાતી ગપ્પા-ગપ્પી !*

*લેસનથી કે ભણતરથી તો કદીય હું ના ભાગું !*
*હું વ્હેલો-વ્હેલો જાગું...*

*સ્હેજ બપોરે ટીવી કાં તો વાંચું પુસ્તક ગમતાં !*
*કદીક આઈસ્ક્રીમ; કદીક રોંઢે મેચ અમે સૌ રમતાં !*
*પપ્પાજીની સાથે સાંજે હું ને બ્હેની જમતાં !*

*રાતે ખોળો મમ્મીનો ને સ્વપ્ન પરીનાં માગું !*
*હું વ્હેલો-વ્હેલો જાગું...*

# કોઈ એક સ્કૂલનું નામ બોલો તો

**અનિલ જોશી**

દિવ્યભાસ્કરમાંથી સાભાર

**નોંધ : દિવ્યભાસ્કરમાં પ્રકાશિત થયેલો શ્રી અનીલ જોશીનો આ લેખ સંવેદનશીલ શિક્ષણપ્રેમીઓને વ્યથિત કરે તેવો છે. આલ્ફ્રેડ હાઈ સ્કૂલ રાજકોટનો ઇતિહાસ બહુ જ જૂનો છે. મહાત્મા ગાંધી ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાંક અગ્રગણીય નાગરિકો પણ આ શાળામાં અભ્યાસ કરી ચૂક્યા છે. ત્યારે આંદાજિત ૨૦૦ વર્ષ જૂની સરકારી શાળા બંધ થાય તે ખરેખર દુ:ખદ ઘટના છે. સરકારી ગ્રાન્ટેડ શાળાઓ પછી એ શહેરની હોય કે ગામડાની હોય તેની હાલત ખૂબ જ દયાજનક અને કફોડી છે. સમયસર ગ્રાન્ટ આવે નહીં, સમયસર શિક્ષકો મળે નહી અને વર્ષો જૂના મકાનો અને તેની મરામત અને રખાવત માટે સરકાર તદ્દન ઉદાસીન છે. તેમ ક્હેવું ખોટું નથી. અમારી દષ્ટિએ સરકાર કરતા સમાજ અને સ્થાનિક નાગરિકો આ પરિસ્થિતિ માટે જવાબદાર છે. રાજકોટના સ્થાનિક આગેવાનો અને નાગરિકોનું નિષ્ક્રિયતાનું પરિણામ છે. નાણાનો અભાવ નથી પણ દષ્ટિ અને સંવેદનાનો અભાવ છે. ગાંધીની આ શાળાને અમે અંતીમ સલામ કરીએ છીએ. - તંત્રી**

આજે એક એવા સમાચાર મળ્યા કે રાજકોટની આલ્ફ્રેડ હાઈ સ્કૂલને તાળાં લાગી ગયાં છે. થોડાં વર્ષ પહેલાં ગુલઝારે લખ્યું હતું કે કોઈ નિશાળ પડી જાય છે કે બંધ થઈ જાય છે ત્યારે હું વ્યથિત થઈ જાઉં છું. એ નિશાળમાં હું કે મારું સગુંવહાલું કોઈ ભણતું નહોતું છતાં વ્યથા અભવું છું. આ વાત હું બધે કહેવા જાઉં છું તો સહુ લોકો પ્રગતિશીલ છે એટલે એમને એમાં રસ નથી. આવું કંઈક સંવેદન કવિ ગુલઝારે અનુભવ્યું હતું એવું મને યાદ છે. આલ્ફ્રેડ હાઈ સ્કૂલ બંધ થવા પાછળ અનેક કારણો રહી શકે છે, પરંતુ એક બોલતી ચાલતી નિશાળ બંધ થાય એની મને વ્યથા છે. અરણ્યરુદન છે. આલ્ફ્રેડ હાઈ સ્કૂલ સરકારી નિશાળ હતી. એમાં ગાંધીજી ભણતા હતા. માનનીય સરકારશ્રીએ આલ્ફ્રેડ હાઈ સ્કૂલને ગાંધી મ્યુઝિયમમાં ફેરવવાનો નિર્ણય લીધો છે. સારી વાત છે, પરંતુ મનમાં થોડા સવાલો ઊભા થાય છે. ગુજરાતની કઈ સરકારી સ્કૂલ સારી રીતે ચાલે છે ? સરકારી સ્કૂલની કેટલી પ્રતિષ્ઠા છે ? ગુજરાતી મા-બાપો એમનાં સંતાનોને અંગ્રેજી મીડિયમની નિશાળમાં શા માટે ભણવા મોકલે છે ? ગુજરાતના કેટલા પ્રધાનો અને ધારાસભ્યોનાં સંતાનો સરકારી નિશાળમાં ભણે છે ? કોઈ એક સ્કૂલનું નામ બોલો તો, ગાંધીજી પ્રેરિત બુનિયાદી નિશાળો ક્યાં છે ? સરકારી અધિકારીઓનાં કેટલાં સંતાનો સરકારી નિશાળોમાં ભણે છે ? ગુજરાતની પ્રાથમિક કે માધ્યમિક નિશાળોની ગુણવત્તા કેમ વધતી નથી ?

કોઈપણ નિશાળ બંધ થાય એ સારા સમાચાર હોતા નથી. સરકારી નિશાળો ચાલે પણ એ બંધ જેવી જ ચાલે છે. જૂન મહિનમાં નિશાળનાં તાળા ખૂલશે. બારણા ખૂલશે. વર્ગો ખૂલશે. હાજરીપત્રક ખૂલશે, પણ બાળકોનાં દિમાગ નહીં ખૂલે. સરકારી નિશાળોમાં બહુજન સમાજનાં બાળકો આવે છે. એટલે એનો આભડછેડ ખાનગી શાળાઓ રાખશે. ઊંચી ફી ભરીને પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમની ખાનગી નિશાળોમાં ભણવા મોકલશે. આપનું પ્રાથમિક શિક્ષણ રેઢિયાળ અને ઉપેક્ષિત રહ્યું છે, કારણ કે બાળકો પાસે મતાધિકાર નથી. બાળકોની વોટબેન્ક નથી. એટલે એમાં કોઈને રસ નથી. યુનિવર્સિટીની કૉલેજોમાં યુવાનો ભણે છે. યુવાનો પાસે મતાધિકાર છે. યુવાનો એ વોટબેન્ક છે. એટલે તો યુનિવર્સિટીની સેનેટમાં કે પછી વાઈસ ચાન્સેલરોની પસંદગીમાં રાજકીય પક્ષો ચપ્પટ બેસી ગયા છે. વિદ્યાર્થી પરિષદો સ્થપાઈ છે. પ્રાથમિક શાળાઓનું કોઈ ધણીયારી

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# લર્નિંગ ડિલાઈટ સોફ્ટવેર દ્વારા ભાષા શિક્ષણ

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા : મહુવા, જિ : ભાવનગર.
મો. : ૯૪૨૮૬૧૯૮૦૯

ભાવનગર જિલ્લાની મહુવા તાલુકાની આંગણકા પ્રાથમિક શાળામાં પીડિલાઈટ ઈન્ડસ્ટ્રિઝ મુંબઈ અને ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા શાળા વિકાસ માટે બાળકોને લર્નિંગ સોફ્ટવેર તથા બે એલ.ઈ.ડી. ભેટ આપવામાં આવ્યા હતા. આ લર્નિંગ ડી લાઈટના સહયોગથી ધોરણ ૧ થી ૮ ના અભ્યાસક્રમને ડિજિટલાઈઝેશન કરવામાં આવેલ છે. આ લર્નિંગ સોફ્ટવેર શાળાના સી.પી.યુ.માં ઈન્સ્ટોલેશન કરવામાં આવે છે. આ ત્રણ લર્નિંગ ડી લાઈટ સોફ્ટવેર ઈન્સ્ટોલેશન સાથે બે એલ.ઈ.ડી. મોનિટર પણ આપવામાં આવે છે. ૩૦૦૦૦/- ત્રીસ હજાર રૂપિયાનો સોફ્ટવેર તેમજ ૨૮૦૦૦/- અઠ્ઠાવીસ હજાર રૂપિયાના બે એલ.ઈ.ડી. આપેલા છે. આ સંસ્થા દ્વારા આવનારા વર્ષમાં ૧૦૦ જેટલી શાળાઓને આ સોફ્ટવેર તથા એલ.ઈ.ડી. આપવામાં આવશે. બાળકો બાળવાર્તાઓ, નાટકો, રમતો, પઝલ્સ, ઉખાણાઓ, વિજ્ઞાનના પ્રયોગો વગેરે માણી ગમ્મત સાથે જ્ઞાન મેળવી શિક્ષણ મેળવે છે આ તમામ વસ્તુ શાળાને આપવાથી શાળાના વિદ્યાર્થીઓ ધોરણ ૧ થી ૮ નો અભ્યાસક્રમ કમ્પ્યૂટરના માધ્યમથી ભણે છે. આ અભ્યાસક્રમમાં વિવિધ ગેમ, પરીક્ષાના પેપર, યુનિટ ટેસ્ટ, પ્રયોગ વગેરે વીડિયો સાથે બાળકો સમક્ષ રજૂ થવાથી આનંદ અને ઉત્સાહથી બાળકો શિક્ષણ લઈ રહ્યા છે. મહુવા તાલુકાની અંતરિયાળ અને પછાત શાળાઓમાં આ જ્ઞાનનો દિપક પીડિલાઈટ ઈન્ડસ્ટ્રિઝ સદાય ઝળહળતો રાખી શિક્ષણની જ્યોત જલાવી રાખે છે. આંગણકા શાળાના આચાર્ય પ્રવીણભાઈ મકવાણા, ગામના સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીઓ આ નવતર શૈક્ષણિક ટૅક્નૉલૉજી માટે સદાય ઋણી રહીશું.

અમે અમારી આંગણકા પ્રાથમિક શાળામાં આ લર્નિંગ સોફ્ટવેર દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણ સરળતાથી બાળકોને કમ્પ્યૂટરથી શીખવીએ છીએ. આ સોફ્ટવેર દ્વારા અમો ભાષાશિક્ષણ નીચેની વિવિધ પદ્ધતિ દ્વારા શીખીએ છીએ.

લર્નિંગ સોફ્ટવેર દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણ

(૧) મૂળાક્ષર પદ્ધતિ : બાળકને ભાષામાં પ્રવેશ કરાવવા માટે વર્ણમાળાનો ઉપયોગ અને પરિચય આપવામાં આવે છે. સૌ પ્રથમ મૂળાક્ષર, પછી શબ્દ અને છેવટે વાક્ય એમ ધીરે ધીરે ક્રમિક રીતે આગળ વધાય છે. આ શિક્ષણ પદ્ધતિ દ્વારા નાના બાળકો તેમજ ગુજરાતની કેટલીક પ્રાથમિક શાળાઓમાં જ્યાં પ્રજ્ઞા શિક્ષણ ચાલે છે ત્યાં પણ ઉપયોગી છે.

(૨) શબ્દ પદ્ધતિ અને વાક્ય પદ્ધતિ : વાચનની આ પદ્ધતિમાં કમ્પ્યૂટર પર શિક્ષક સચિત્ર અક્ષર પૂંઠા બતાવે, બાળકો જુએ, વાંચે, શિક્ષક બાળકોના સમૂહને વાચન કરાવે, જુદી જુદી ટુકડી પાડી વાંચન કરાવે, આ બધું ક્રમિક રીતે ચાલે છે.

જેમ કે,

(ક) શબ્દ - પૂંઠા

(ખ) શબ્દ પત્તા જોડી

(ગ) શબ્દ - નિસરણી

(ઘ) બોર્ડ પર શબ્દો લખાવવા

(ચ) અક્ષર પૂંઠાની મદદથી શબ્દો બનાવડાવવા.

(છ) સરળ વાક્યો બનાવવા.

(જ) બાળક પાસે વાંચન કરાવવું.

(ઝ) ચિત્રો સાથે વાક્યો જોડવા.

આમ આ ડિલાઈટ સોફ્ટવેર દ્વારા ધોરણ ૧ થી ૪ ના બાળકોને વાચન લેખનમાં ઘણો સુધારો થયો છે. આ સોફ્ટવેર દ્વારા બાળકો લગભગ ૨૦૦૦ (બે હજાર)

જેટલા શબ્દો આપોઆપ શીખી ગયા છે.

(૩) કથન-ચર્ચા પ્રશ્નોત્તર અને નાટક દ્વારા શિક્ષણ : પ્રાથમિક શાળાઓના બાળકોની એકાગ્રતા ખૂબ જ ઓછી હોય છે. બાળકો ઘણી વાર ધ્યાનથી સાંભળતા પણ હોતા નથી. આ સોફ્ટવેર દ્રશ્ય-શ્રાવ્ય હોવાથી બાળકોને ખૂબ જ મજા આવે છે.

બાળકો શિક્ષકને પ્રશ્ન પૂછે છે, શિક્ષક તેનો જવાબ આપે આ બધું બાળકો જુએ છે. આ નિહાળવાને કારણે શિક્ષકો પણ પોતાના બાળકોને સુયોજન અને સુનિયોજિત રીતે અભ્યાસક્રમ ભણાવે છે.

આ સોફ્ટવેરમાં ધોરણ ૬ - ૮ ના બાળકો માટે વિવિધ એકમો વાર્તા સ્વરૂપે તો કેટલાક એકમો નાટક સ્વરૂપે બતાવવામાં આવે છે. ધોરણ ૬-૮ ના બાળકોની એકમ કસોટી પણ લેવામાં આવે છે. પરિણામ પણ બાળકોને મળે છે. નબળા કે જેઓ વાચન લેખનમાં પ્રગતિ કરી શક્યા નથી તેઓ માટે આ સોફ્ટવેર આશીર્વાદ સમાન છે.

આમ આ સોફ્ટવેર પદ્ધતિ દ્વારા બાળકો સરળ રીતે શાળાના અભ્યાસક્રમને પચાવે છે. આ સોફ્ટવેરને કારણે મહુવા તાલુકાના છેવાડાના બાળકો તેમજ શાળાઓ પણ સુંદર રીતે ભાષા શિક્ષણ ચલાવે છે. બાળકો પણ રમતા રમતા જાણે શીખતા હોય તેવું લાગે છે.

## ગુજરાતી વ્યાકરણના વિરામ ચિહ્નોનો વર્ગમાં સફળ નવતર અભિગમ

મારી આંગણકા પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ના ૮૫ બાળકોને ભાષાના વિરામ ચિહ્નો શીખવવા માટે પ્રયત્ન કર્યો. વ્યાકરણમાં ઘણી ભૂલો જણાઈ આવી. વ્યાકરણનું જ્ઞાન પણ મર્યાદિત જણાયું. વિદ્યાર્થીઓ પરિચ્છેદ વાંચીને પણ ભૂલો કરે છે. લેખન કરાવતી વખતે પણ ભૂલો કરે છે. મુખ્યત્વે બાળકો વ્યાકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન, ઉદગાર ચિહ્ન, પૂર્ણ વિરામ, અવતરણ ચિહ્ન, વગેરેમાં ખૂબ ભૂલો કરે છે. આ ભૂલો નિવારવા માટે મેં મારી શાળામાં ચાલતી પ્રવૃત્તિઓનો ઉપયોગ કરેલો છે. આ પ્રવૃત્તિનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે.

| ક્રમ | આજનો વાર | આજનું મારું વાક્ય | ચિહ્નની ઓળખ |
|---|---|---|---|
| ૧ | સોમવાર | હું ગીત ગાઉં છું. | પૂર્ણ વિરામ . |
| ૨ | મંગળવાર | દાદાજીની લાકડી, લાકડીનો ઘોડો, | અલ્પ વિરામ , |
| ૩ | બુધવાર | આજે રમેશ ક્યાં ગયો ? | પ્રશ્નાર્થ ચિહ્ન ? |
| ૪ | ગુરુવાર | ગાંધી બાપુ કહેતા કે 'સત્ય જ પરમેશ્વર છે.' | અવતરણ ચિહ્ન ' ' |
| ૫ | શુક્રવાર | અરે ! રમેશને તો કેટલું બધું વાગ્યું. | ઉદગાર ચિહ્ન ! |
| ૬ | શનિવાર | ફાગણ - મહિનો આવ્યો, હોળી — ધૂળેટી લાવ્યો. | લઘુ રેખા — |

**પ્રાર્થના કાર્યક્રમમાં વ્યાકરણ શિક્ષણનો સમાવેશ**

અમારી આંગણકા શાળામાં પ્રાર્થના કાર્યક્રમમાં બાળકો સાથે મળીને સંચાલન કરે છે. જેમાં પ્રાર્થના સમિતિના બહેનો દરરોજ બાળકોને નવું નવું જ્ઞાન મળે તે માટે બે મિનિટના નાના નાના એકમો શીખવે છે. આ બધા વાક્યો કે ચિહ્નની વિગત એક બાળક જે શાળા સમિતિના સભ્ય હોય તે એક શાળાના કાળા પાટિયા પર લખી નાખે છે. બાળકો પ્રાર્થના સંમેલનમાં બેસતા પહેલા જોઈ લે છે. વાક્ય પ્રાર્થના સંમેલનમાં બોલાય ત્યારે જે બાળકોએ આ વિગતો વાંચી છે તેઓ તેમજ જેમણે વર્ગમાં ધ્યાન આપેલ છે તેઓને આપોઆપ આવડે છે. શરૂઆતમાં ઓછા બાળકો ધ્યાન આપતાં, પણ ધીરે ધીરે બાળકો રસ લેતા થયા છે. આ દિશામાં જવાબો પણ આપે છે. ધોરણ ૧ અને ૨ ના બાળકો સિવાય બધાજ બાળકોને આવા ભાષા સજ્જતાના મુદ્દાઓ શીખવાની પ્રાર્થનામાં મજા આવે છે.

# અસરકારક શિક્ષણનો નવો અભિગમ - સંરચનાવાદ

**સંજય કોરિયા**

હરિકૃષ્ણનગર-૨, ગંગાભુવન વિસ્તાર, મુ. જસદણ, જી. રાજકોટ.
મો.:૯૮૯૮૦૦૧૯૮૨

વિશ્વ અત્યારે વધુ ને વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે. આ સ્પર્ધામાં તે જ વ્યક્તિ આગળ વધી શકે જે પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી શકે. સિદ્ધિ એ અધ્યયન પ્રક્રિયાની નીપજ છે. શાળા-કૉલેજોમાં અધ્યયનની પ્રક્રિયા સાથે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આખું શિક્ષણતંત્ર સંકળાયેલ છે. અધ્યયન અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક થઈ શકે તે માટે અનેક સંશોધનો થયાં છે. આધુનિક સમયમાં અસરકારક શિક્ષણનો નવો અભિગમ - સંરચનાવાદ અદ્‌ભુત પરિણામો લાવવા સક્ષમ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ પોતાની શક્તિઓને જાગૃત કરી શ્રેષ્ઠત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

**સંરચનાવાદ ની સંકલ્પના:**

અધ્યેતા સક્રિય છે. તે પોતે પોતાના જ્ઞાનની સંરચના કરવા સક્ષમ છે. અધ્યયન સ્વ-નિયમનયુક્ત છે. અધ્યયન અંગેનાં આ વિચારોને સ્વીકારીને સંરચનાવાદીઓ અધ્યાપન યોજનાનું કોઈ રૂઢિગત માળખું મૂકવાને બદલે અધ્યયન અંગેના સંરચનાવાદી વિચારોનો અમલ થઈ શકે તેવા માર્ગદર્શક સિદ્ધાંતો શિક્ષક સામે મૂકે છે. તેઓ અધ્યયન પર્યાવરણ તૈયાર કરવાની ભલામણ કરે છે.

સંરચનાવાદ જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન પર આધારિત છે. સંરચનાવાદ અનુસાર અધ્યેતા નવી માહિતીને પૂર્વજ્ઞાન સાથે જોડીને સક્રિય રીતે પોતાની જ્ઞાનની સંરચના કરે છે. અધ્યયન અધ્યેતાની જ્ઞાન સાથે, અધ્યયન-પર્યાવરણ સાથે કે અન્ય અધ્યેતાઓની સાથેની આંતરક્રિયાના પરિણામે નીપજે છે. આ આંતરક્રિયા જ્ઞાનને બદલાવે છે.

**રૂઢિગત વર્ગખંડ અને સંરચનાવાદી વર્ગખંડની તુલના:**

બ્રુક્સ અને બ્રુકસે (૧૯૯૩) રૂઢિગત વર્ગખંડ અને સંરચનાવાદી વર્ગખંડની રસપ્રદ તુલના કરી છે. જે આ મુજબ છે,

**રૂઢિગત વર્ગખંડ**

(૧) શિક્ષકની ભૂમિકા મુખ્ય હોય છે. વિદ્યાર્થી શ્રોતા બની રહે છે.
(૨) વિદ્યાર્થી મુખ્યત્વે એકલો કાર્ય કરે છે.
(૩) અભ્યાસક્રમ ભાગથી સમગ્ર તરફ અનુસાર રજૂ કરવામાં આવે છે. મુખ્ય ભાર પાયાનાં કૌશલ્યો પર અપાય છે.
(૪) નિયત અભ્યાસક્રમને ચુસ્ત રીતે વળગી આગ્રહ રખાય છે.
(૫) શિક્ષકો વિદ્યાર્થીઓનાં ગૃહકાર્યને પ્રમાણિત કરવા સાચા જવાબો શોધે છે.
(૬) મૂલ્યાંકનને અધ્યાપનથી અલગ ગણવામાં આવે છે.
(૭) વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન મોટા ભાગે કસોટી વડે કરવામાં આવે છે.

**સંરચનાવાદી વર્ગખંડ**

(૧) વિદ્યાર્થીને વિચારક ગણવામાં આવે છે. શિક્ષક માર્ગદર્શક બની રહે છે.
(૨) વિદ્યાર્થીઓ મુખ્યત્વે જૂથોમાં કામ કરે છે.
(૩) અભ્યાસક્રમ સમગ્રથી ભાગ તરફ અનુસાર રજૂ કરવામાં આવે છે. મુખ્ય ભાર વિશાળ ખ્યાલો પર અપાય છે.
(૪) વિદ્યાર્થીઓના પ્રશ્નોને પ્રોત્સાહન આપવાને વધુ મહત્ત્વ અપાય છે.
(૫) શિક્ષકો વિદ્યાર્થીના અધ્યયનને સમજવા તેના દૃષ્ટિબિંદુને શોધે છે.

(૬) મૂલ્યાંકન અધ્યાપન સાથે વણાયેલું હોય છે.

(૭) વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન તેના કાર્ય દરમિયાન શિક્ષકના અવલોકનથી અને તેનાં પ્રદર્શનોથી થાય છે.

**સંરચનાવાદી શિક્ષકની લાક્ષણિકતાઓ :**

સંરચનાવાદી શિક્ષક રૂઢિગત પ્રણાલીથી કાર્ય કરતા શિક્ષકથી અનેક રીતે જુદો પડે છે. સંરચનાવાદી શિક્ષકનાં કેટલાંક લક્ષણો આ મુજબ છે.

**વિદ્યાર્થીઓની કુદરતી કુતૂહલવૃત્તિ અને તપાસવૃત્તિને પ્રોત્સાહન આપે છે.**

સામાન્ય રીતે શિક્ષક કોઈપણ ખ્યાલનો પ્રથમ પરિચય આપે છે અને ત્યારબાદ તેના ઉપયોગ માટેની પ્રવૃત્તિ આપે છે. આ કારણે વિદ્યાર્થીમાં રહેલી કુદરતી કુતૂહલવૃત્તિનો નાશ થાય છે.

સંરચનાવાદી શિક્ષક વિદ્યાર્થીઓને પસંદ કરેલું સાહિત્ય વાંચવા આપે છે ત્યારબાદ વિચારપૂર્ણ અને મુક્ત જવાબી પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીની તપાસવૃત્તિને પ્રોત્સાહિત કરે છે. પછી વિદ્યાર્થીઓને પ્રશ્નો તારવવા કહે છે. તેના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી શિક્ષક સંકલ્પનાત્મક પરિચય આપે છે. ત્યારબાદ સંકલ્પનાનો ઉપયોગ કરાવવામાં આવે છે. તેથી વિદ્યાર્થીઓ નવી સમસ્યા પર કામ કરી સંકલ્પના અંગે વધુ સ્પષ્ટ બને છે.

**વિદ્યાર્થીની પ્રવર્તમાન સમજનો સ્વીકાર કરે છે:**

સામાન્ય શિક્ષક કોઈપણ ખ્યાલ અંગે પોતાની સમજ રજૂ કરે તે પહેલાં વિદ્યાર્થી તે બાબતમાં કેટલી સમજ ધરાવે છે તે જાણવાની દરકાર કરતો નથી. પરિણામે વિદ્યાર્થીઓ પોતાના વિચારો અંગે વિચારવાનું બંધ કરી દે છે.

સંરચનાવાદી શિક્ષક પોતાના વિચારો પર નિયંત્રણ રાખે છે અને વિદ્યાર્થીઓને પોતાના વિચારોને વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. વિદ્યાર્થીઓને શિક્ષક તેમજ સમવયસ્કો સાથે પોતાના વિચારો મુક્તપણે રજૂ કરવાની તક આપે છે અને સુદ્દઢક પૂરા પાડી પ્રોત્સાહિત કરે છે.

**વિશ્લેષણ કરો, સમજાવો, આગાહી કરો, વર્ગીકૃત કરો જેવાં જ્ઞાનાત્મવાદી પદોનો ઉપયોગ કરે છે.**

આપણે જે શબ્દો સાંભળીએ છીએ અને તેનો રોજીંદા જીવનમાં ઉપયોગ કરીએ છીએ તે આપણી વિચારવાની રીત અને ક્રિયાઓ પર અસર કરે છે.

સંરચનાવાદી શિક્ષક પોતાના જે કોઈ અધ્યાપન કાર્યનું આયોજન કરે છે તેમાં આ જ્ઞાનાત્મક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરે છે, જ્ઞાનાત્મક પ્રવૃત્તિઓમાં પૃથક્કરણ, અર્થઘટન અને અનુમાન જેવાં કાર્યો કરવામાં આવે અને તે શબ્દોનો ઉપયોગ વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવે તો તેનામાં નવી સમજનો વિકાસ થાય છે.

**વિદ્યાર્થીઓની સ્વાયત્તતા અને પહેલ કરવાની વૃત્તિને પ્રોત્સાહન આપે છે.**

સ્વાયત્તતા અને કાર્ય કરવામાં પહેલ વિદ્યાર્થીઓનાં વિચારો અને સંકલ્પનાઓ વચ્ચેનાં જોડાણો કરવાના પ્રયત્નોને બળ આપે છે. જે વિદ્યાર્થી પ્રશ્નો અને સમસ્યાઓ રચે છે અને તેનું પૃથ્થકરણ કરે છે, તથા તેનો ઉકેલ શોધે છે. તે પોતાના અધ્યયનની જવાબદારી લઈ શકે છે. તે સમસ્યા ઉકેલનાર બની નવી સમજ માટે પ્રયત્નશીલ બને છે. સંરચનાવાદી શિક્ષક આ બંને લક્ષણોના વિકાસ માટે પ્રવૃત્તિઓ આપે છે તેમજ તેઓને પ્રશ્ન પૂછ્યા બાદ જવાબ આપવા માટે પૂરતો સમય આપે છે.

આમ, આજના સમયમાં દરેક શિક્ષકે સંરચનાવાદી અભિગમ અપનાવી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી, તેના સર્વાંગી વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરવી જોઈએ. જેથી શિક્ષણ પદ્ધતિ રસપ્રદ અને અસરકારક બનાવી શકાય.

**પ્રેરકબિંદુ**

**દરેક સારું કાર્ય પહેલાં અસંભવ લાગે છે.**

**- વિક્ટર હ્યુગો**

# વસિયતનામું –
# એક કેળવણીકારનું

**દિપકભાઈ પટેલ**

પૂર્વ આચાર્ય, ઘરશાળા હાઈસ્કૂલ, સ્વામિનારાયણ હાઈસ્કૂલ, ભાવનગર-૩૬૪૦૦૧. મો. ૯૮૨૫૧૩૬૯૬૯

સામાન્ય રીતે, માણસ યુવાનીથી પ્રૌઢાવસ્થા દરમ્યાન નોકરી - વ્યવસાય કરી, સારી એવી કમાણી કરી, જિંદગીના અંત ભાગે પોતાની તમામ સ્થાવર - જંગમ મિલકત, વગેરેની યોગ્ય વ્યવસ્થા કરતો હોય છે. પોતાની હયાતી દરમ્યાન કે તે બાદ પણ પોતાના પરસેવાની જિંદગીભરની બચતની સંતાનો - કુટુંબીજનો વચ્ચે યોગ્ય વહેંચણીની વ્યવસ્થા કરતો જતો હોય છે. જેથી પોતાની ગેરહાજરીમાં સંતાનો કે કુટુંબીજનો વચ્ચે આવી વહેંચણી વેર-ઝેર ઉભા ન કરે. આવી વ્યવસ્થાને વસિયતનામું કે અંગ્રેજીમાં WILL કે TESTAMENT જેવા નામ અપાયાં છે. વ્યક્તિ સાદા લખાણ દ્વારા કે સરકારી કાગળ પર રજિસ્ટ્રાર દ્વારા તેની કાયદેસરની નોંધણી પણ કરાવતો હોય છે. અથવા તો પોતાની તમામ સંપતિના યોગ્ય વ્યવસ્થાપન માટે કોઈ ટ્રસ્ટની રચના કરી, ભરોસાપાત્ર વ્યક્તિઓને તેનું સંચાલન સોંપી જતો હોય છે.

આતો થઈ કોઈ વ્યક્તિની કમાણી, બચત કે મિલકતની વ્યવસ્થાની વાત. નહેરુ જેવા રાજકીય વ્યક્તિ, લેખક કે સાહિત્યકારે પોતાના મૃત્યુ બાદ, પોતાની ઈચ્છા મુજબની વ્યવસ્થાની વાત 'MY TESTAMENT' નામનાં તેમના વસિયતનામાંમાં હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરી છે. તેમાં તેમનો ભારતદેશ પ્રત્યેનો આદર, પ્રેમ અને લાગણી ભરપુર રીતે વ્યક્ત થઈ છે. નેહરુ આ વસિયતમાં પોતાની કોઈ ભૌતિક સંપતિની વાત ન કરતાં ભારતના પ્રાચીન, સમૃદ્ધ અને સંસ્કારી વારસાની અદ્‌ભુત વાત કરે છે. હિમાલય, ગંગા, વારાણસી અને ભારતનાં સામાન્ય લોકોને આ વસિયતનો ભાગ ગણી, પોતાનાં મૃત્યુ બાદ પોતાનું પાર્થિવ શરીર આ પવિત્ર ભારતીય ભૂમિમાં ભળી જાય તેવી ઈચ્છા તેમણે સાહજિક રીતે વ્યક્ત કરી છે.

આ તો વાત થઈ કોઈ સાંસારિક વ્યક્તિ કે નેહરુ જેવા આદર્શવાદી વ્યક્તિના વસિયતનામાંની. પરંતુ જો કોઈ કેળવણીકાર - શિક્ષક પોતાની જિંદગીભરની તપસ્યા અને નિષ્ઠાભર્યા પ્રયોગોને અંતે પોતાના જીવનનાં અંતિમ સમયે કેવું વસિયતનામું કરે ? પોતાની જીવન ભરની કમાણી - ભૌતિક નહિ પરંતુ તેના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સહ-કાર્યકરો કે સમાજ વચ્ચે રહીને જે કાર્ય તેણે સમાજ ઘડતર માટે કર્યું હોય તેવો કોઈ કેળવણીકાર પોતાની કેવી અંતિમ ઈચ્છા વ્યક્ત કરે ? આ પ્રશ્નોનાં જવાબ આપણને ગુજરાતની મૂર્ધન્ય કેળવણીકાર ત્રિપુટી પૈકી હરભાઈ ત્રિવેદીનાં વસિયતનામાં દ્વારા સરસ રીતે મળી શકે છે. કોઈ શિક્ષક પોતાની જીવનભરની તપસ્યાથી કેળવણી ક્ષેત્રે અનેક ઊંચા સોપાનો સર કર્યા બાદ પણ તેમાં કેવો ઓતપ્રોત થઈ શકે તેની બહુ સરસ રજૂઆત હરભાઈ એ તેમનાં વસિયતનામાંમાં રજૂ કરી છે. આપણે અહીં તેમનાં વસિયતનામાંનાં કેટલાક અંશો જોઈએ.

## પ્રેમ

*'સમગ્ર માનવજાત નો હું વારસદાર છું,*
*માનવી માત્ર મારો વારસદાર છે.'*

મેં ધન સંઘર્યું નથી એટલે ધન વિતરણની ચિંતા જ નથી. મારા શરીર પાસેથી ધાર્યું કામ લેવામાં હું સફળ થયો છું. એટલે જે કોઈ આ વાંચે તે પોતાના શરીરનાં અર્પણથી અંકિત બને તેમ પ્રાર્થું છું.

મારું મન નિશ્ચલ અને સ્વસ્થ રાખવાનાં પ્રયત્નોમાં હું ઠીક - ઠીક સફળતા હાંસલ કરી શક્યો છું. મારા મનની નિર્મળતા ને મેં હંમેશા આકરી કસોટી ઉપર ચડાવેલ છે. એવી કસોટીઓ જોખમી હોય છે અને ગંભીર પરિણામો લાવનારી પણ હોય છે. મને આનંદ અને સંતોષ છે કે

મારા મનની નિર્મળતાનું અને સ્વાસ્થ્યનું ત્રાજવું મેં કદી ગુમાવ્યું નથી. હું નહિ હોઉં ત્યારે મારી પાછળ કુટુંબ - કબીલો કેટલો અને કેવા સ્વરૂપમાં હશે તેની ખબર નથી. પણ જે હશે તેને મેં જીવનની જે તાલીમ આપી છે તે તાલીમ પોત-પોતાનું જીવન ઊજળું, તેજસ્વી અને પ્રમાણિક બનાવવામાં ખપ લાગવાની છે તેવી લાગણી હું અનુભવી રહ્યો છું.

કેળવણી ને મેં મારો જીવન ધર્મ ગણ્યો. બાળક માત્રને મારું સર્વસ્વ આપવાના મેં મનોરથો સેવ્યા. હું તેમાંયે ઠીક ઠીક સફળ થયો છું તેમ માનું છું.

પ્રેમ ધર્મ ને મેં માનવીનો સર્વોત્તમ ધર્મ ગણ્યો છે. મારે કોઈ દુશ્મન નથી કારણ કે સૌ કોઈને મેં પ્રેમ નજરથી નિહાળ્યા છે. શિક્ષક તરીકેની મારી સમગ્ર કારકિર્દી દરમ્યાન મેં એક માત્ર પ્રેમ તત્ત્વની જ ઉપાસના કરી છે. મારા વિદ્યાર્થીઓ સાથે, સહકાર્ય કર્તાઓ સાથે, ટૂંકમાં પ્રાણી માત્ર સાથે મેં જીગરથી પ્રેમ કર્યો છે, બદલામાં મને નિર્ભેળ પ્રેમ મળ્યો છે.

આજે સંતોષ અને ગર્વ અનુભવું છું કે મારી જીવન યાત્રા સફળ બની છે, મને હવે કશાની એષણા નથી. શેષ જીવન પણ પ્રેમ ધર્મની ઉપાસનામાં જ ગાળીશ. પ્રેમ તત્ત્વ ને મેં ઈશ્વરી તત્ત્વ માન્યું છે. ઈશ્વર ને પામવા હશે તો પ્રેમ તત્ત્વ મને ત્યાં લઈ જશે તેવી મારી શ્રદ્ધા છે.

મારા પરિચયમાં આવેલા સહુ કોઈ - પછી તે કુટુંબીજનો હોય, સહ-કાર્યકરો હોય કે પ્રશંસકો, શુભેચ્છકો કે નિન્દકો હોય - તે સૌ નિર્ભેળ પ્રેમનું રાજ્ય સ્વીકારો. પ્રેમનાં એ ઝરણાંમાં નહાવાથી જીવનની મુક્તિ છે, તેવો દાવો જીવનભરના પ્રયોગો અને અનુભવોમાંથી મેં પ્રાપ્ત કર્યો છે.

સૌનું કલ્યાણ થાઓ.''

આજીવન કેળવણીકાર એવા હરભાઈના વસિયતનામાંના આ છે શબ્દો. તેનું શીર્ષક છે 'પ્રેમ'. સમગ્ર વસિયતનો સાર આ 'પ્રેમ' શબ્દમાં છે. તેમના દ્વારા વ્યક્ત થતી પ્રેમની પ્રબળ લાગણી અનુભવી શકાય છે.

કોઈ શિક્ષક આજીવન પોતાના વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, મિત્રો, પ્રશંસકો કે નિન્દકો - તમામ પ્રત્યે પ્રેમભાવ કેળવી શકે તે વાત જ હૃદય ને સ્પર્શ કરનારી છે. સાચો શિક્ષક કે કેળવણીકાર જ પોતાના હૃદયમાં આવી પ્રેમની પ્રબળ લાગણી પ્રગટાવી શકે. જે શિક્ષક પોતાને સમગ્ર માનવજાતનો વારસદાર સમજતો હોય, તેમજ જે માનવી માત્ર ને પોતાનો વારસદાર ગણી શકતો હોય તેની હૃદયની વિશાળતા આપણા મનને ઝંકૃત કરી જાય તેવી છે.

આ સંદર્ભે હરભાઈ એ પોતાના વિદ્યાર્થીઓ ને સર્વસ્વ ગણ્યા છે. પોતાનો વારસો કુટુંબીઓ વચ્ચે વહેંચવાની વાતનો છેદ ઉડાડી, પોતે કેળવણી ક્ષેત્રે જે કંઈ પ્રાપ્તિ કરી છે તેનો એક માત્ર હકદાર તે પોતાના વિદ્યાર્થીને ગણે છે. તેમના કુટુંબીઓને, તેમણે આપેલી તાલીમનો જ સક્ષમ વારસો ગણી, આ તાલીમ જ તેમના જીવનને ઉન્નત બનાવશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરે છે. પોતાના બાળકો-સંતાનોને પોતાનું સર્વસ્વ આપવાને બદલે બાળક - માત્રને પોતાનું સર્વસ્વ આપવાનો મનોરથ તે સેવે છે.

આવા ઉત્કૃષ્ઠ માનવી અને કેળવણીકાર હરભાઈ પ્રેમ ને જ પોતાનો માનવ-ધર્મ ગણે છે. તેઓ તમામને આજીવન પ્રેમ દૃષ્ટિથી જ નિહાળતાં રહ્યાં છે. તેમનું સમગ્ર જીવન આવા પ્રેમ તત્ત્વની ઉપાસનામાં જ પસાર કર્યું છે. પોતાની સાથે કામ કરનાર તમામને હરભાઈ પોતાના જીગરથી પ્રેમ કરે છે. તેમના મતે પ્રેમ એ ઈશ્વરીય તત્ત્વ છે. કોઈ ઉચ્ચ કક્ષાનો માનવી જ પ્રેમને ઈશ્વરીય તત્ત્વ ગણીને જીવનભર તેની ઉપાસના કરી શકે.

આજના સમયમાં શિક્ષણ એ ધર્મને બદલે વ્યવસાય બની ગયો છે. ફક્ત પૈસા કમાવાનો ઉદ્યોગ બની ગયો છે તેવા સંજોગોમાં હરભાઈ એ કરેલું વસિયતનામું આપણા હૃદય અને મનને ઝાકઝોરનારું બને છે. આજના વ્યાપારીકરણ વચ્ચે ઉછરેલ શિક્ષકોની આખી પેઢીને

હરભાઈનું આ વસિયતનામું કદાચ વધારે પડતું લાગણી ભરેલું જણાય તે સ્વાભાવિક છે. પણ હરભાઈ જે પ્રકારનું જીવન જીવી ગયા તેનો જેમને અંદાજ હોય તેમને માટે આ વસિયતનામું સમાજનાં તમામ બાળકો માટે એક અલગ પ્રકારની અનુભૂતિ બની રહે છે. આવું વસિયતનામું લખવાની હેસિયત તે વ્યક્તિ જ કરી શકે જેણે કેળવણી ને જ પોતાનો જીવન ધર્મ ગણ્યો હોય. કેળવણીને કમાણીનું સાધન સમજનાર આજની પેઢીને કદાચ હરભાઈના હૃદયની આવી ઉચ્ચ લાગણી સમજવી કે અનુભવવી અઘરી થઈ પડે.

હરભાઈ જણાવે છે કે મારે કોઈ દુશ્મન નથી. આવું ત્યારે જ શક્ય બને કે તેમણે સૌ કોઈને પ્રેમ નજરથી નિહાળ્યા હોય, જેમણે સમગ્ર કારકિર્દી દરમ્યાન પ્રેમતત્ત્વની જ ઉપાસના કરી હોય. તેઓ ઈશ્વરને પામવાની એષણા રાખતા નથી. પણ જો ઈશ્વરને પામવાના હશે તો પણ આ પ્રેમ તત્ત્વ જ તેમને ઈશ્વર સમીપ લઈ જશે તેવી અખંડ શ્રદ્ધા તેઓ આ પ્રેમ તત્વમાં ધરાવે છે. જીવનની મુક્તિ પણ આ પ્રેમતત્ત્વ થી મળશે તેવી શ્રદ્ધા તેઓ વ્યક્ત કરે છે.

એવું નથી કે હરભાઈની પેઢીના સમયગાળામાં જ આવા વિદ્યાર્થીઓ પ્રત્યેના પ્રેમતત્ત્વની ઉપાસના શક્ય હતી. સમયનાં દરેક તબક્કે કોઈ પણ શિક્ષક માટે આવા પ્રેમ તત્ત્વની ઉપાસના કરવી શક્ય છે. અને તેને આધારે જ ભાવિ પેઢીને જીવનનાં યોગ્ય રહે દોરી, સમાજનાં પથદર્શક બની શકાય છે તેવા અનેક ઉદાહરણો આધુનિક સમયમાં મળી આવે છે. આવું જ એક ઉદાહરણ જોઈએ જેમાં હરભાઈ એ કરેલી પ્રેમ તત્ત્વની ઉપાસના નો પડઘો જોઈ શકાય છે.

વિદેશના 'જહોન હોપકિન્સ' યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના એક અધ્યાપકે તેમના વિદ્યાર્થીઓને સામાજિક પ્રવૃત્તિના ભાગ રૂપે એક 'assignment' સોંપેલું. વિષય હતો ભારતનાં મુંબઈ શહેરની ઝૂંપડપટ્ટીમાં રહેતા બારથી સોળ વર્ષની ઉંમરનાં બાળકોને અભ્યાસ કરવો. તેમના ઘર-કુટુંબની તેમજ તેમની સામાજિક પરિસ્થિતિની સમીક્ષા કરીને ભવિષ્યમાં આવા બાળકો શું બની શકશે તેની જાણકારી મેળવવી.

આ વિદ્યાર્થીઓ ઝૂંપડપટ્ટીના આવા બસ્સો બાળકોનાં ઘરની પૃષ્ઠ ભૂમિકા, માં-બાપની આર્થિક પરિસ્થિતિ, તેમનું શૈક્ષણિક સ્તર, દારૂ તેમજ નશીલી દવાઓની બદી વગેરે વિવિધ પાસાઓની જાણકારી મેળવી. તમામ બાળકોને વ્યક્તિગત મળી તેમનાં વિચારોને ઊંડાણપૂર્વક જાણ્યા. મહિનાઓના પરિશ્રમ બાદ આ અભ્યાસ પૂર્ણ થયો.

આ 'assignment' નો નિષ્કર્ષ તે વિદ્યાર્થીઓએ એવો તારવ્યો કે મુંબઈનાં આ કુખ્યાત ઝૂંપડપટ્ટીના આ બસ્સો બાળકોમાંથી લગભગ પંચાણું ટકા બાળકો મોટા થઈ, ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ થઈ જશે. નેવું ટકા જેટલા બાળકો યુવાન વયે ઘણો ખરો સમય જેલમાં વિતાવશે. ફક્ત પાંચેક ટકા બાળકો જ મોટા થઈ સારું જીવન જીવી શકશે.

આ અભ્યાસનાં તારણો બાદ લગભગ પચ્ચીસ વર્ષ પછી અન્ય એક અધ્યાપકના હાથમાં આ અભ્યાસ અને તેના તારણો આવતાં, તેમને હકીકત જાણવામાં રસ પડ્યો. તેમણે આ કામ તેમના હાથ નીચેનાં વિદ્યાર્થીઓનાં એક ગ્રૂપને સોંપ્યું. બધા વિદ્યાર્થીઓ ફરી પાછાં એ વિસ્તારમાં ગયા.

પેલા બસ્સો બાળકો વિષે તપાસ કરતાં તેમાંના લગભગ એકસો એંશી જેટલા વિદ્યાર્થીઓને આ ગ્રૂપ મળવામાં સફળ થયું. તેમણે તેમને મળીને તેમના જીવન વિષે જાણકારી મેળવી નોંધો કરી ત્યારે તેમને આશ્ચર્ય થયું.

અગાઉના અભ્યાસનાં તારણોથી વિપરીત વાસ્તવિકતા તેમની સમક્ષ આવી. બસ્સો પૈકી જીવિત રહેલાંમાંથી ફક્ત ચાર જ જણ યુવાન વયે કોઈ સામાન્ય ગુનાસર, બહુ થોડો સમય જેલમાં ગયેલા. અન્ય યુવાનો ખૂબ સામાન્ય જીવન પસાર કરતાં માલુમ પડ્યા.

આ તારણોથી આ અધ્યાપક અને તેમના ગ્રૂપનાં આ વિદ્યાર્થીઓને આશ્ચર્ય થયું. ગુનાઓના જન્મસ્થાન જેવી આ જગ્યામાં આવું કેવી રીતે બની શકે ? આટલાં મોટા પ્રમાણમાં આ છોકરાઓ સારી, મહેનત અને ઈમાનદારીભરી જિંદગી જીવે તે કેવી રીતે શક્ય બને ?

આ મૂંઝવણનો જવાબ તેમણે મોટા થઈ ગયેલા આ છોકરાઓને જ પૂછ્યો. લગભગ બધાનો જવાબ એક સરખો જ જણાયો. દરેકે એવો જવાબ આપ્યો કે અમે ખરેખર આડા રસ્તે ચડી ગયા હોત. પરંતુ અમારાં એક શિક્ષિકાબેન હતાં કે જેમણે અમને સાચો રસ્તો બતાવ્યો. અમારી કાળજી લીધી. અમને પ્રેમ અને હૂંફ આપ્યા.

આ બધાના જવાબથી આ ગ્રૂપને આ શિક્ષિકાબેન વિષે વધારે જાણવામાં રસ પડ્યો. તેમને આ છોકરાઓ પાસેથી જ તેમનું નામ, સરનામું જાણી તપાસ કરી, તેમના ઘરે પહોંચ્યા. આ શિક્ષિકાબેન હવે નિવૃત્ત થઈ ગયા હતાં. તેમને પૂછવામાં આવ્યું કે તેમણે એવો તે કેવો ચમત્કાર કર્યો કે આમાંનો દરેક છોકરો ખૂબ સારો માણસ બની શક્યો ?

શિક્ષિકાબેને બહુ સહજતાથી જવાબ આપ્યો કે મને ચમત્કાર થોડો આવડે ? મેં તો આ તમામ બાળકોને મારા સંતાનોની જેમ જ પ્રેમ કર્યો હતો.

શિક્ષકનાં વિદ્યાર્થી તરફનાં પ્રેમની આ છે તાકાત !!! એ ધારે તો આ પ્રેમ તત્ત્વ બતાવી, એક સારા માણસનું ઘડતર કરી શકે. આવો શિક્ષક જ વિદ્યાર્થીને પ્રેમ આપી, તેનો પ્રેમ પ્રાપ્ત કરી શકે. પ્રેમ દ્વારા જ આવો શિક્ષક બાળકમાં પડેલી સુષુપ્ત સંવેદના જાગૃત કરી શકે. અને સારા નાગરિકનું ઘડતર કરી શકે.

હરભાઈ જેવા કેળવણીકાર કે જેમણે જીવનભર આવા પ્રેમ તત્ત્વની ઉપાસના દ્વારા પોતાના હજારો વિદ્યાર્થીઓને પ્રેમ કરી, તેમના જીવનને ઉત્કૃષ્ટ બનાવ્યા. એક સાચો, સક્ષમ અને કર્મઠ શિક્ષક જ આવા પ્રેમ તત્ત્વને પામી, આ તત્ત્વ થકી જ પોતાના વિદ્યાર્થીઓનાં જીવન બદલી શકે !

સલામ છે આવાં પ્રેમતત્ત્વ થી ભીંજાયેલા સાચા શિક્ષકોને !!!

---

## કોઈ એક સ્કૂલનું નામ બોલો તો

નથી. ગુજરાતની ગાંધીવાદી સંસ્થાઓ ભાવિ પેઢીને સાવ પી ગઈ છે. ગાંધીપ્રેરિત બુનિયાદી શિક્ષણનું ઊઠમણું થઈ ગયું છે. સર્વોદયનો કન્સેપ્ટ ઝાંખો પડી ગયો છે. મ્યુઝિયમનો વિચાર સારો હોવા છતાં એમ કહેવું જોઈએ કે પોરબંદરમાં ગાંધી મ્યુઝિયમ છે. માત્ર ફોટાઓ અને રેંટિયો કે તકલી મૂકવાથી મ્યુઝિયમ થતું નથી. આ તો નિશાળ છે. ગૂજરાત વિદ્યાપીઠ કે બીજી ગાંધીપ્રેરિત સંસ્થા આલ્ફ્રેડ હાઈ સ્કૂલને દત્તક લઈ શકે.

હમણાં હું મોરબી ગયો ત્યારે મેં જોયું કે ગિલ્સન મિડલ સ્કૂલની ભવ્ય ઈમારતમાં પંચાયત કચેરી બેસે છે. સ્કૂલ બંધ છે. વી.સી. હાઈ સ્કૂલની ભવ્ય ઈમારત સાવ ખડતૂસ હાલતમાં મરવા વાંકે જીવી રહી છે. ગોંડલની ભવ્ય તાલુકાશાળાની ઈમારત એનું તેજ ગુમાવી બેઠી છે. પ્રાથમિક શાળાના શિક્ષકો પાસે બીજાં અનેક સરકારી કામો કરાવાય છે. પગારધોરણ કેવાં છે એની મને ખબર નથી. યુનિવર્સિટીના અધ્યાપકો પ્રાથમિક શાળાના શિક્ષકોને ‘માસ્તર’ કહે છે. ગુજરાતની કેટલીક નિશાળોમાં તો શિક્ષકો જ અપૂરતા હોય છે. વર્ગો રખડી રહ્યા છે. શિક્ષકોનું કેલીબર કે સજ્જતા પ્રભાવહીન છે. સરકારી ટેક્સ્ટબુકમાં જે વાનગી મૂકવામાં આવી છે એમાં પોષણ નથી. સદ્ભાગ્યે સરકારી ટેક્સ્ટબુકોમાં વિદ્યાર્થીને રસ પડતો નથી. ટેસ્કટબુક બનાવવાની એક રેસિપી છે. ૧૦૦ ગ્રામ દેશભક્તિ, ૧૦ ગ્રામ પ્રાર્થના, ૨૦ ગ્રામ રામ રહીમ, ૧૫ ગ્રામ વૃક્ષો, થોડુંક પર્યાવરણ અને થોડાક મહાપુરુષો નાખો એટલે ટેક્સ્ટબુક તૈયાર. ટુ મિનિટ. આલ્ફ્રેડ હાઈ સ્કૂલ સરકારી નિશાળ હતી એટલે જ એનો કરુણ અંત આવ્યો.

# અદ્‌ભૂત વાર્તા : 'રજાચીઠ્ઠી'

## ડૉ. વિષ્ણુ એમ. પ્રજાપતિ

ઘરમાં વેકેશનની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

'ચાર દિવસ પછી તો આપણે પ્લેનમા બેઠા હોઇશું..... અને ખૂબ મજા કરીશુ...!' મમ્મી તો ગોવા જતી ફ્લાઇટમા જાણે સૌ બેસી ગયા હોય છે તેવુ આભાસી ચિત્ર મોટા દીકરા આયુધ અને નાની દીકરી રિધ્ધિને બતાવી રહી હતી.

'અને જો મમ્મી... હું બીચ પર ખૂબ ન્હાવાનો છું... તું મને રોકતી નહી...!!' દસમા ધોરણની પરીક્ષા પૂરી થયા પછી આયુધ ક્યારનો'ય વેકેશનની મોજમસ્તીના સપના જોઇ રહ્યો હતો.

'પણ.... મમ્મી.... આ ફરવા જવાનો ખર્ચ કેટલો થશે?' ક્યારનીયે ચૂપ બેસેલી રિધ્ધિએ મમ્મીને પૂછી લીધું.

'એ.. તો.. તારા પપ્પાને ખબર...!!' મમ્મી એ જવાબ વાળી દીધો તો ખરો, પણ જે ચિંતા મોટા વ્યક્તિને થવી જોઇતી'તી તે ચિંતા ઘરની સૌથી નાની વ્યક્તિ જે હજુ તો ચોથા ધોરણની પરીક્ષા આપી તે રિધ્ધિ કરી રહી હતી.

'પણ.. જુઓ આ વખતે હું તમારું કોઇ બહાનુ નહી ચલાવી લઉં... મારી બધી બહેનો તો આખુ ભારત ફરી આવી... તમે મને અંબાજીથી ક્યાંય આગળ નથી લઇ ગયા....!!! ગમે તે કરી આ વેકેશન તો મારે ગોવા જ જવુ છે.....!!!' આ સ્ત્રીહ્ઠે વશિષ્ઠને મજબૂર કરી દીધો હતો.

જો કે તે સ્ત્રીહ્ઠ પૂરી કરવા પાછળ વશિષ્ઠે પોતાની પ્રામાણિકતા દાવ પર લગાવી દીધી હતી. પોતાની કંપનીમા એક મોટો ઓર્ડર અપાવવા માટે સામેની કંપની પાસે ગોવાનું પેકેજ લાંચ પેટે લઇ લીધું હતું.

વશિષ્ઠની અંદરનો વસવસો દૂર કરવા તેની પત્નીએ જ પ્રેક્ટિક્લ એપ્રોચ સમજાવ્યો હ્તો.

વશિષ્ઠની પત્નીએ અને આયુધે તો પોતાની સોસાયટી અને દરેક જાણીતાને પોતે વેકેશનમાં પ્લેનમાં ફરવા જવાના છે તેની જાહેરતો કરી દીધી હતી.

મમ્મીએ ત્રીજી વાર બધું પેકીગ ચકાસી લીધું.. અને બસ હવે તો ગોવામા જ શાંતીથી સૂઇ શક્શે તેવા શમણાંમાં ખોવાઇ જતી...

રાત્રે બાર વાગે સેકન્ડ શિફ્ટ પૂરી કરી વશિષ્ઠ ઘરે આવ્યો.

તેના ચહેરા પર નૂર ઓછું હતું... તે ચૂપ હતો... પત્નીએ આજે પહેલી વાર રાત્રે મોડે ગરમ-ગરમ રસોઇ બનાવી આપી.

ચોથા કોળીએ તો વશિષ્ઠે તો કહી દીધું,.. 'મારી રજા મંજુર થઇ નથી... બધા વેકેશનમા રજા લેશે તો કંપની કેવી રીતે ચાલશે ? શેઠે હમણા રજા નહી મળે તેમ સ્પષ્ટ કહ્યું છે..!!' આ વાક્ય પૂરું થતા તો તેની પત્નીના બધા સપનાઓ તો જાણે એકક્ષણમાં જ ઓગળી ગયા.

'તો... પછી એમ કરો. બિમારીની રજા લઇ લો..!!'

'પણ.. માંદુ કોણ છે ? એક તો મેં શેઠને જણાવ્યું પણ નથી કે આપણે ફરવા જવાના છીએ... જો તે તપાસ કરે કે આ પેકેજ મને પેલી કમ્પનીએ ગિફ્ટ વાઉચરમા આપ્યું છે.. તો... મારી વર્ષોની પ્રામાણિકતા અને વિશ્વાસ પર પાણી ફરી વળે...!!' વશિષ્ઠ ખોટું કરવા તૈયાર નહોતો.

'બળી તમારી પ્રામાણિકતા...ને બળ્યો તમારો વિશ્વાસ.... આટલા વર્ષોની નોકરી પછી તમને મળ્યું છે શું ? અને એક વાર ખોટું બોલી જશો કે મારી દીકરી ખરેખર માંદી છે. તો શેઠ કાંઇ ઘરે થોડા જોવા આવવાના છે ?' પત્નિ ખૂબ પ્રેક્ટિક્લ બની વશિષ્ઠના વર્ષોની પ્રામાણિકતાને તુચ્છ જણાવી રહી હતી.

'સારું.. એમ કરીશ....' ત્રણ શબ્દો પછી વશિષ્ઠે જમવાનુ પૂરું કર્યુ અને આયુધ- રિધ્ધિ પાસે સૂઇ ગયા. રિધ્ધિ તે બન્નેની વાતચીત સાંભળી ચૂકી હતી.

વશિષ્ઠની આંખોમાથી ઉંઘે રજા લઇ લીધી હોય તેમ તે રૂમની છતને તાકીને જોઇ રહ્યો હતો. રિધ્ધિ જાણે પપ્પાની પરિસ્થિતિ પામી ચૂકી હોય તેમ પોતાની નાની હ્થેળીથી પપ્પાના માથે હાથ ફેરવવા લાગી. 'કેમ બેટા, ઉંઘ નથી આવતી....??' વશિષ્ઠે રિધ્ધિ બાજુ પડખું ફેરવ્યું.

'પપ્પા... તમને પણ ક્યાં ઉંઘ આવે છે..? પપ્પા પૈસાની તકલીફ હોય તો આપણે ફરવા નથી જવું.' દીકરીની નાની હથેળીમાં વ્હાલ એટલું હતું કે વશિષ્ઠની આંખો ભરાઇ આવી..

'ના... બેટા.. આ તો રજા પાસ નથી થઇ... એટલે શું કરું તે વિચારતો હતો... પણ એ તો હું ગમે તેમ કરીને તે કરી લઇશ.. તું સૂઇ જા અને વેકેશન ટૂરની તૈયારી કર...' વશિષ્ઠે રિધ્ધિના કપાળે દીર્ઘ ચુંબન કર્યુ અને જાણે પોતાનો બધો'ય ભાર હળવો થઇ ગયો હોય તેમ લાગ્યું.

બીજા દિવસે વશિષ્ઠે પોતાના ઓળખીતા ડૉક્ટર પાસે રિધ્ધિની માંદગીનુ સર્ટિ લઇ લીધું અને કંપનીમા ભારે પગલે શેઠની કેબિનમા પગ મૂક્યો. શેઠ તેમના હાથમાં એક કાગળ વાંચી રહ્યા હતા.

'સર... મારી રજાચીઠ્ઠી.... મારી દીકરીને ઝેરી મલેરિયાની અસર છે... હું અઠવાડિયું કામ પર નહી આવી શકું...!!' વશિષ્ઠે આખરે સાહ્સ કરીને ખોટું બોલી દીધું.

'રજા આપી નથી એટલે બહાનું તો નથીને વશિષ્ઠ...???'' શેઠે ધારદાર નજરથી વશિષ્ઠ સામે જોયું. અને તે ક્ષણે વશિષ્ઠની આંખોમા રહેલુ અસત્ય ક્યાંક પરખાઇ ન જાય એટલે તે આડીઅવળી થઇને સુરક્ષિત ખૂણો શોધવા લાગી અને છેલ્લે તે જમીન તરફ સ્થિર થઇ ગઇ. અને જીભે તેનું પ્રેક્ટિક્લ કામ કર્યું, 'ના... સર....!!'

'સારું મને તારામાં વિશ્વાસ છે કે તું ખોટું નહી બોલે...!!' શેઠના આ શબ્દોથી વશિષ્ઠને થયું કે ખરેખર આજે પહેલીવાર હું મારી નજર ઉંચી નથી કરી શક્તો. તે ચૂપ રહ્યો.

શેઠે કહ્યું, 'સારું રિધ્ધિની સારવારનો ખર્ચ કંપનીમાંથી લઇ લેજે....!' આ શબ્દોથી વશિષ્ઠની આંખોમાંથી ઝળઝળિયા આવી ગયા... અને ફરી અંદરથી સત્ય બેઠું થઇ ગયું.

તે વિશ્વાસથી શેઠને સાચું કહેવા નજીક આવ્યો.. 'સર... સોરી... હું આજે તમારી સામે જુઠું બોલ્યો છું...રિધ્ધિ માંદી નથી..મારે રજા નથી જોઇતી...!' વશિષ્ઠ ઝડપથી કેબિન બહાર નીકળવા લાગ્યો...!!'

'ઉભો રહે વશિષ્ઠ.... તુ આ કંપનીનો સૌથી જુનો અને પ્રામાણિક કર્મચારી છે... તુ જુઠું બોલ્યો તેની સજા થશે...' શેઠની આંખોમાંથી જાણે આગના તણખા ઝરી રહ્યા હતા.

'લે આ કવર...!!' શેઠના ભારેખમ અવાજમાં વશિષ્ઠના પગ થંભી ગયા.

વશિષ્ઠને લાગ્યું કે શેઠે મને પાણિચુ તો નથી પકડાવી દીધુ'ને...??

'સારું.. ખોલ... કવરને ..!!' શેઠનો અવાજ વધુ ભારેખમ હતો.

વશિષ્ઠે ધ્રૂજતા હાથે કવર ખોલ્યું, તેમા એક નાની ચીઠ્ઠી હતી.. અને સાથે બીજું કવર હતુ...!

'તે ચીઠ્ઠી વાંચ...!' શેઠ હજુ ગુસ્સામાં હતા.

નાની ચબરખીમાં મરોડદાર અક્ષરે લખેલું હતું.... 'રજા ચિઠ્ઠી...'

સર જણાવવાનું કે મારા પપ્પાની રજા તમે મંજુર કરી નથી.અમારે ખરેખર ફરવા જવું છે. મારા પપ્પા ક્યારેય ખોટું બોલતા નથી. પણ કાલે રાત્રે જ મને લાગ્યું કે મારા પપ્પા અમારા માટે ખોટું બોલીને તમારી પાસે રજા માંગશે. મારી સ્કૂલની રજા માટે મારા પપ્પા જો રજાચિઠ્ઠી લખતા હોય તો તેમની રજાચિઠ્ઠી હું કેમ ન લખી શકું ? વળી.. પપ્પાને પૈસાની પણ તક્લીફો છે.. જે મને ક્યારેય નહી જણાવે કેમ કે હું તેમની દીકરી છું... દીકરો નહી.....!! હું માંદી નથી. છતાં પણ તમે મારા પપ્પાને રજા આપશો તેવી હું તેમની દીકરી ભલામણ કરું છું.
મારા પપ્પાની વ્હાલી દીકરી 'રિધ્ધિ.'

વાંચતાની સાથે જ વશિષ્ઠની આંખો ઊભરાઇ ગઇ... ગળામાં ડૂમો બાઝી ગયો. તે નિઃશબ્દ બની ઉભો રહી ગયો.

શેઠ ઉભા થઇને તેની નજીક આવ્યા અને કહ્યું. 'વશિષ્ઠ...આ ક્વરમા બીજો કાગળ છે તે તમારી ફેમિલી ટૂરનું યુરોપનું પેકેજ છે. તમારા પાસપોર્ટ, વીઝા થઇ જશે... ખરીદીના વાઉચરો છે...તમારા મનગમતા કપડા ખરીદી લેજો....અને ગોવા જવાની જરૂર નથી....!!' શેઠ પણ દુનિયાદારી જોઈ ચૂક્યા હતા.

વશિષ્ઠ શેઠના ચરણોમા ઝૂકી ગયો..

શેઠે તેને ખભો પકડીને ઉભો કર્યો અને કહ્યું, 'અને.... હા તારી ડાહી રિધ્ધિને કહી દે જે કે મેં તેને લખેલી રજાચિઠ્ઠી મંજુર કરી દીધી છે.'

**સ્ટેટસ :** સત્ય આંખોમા છુપાઇ ગયું ને જીભ પ્રેક્ટિકલ બની ગઇ. સંબંધો રોજ ભલે શૂળીએ ચઢે.
આજે તો મોબાઇલની લાગણીઓ જ ફેશન બની ગઇ.

# વિદ્યાર્થી આલમ

## જીવન જીવવાની કળા

**ચૈતાલી હિરલ શાહ**
૫૦૪, સમત્વ ફ્લેટ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ.
મો.: ૮૪૦૧૧૮૪૧૦૯

જીવન એક સામાજિક તળાવમાં ઊગેલું કમળ છે. આ જીવન એ માનવીને મળેલી ઈશ્વરીય અને ઉત્તમ ભેટ છે. આવી ઈશ્વરીય ભેટ ને વેડફી ન નંખાય. શું જીવનને એમ જ મોજશોખમાં વિતાવી દેવાનું ? એ કેમ બની શકે ? જીવન કેટલું જીવ્યા તે મહત્ત્વનું નથી, કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. આ જીવન જીવવું એ પણ એક કળા છે, એમ કહેવાય છે કે,

*"સમજ્યા વિનાનું જીવવું,*
*ભલે જીવો વરસ હજાર*
*પણ સમજીને જીવી એક ઘડી,*
*તો સમજો બેડો પાર."*

સમય અને જીવન અમૂલ્ય છે. ગુમાવેલી સંપત્તિ કદાચ પ્રયત્ન દ્વારા પાછી મેળવી શકાય છે, પરંતુ પસાર થઈ ગયેલો સમય અને દેહમાંથી નીકળી ગયેલ પ્રાણ ફરી પાછા આવતા નથી. મૃતદેહમાં નવજીવનનો સંચાર કરી શકાતો નથી. ખરેખર મનુષ્યને મળેલું જીવન સર્વથા અમૂલ્ય છે. માનવીએ સેવા, ત્યાગ, પરોપકાર, ધર્મ વગેરેનું આચરણ કરી પોતાનું જીવન સાર્થક કરવા ભગીરથ પ્રયાસ કરવો જોઈએ.

ઈશ્વરે દરેક માનવીને કંઈ ને કંઈ વિશિષ્ટ શક્તિ આપી જ છે. માનવી પોતાની આવી શક્તિને વિકસાવીને તેમજ કેળવીને જીવનમાં આગવી સફળતા મેળવી શકે. માનવી જો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે તો પોતાના ક્ષેત્રમાં અવશ્ય નવા માર્ગનું નિર્માણ કરી શકે છે. અને એ રીતે ખૂબ પ્રગતિ સાધી શકે છે. પણ આજે માનવીને કાંઈ કરવું જ નથી. આજે માનવી એટલો આળસુ બની ગયો છે કે તે પોતાની શક્તિને પૂરેપૂરી ઓળખતો જ નથી તો પછી વિકસાવવાની વાત જ ક્યાં રહી ? તે તો માત્ર બીજાના પગલે પગલે ચાલે છે. જાણે ગાડરિયો પ્રવાહ.... જીવનમાં કેવળ શ્વાસોશ્વાસનું નામ જીંદગી કે જીવન નથી. મનુષ્યે દુનિયામાં પોતાની તાકાતથી, સાચી ખુમારીથી ઉન્નત મસ્તકે અર્થાત્ ગૌરવપૂર્વક જીવવું જોઈએ. એણે પોતાના આદર્શો અને વિચારો રજૂ કરતા પાછી પાની ન કરવી જોઈએ, આવું ત્યારે જ શક્ય બને જયારે મનુષ્યનું આચરણ શુદ્ધ હોય.

આજે ભારતીય સમાજમાં અંદાજે ૧૨૧ કરોડથી પણ વધારે વસ્તી રહે છે. જેમાં દરેક વ્યક્તિ મહાત્મા ગાંધી કે સરદાર પટેલ ન બની શકે. પણ એક સારા નાગરિક તરીકે પોતે જે સમાજમાં રહે છે. તેને વફાદાર રહી જીવે તેમજ સામાજીક પાપનું આચરણ ન કરે તો પણ માનવી ખરા અર્થમાં માનવ બન્યો કહેવાય.

### અધિકાર

**કાકા કાલેલકર**

*કોઈપણ શિક્ષણસંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટ હોઈએ કે કાયમને માટ, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.*

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**નવા શૈક્ષણિક વર્ષનો પાંચ જૂનથી પ્રારંભ થશે. ૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષા લેવામાં આવશે.**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જે અનુસાર ૧૨ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. ૨૦૧૭-૧૮ દરમિયાન વેકેશન સહિત કુલ ૮૦ દિવસની રજા રહેશે.

નવાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ પાંચથી જૂનથી થશે. પ્રથમ સત્ર ૧૫મી ઑક્ટોબર સુધીનું રહેશે. જેમાં ૧૦૬ દિવસ કાર્ય દિવસના રહેશે. ધો.૧૦ અને ધો.૧૨ના તમામ પ્રવાહની પૂરક પરીક્ષાઓ આઠમી જુલાઈથી યોજાશે. શાળાકીય વાર્ષિક પરીક્ષા પાંચથી તેર એપ્રિલ દરમિયાન લેવાશે.

આ સત્રમાં કુલ ૨૪૬ કાર્યદિવસ અને વેકેશન સહિત ૮૦ દિવસની રજા રહેશે. ૧૬ ઑક્ટોબરથી પાંચ નવેમ્બર એમ ત્રણ સપ્તાહનું દિવાળી વેકેશન પડશે. ૬ નવેમ્બરથી ૩૦ એપ્રિલ દરમિયાન ૧૪૦ કાર્યદિવસનું બીજું સત્ર યોજાશે.

**ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૧.૮૯ ટકા પરિણામ:**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૭માં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૧.૮૯ ટકા પરિણામ આવ્યું છે. જે ગયા વર્ષ કરતાં ૨.૮૬ ટકા વધુ છે. બોટાદ જિલ્લાનું સૌથી વધુ પરિણામ છે જ્યારે સૌથી ઓછું પરિણામ છોટાઉદેપુરનું આવ્યું છે. આ વર્ષે પરિણામ વધ્યું છે પરંતુ એ૧ ગ્રેડના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે. આ વર્ષે ૫૮૯ વિદ્યાર્થીઓ એ૧ ગ્રેડમાં આવ્યા છે.

**એકંદરે પરિણામ**

| જાતિ | હાજર | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| વિદ્યાર્થીઓ | ૮૭૫૪૫ | ૭૧૮૩૬ | ૮૨.૦૬ |
| વિદ્યાર્થિનીઓ | ૫૧૧૮૨ | ૪૧૭૬૨ | ૮૧.૬૦ |
| **કુલ** | **૧૩૮૭૨૭** | **૧૧૩૫૯૮** | **૮૧.૮૯** |

**ગ્રૂપવાર પરિણામ**

| ગ્રૂપ | નોંધાયેલા | હાજર | પાસ | ટકાવારી |
|---|---|---|---|---|
| એ | ૬૫૫૯૭ | ૬૪૩૪૭ | ૫૪૫૭૫ | ૮૪.૮૧ |
| બી | ૭૬૩૬૩ | ૭૪૩૫૮ | ૫૯૦૦૪ | ૭૯.૩૫ |
| એબી | ૨૪ | ૨૨ | ૧૯ | ૮૬.૩૬ |
| **કુલ** | **૧૪૧૯૮૪** | **૧૩૮૭૨૭** | **૧૧૩૫૯૮** | **૮૧.૮૯** |

**સેમેસ્ટર સિસ્ટમના છેલ્લા પરિણામ સાથે છેલ્લા દસ વર્ષના પરિણામો:**

આ વર્ષે જાહેર થયેલું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું સેમેસ્ટર સિસ્ટમનું છેલ્લું પરિણામ છે. ૨૦૧૦ પછી લાગુ કરાયેલી સેમેસ્ટર સિસ્ટમ ૧૧-૧૨ સાયન્સમાંથી દૂર કરી દેતા હવે ૨૦૧૮માં એન્યુઅલ પેટર્નથી પરીક્ષા લેવામાં આવનાર છે.

| વર્ષ | પરિણામ | વર્ષ | પરિણામ |
|---|---|---|---|
| ૨૦૦૬ | ૮૨.૫૯ | ૨૦૧૨ | ૬૭.૭૦ |
| ૨૦૦૭ | ૮૩.૫૪ | ૨૦૧૩ | ૯૨.૫૩ |
| ૨૦૦૮ | ૭૫.૮૫ | ૨૦૧૪ | ૯૪.૧૫ |
| ૨૦૦૯ | ૭૩.૫૪ | ૨૦૧૫ | ૮૬.૧૦ |
| ૨૦૧૦ | ૭૫.૭૭ | ૨૦૧૬ | ૭૯.૦૩ |
| ૨૦૧૧ | ૬૯.૧૬ | | |

**અમદાવાદ શહેરનું ૮૫.૯૮ ટકા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ**

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું અમદાવાદ શહેરનું ૮૫.૯૮ ટકા પરિણામ જાહેર થયું છે જે ગયા વર્ષ કરતાં ઓછું છે. આ વર્ષે અમદાવાદ શહેરમાં ગયા વર્ષ કરતા વિદ્યાર્થીઓ વધતા ૧૦૩૩૫ માંથી ૧૦૧૦૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૪૧૭ નાપાસ થયા છે. જ્યારે એ૧ ગ્રેડમાં ૩૫, એ૨ માં ૪૬૩ અને બી૧ માં ૧૦૭૨ વિદ્યાર્થીઓ રહ્યા છે. અમદાવાદ શહેરમાં પાંચ ઝોનમાંથી સૌથી વધુ અસારવા ઝોન (કેન્દ્ર)નું ૯૧.૨૪ ટકા પરિણામ રહ્યું છે.

**સરકારી શાળાઓમાં ૨.૧૧ લાખ વિદ્યાર્થીઓ ઘટ્યા. ખાનગી શાળાઓમાં ૮.૫૭ લાખ વિદ્યાર્થીઓ વધ્યા.**

શિક્ષણ વિભાગના એક રિપોર્ટ અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં સરકારી શાળાઓમાં ૨.૧૧ લાખ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. જ્યારે બીજી તરફ ખાનગી શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યામાં ૮.૫૭ લાખનો વધારો થયો છે, જે ખાનગી શાળાના વધતા જતા પ્રભુત્વને દર્શાવે છે.

શિક્ષણ વિભાગના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૧-૧૨માં સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮,૮૦,૫૨૨ હતી. જે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટીને ૫૬,૬૮,૮૭૭ થઈ છે. એનો અર્થ એ થયો કે પાંચ વર્ષમાં સરકારી શાળામાં ૨,૧૧,૬૪૫ જેટલા વિદ્યાર્થીઓ ઘટ્યાં છે. જ્યારે રાજ્યભરની ખાનગી શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩,૯૩,૨૫૩ હતી. જે વર્ષ ૨૦૧૫-૧૬માં વધીને ૩૨,૫૦,૪૩૩ થઈ છે. ટૂંકમાં ખાનગી શાળાઓનાં ૮,૫૭,૧૮૦ વિદ્યાર્થીઓ વધ્યા છે.

**ફી નિર્ધારણ માટે અમદાવાદ સહિત ત્રણ ઝોનની કમિટી રચી દેવાઈ.**

રાજ્ય સરકાર દ્વારા ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા માટે લાગુ કરાયેલા ફી નિર્ધારણ એક્ટ અંતર્ગત ચાર ઝોનમાંથી ત્રણ ઝોનની કમિટીની રચના કરવામાં આવી છે. જેના સભ્યોના નામ જાહેર કરી દેવાયા છે. અમદાવાદ, સુરત અને રાજકોટ ઝોનની કમિટી રચી દેવાઈ છે. જ્યારે વડોદરા ઝોનની કમિટી જાહેર થવાની હજી બાકી છે. દરેક કમિટીમાં અધ્યક્ષ ઉપરાંત ચાર સભ્ય રહેશે. આ ચારમાંથી એક સભ્ય સી.એ., એક સિવિલ એન્જિનિયર, એક સંચાલક મંડળના પ્રતિનિધિ અને એક શિક્ષણ શાસ્ત્રી રખાયા છે.

**ઝોન વાઈઝ કમિટીના સભ્યો**

| નામ | મૂળ હોદ્દો | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| | **અમદાવાદ ઝોન** | |
| સી.એલ.મીના | નિવૃત્ત અગ્રસચિવ | અધ્યક્ષ |
| આર.સી.રાવલ | નિવૃત્ત નિયામક | સભ્ય |
| વલ્લભભાઈ પટેલ | સંચાલક મંડળ પ્રતિનિધિ | સભ્ય |
| દુર્ગેષ બુચ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |
| નરેન્દ્ર પટેલ | સિવિલ એન્જિનિયર | સભ્ય |
| | **સુરત ઝોન** | |
| અશોક દવે | નિવૃત્ત જિલ્લા ન્યાયાધિશ | અધ્યક્ષ |
| કિશોરસિંહ ચાવડા | શિક્ષણશાસ્ત્રી | સભ્ય |
| જગદીશભાઈ ચાવડા | સંચાલકમંડળ પ્રતિનિધિ | સભ્ય |
| રૂપેન પચ્ચીગર | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |
| પ્રશાંત દેસાઈ | સિવિલ એન્જિનિયર | સભ્ય |
| | **રાજકોટ ઝોન** | |
| એમ.પી.શેઠ | નિવૃત્ત જજ | અધ્યક્ષ |
| વલી મહંમદ નાગાણી | શિક્ષણશાસ્ત્રી | સભ્ય |
| ડી.વી. મહેતા | સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| હિતેશ શાહ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |
| ડી.ડી. ચનિયારા | સિવિલ એન્જીનિયર | સભ્ય |

# ઘરશાળા

## શૈક્ષણિક માસિક

### ઓનલાઈન વાંચવા માટે

**www.saraswatividyamandal.org/publication**

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

સરસ્વતી નાગરિક સમાજ

**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં ભણી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન એટલે**

## સરસ્વતી નાગરિક સમાજ

**નાગરીક સમાજમાં જોડાવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરો**


**ONLINE REGISTRATION**

**www.saraswatividyamandalalumni.com**

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● જુન - ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

## ઘર સાચી શાળા

મા-બાપ એમ માને કે અમે ગમે તેમ વર્તીએ તેમ છતાં અમારાં બાળકોને સંસ્કારી બનાવીશું, તો તેઓની મોટી ભૂલ છે. મા-બાપ અને ઘર, આ દુનિયાની સૌથી મોટી અને બળવાન શાળા છે. ઘરમાં બગડેલાં બાળકોને ભગવાન પણ બચાવી શકશે નહિ.



# ગિજુભાઈ બધેકા

૧૫-૧૧-૧૮૮૫

૨૩-૦૬-૧૯૩૯

## નેવાના પાણી મોભે

બાળકની સાથે કામ પાડવું જેટલું સહેલું છે, તેટલું જ મુશ્કેલ છે. બાળ સ્વભાવનું જ્ઞાન, તેમને માટે ઊંડી લાગણી અને સન્માન, તેમના વ્યક્તિત્વમાં શ્રદ્ધા અને તેમના પરનો અંતરનો પ્રેમ પ્રાપ્ત કરવામાં નેવાનાં પાણી મોભે ચડાવવા પડે છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.